પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®


સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

**સુવિચાર**

ચૂપ થઈ ગયેલો માણસ હંમેશાં રીસાયેલો નથી હોતો.. ઘણીવાર પરિસ્થિતિ વધારે બગડે નહિ એટલા માટે ચૂપ રહેતો હોય છે...

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૯-૫-૨૦૨૫, સોમવાર
વર્ષઃ ૧૪, અંક : ૬૦





Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

## રાજકોટ પોલીસનું મેગા ઓપરેશન

# ૪૧ ગુનેગારોએ ખડકેલા ૩૮ દબાણો પર બુલડોઝર ફરી વળ્યું

### હત્યાથી માંડી દેશી દારૂના ધંધાર્થીઓના ગેરકાયદે મકાન-દુકાનોને જમીન દોસ્ત કરી દેવા વહેલી સવારથી જ ધમધમાટ

### રૈયાધાર, રૈયાગામ અને પરશુરામ ચોકડી સહિતના વિસ્તારોમાં ડીસીપી, એસીપી, પીઆઈ સહિતના પોલીસ કાફલાની હાજરીમાં ડિમોલીશન : રૂ. ૬.૫૨ કરોડની જમીન ખુલ્લી કરાવાઈ



તસવીરઃ શૈલેષ વાડોલીયા





**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ દ્વારા ગુનેગારોએ ખડકી દીધેલા ગેરકાયદે દબાણ ઉપર મેગા ઓપરેશન હાથ ધરી આજે વહેલી સવારથી અલગ અલગ વિસ્તારોમાં ડિમોલિશન શરૂ કરી દેવામાં આવ્યું હતું. શહેર પોલીસની ટીમોએ કુલ ૪૧ ગુનેગારોએ ખડકી દીધેલા મકાન, દુકાન સહિતના ૩૮ ગેરકાયદે દબાણ ઉપર ડિમોલિશન બુલડોઝર ફેરવી રૂ.૬.૫૨ કરોડની જમીન ખુલી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા ૧૦૦ કલાકના એજન્ડા સાથે ગુનેગારોએ કરેલા દબાણ પર બુલડોઝર ફેરવી દેવાની કાર્યવાહીના ભાગરૂપે યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તાર હેઠળ આવતા રૈયાગામ, રૈયાધાર, પરશુરામ ચોકડી સહિતના વિસ્તારોમાં ગુનેગારોએ ખડકેલા ગેરકાયદે દબાણોને આઇડેન્ટીફાય કરવામાં આવ્યા હતા. યુનિવર્સીટી પોલીસ મથકના પીઆઈ એચ એન પટેલ અને પીએસઆઈ વી જી ડોડીયાની ટીમે બારીકાઈપૂર્વક તૈયાર કરેલી યાદીમાં હત્યાથી માંડી દેશી દારૂના કુલ ૪૧ ગુનેગારોએ ખડકેલા ૩૮ દબાણો ધ્યાને આવ્યા બાદ પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી





ઝોન-૨ જગદીશ બંગરવા અને એસીપી રાધિકા ભારાઈના માર્ગદર્શન હેઠળ આજે સવારે આશરે ૬:૩૦ વાગ્યે જ ત્રણેય વિસ્તારોમાં પોલીસની ટીમો બુલડોઝર સાથે પહોંચી ગઈ હતી.

ડીસીપી ઝોન-૨ જગદીશ બંગરવા, એસીપી રાધિકા ભારાઈ અને યુનિવર્સીટી પોલીસના પીઆઈ એચ એન પટેલના નેતૃત્વમાં ત્રણેય વિસ્તારોમાં યુનિવર્સીટી, તાલુકા અને ગાંધીગ્રામ પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડિમોલીશન હાથ ધરી રૂ. ૬,૫૩,૫૦,૦૦૦ ની કિંમતની ૨૬૧૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. રૂ. ૮૨.૭૦ લાખની કિંમતના બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ભાણેજની હત્યા કરનાર હમીર મનજી મેરીયા અને ખુશાલ મેરીયા સહિત હત્યા, જીવલેણ હુમલા, મારામારી, દારૂના ધંધાર્થી સહિતના કુલ ૪૧ ગુનેગારો વિરુદ્ધ ૪૫૬ ગુના નોંધાયેલા હોવાનું પોલીસની યાદીમાં જણાવવામાં આવ્યું છે. આ તમામ ગુનેગારએ ખડકેલા અલગ અલગ વિસ્તારના દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

### ૪૧ ગુનેગારો વિરુદ્ધ અધધધ ૪૫૬ ગુના

| | | | |
|---|---|---|---|
| ૧. ખુશાલ હમીર મેરિયા અને હમીર મનજી મેરિયા - ૦૮ | ૮. ભુપત દીપસિંગ ચૌહાણ - ૧૧ | ૧૮. વિક્રમ કેશુ વાજેલીયા - ૦૯ | ૨૮. ગીતા વિનોદ મકવાણા - ૧૨ |
| ૨. વાલજી સાડમીયા, વનરાજ અને ભરત - ૧૮ | ૯. કિરણ જગદીશ પરમાર - ૦૮ | ૧૯. કંકુ કેશુ વાજેલીયા - ૦૫ | ૨૯. મનસુખ જકસી વાજેલીયા - ૦૮ |
| ૩. તોફીક બસીર ખાંડુ - ૨૧ | ૧૦. રૂપલ મુકેશ મકવાણા - ૨૧ | ૨૦. ચંપા મનસુખ વાજેલીયા - ૧૩ | ૩૦. ડિમ્પલ સાગર સાડમીયા - ૧૦ |
| ૪. રાજેશ બીજલ ભોણીયા - ૧૧ | ૧૧. ચંદા પ્રદીપ મુખરજી - ૧૨ | ૨૧. જાનુ રમેશ વાજેલીયા - ૨૭ | ૩૧. મુની અલ્તાફ પરમાર - ૧૫ |
| ૫. પિયુષ પરેશ ડાભી અને ૠત્વિક પરેશ ડાભી - ૧૨ | ૧૨. જયા રાયધન સાડમીયા - ૧૬ | ૨૨. શહેજાદ સુલતાન જલવાણી - ૦૯ | ૩૨. સાયરા મહેબૂબ મુનશી - ૧૪ |
| ૬. આનંદ રણછોડ પરમાર - ૧૦ | ૧૩. ગુલાબ કમશી સાડમીયા - ૨૦ | ૨૩. રાહુલ રાજુ ચૌહાણ - ૧૧ | ૩૩. લાલા બીજલ ભોણીયા - ૧૬ |
| ૭. પ્રકાશ ડાયા જાદવ - ૧૧ | ૧૪. નીમું રાજુ વઢવાણિયા - ૧૦ | ૨૪. ઉષા વિશાલ વાઘેલા - ૦૭ | ૩૪. હસમુખ બાબુ મકવાણા - ૧૬ |
| | ૧૫. વસંત પ્રવીણ સાડમીયા - ૦૮ | ૨૫. કૌશલ નીતિન મકવાણા - ૧૦ | ૩૫. ભીખા ભનુ અધારિયા - ૧૬ |
| | ૧૬. વસંત બાબુ વાજેલીયા - ૧૦ | ૨૬. નાથી ગોવિંદ ચાણકીયા - ૦૯ | ૩૬. નયના કેશુ જખાનિયા - ૧૪ |
| | ૧૭. રાયસીંગ કેશુ વાજેલીયા - ૦૮ | ૨૭. રાજુ ધીરુ વઢવાણીયા - ૦૫ | ૩૭. કંચન હિતેશ પરમાર - ૦૮ |
| | | | ૩૮. કાજલ સાડમીયા - ૧૩ |

## બહુ થયું.. પચાવી પાડેલી હિંદુઓની મિલકતો ખુલ્લી કરો

# અમદાવાદના સાત સદી જૂના ત્રિકમજી મંદિરને પચાવી પાડનારાઓ પર તવાઈ


### કરોડોની જમીન પર કબ્જો કરી બારોબાર વેંચી મારનાર બે ભૂમાફિયાઓની ધરપકડઃ પાંચની શોધખોળ

**અબતક, રાજકોટ**

અમદાવાદ શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલા ૭૦૦ વર્ષ જુના પ્રાચીન ત્રિકમજી મંદિરની કરોડો રૂપિયાની જમીન ભૂમાફિયાઓએ ગેરકાયદે કબજે કરી બારોબાર વેચી દીધી હોવાની ફરિયાદ નોંધાઈ છે. સાત લોકો વિરૂદ્ધ નોંધાયેલી ફરિયાદમાં બેની ધરપકડ કરવામાં આવી હોવાનું ગાયકવાડ હવેલી પોલીસ મથકે જણાવ્યું છે. આ સાત ભૂમાફિયાઓએ બોગસ દસ્તાવેજ અને ઠરાવ પસાર કરીને ચેરીટી કમિશનરના તાબાની જમીનનો બોગસ વેચાણ દસ્તાવેજ તૈયાર કર્યો હતો.

જાહેર ટ્રસ્ટની માલિકીની જમીનના મામલે હાઈકોર્ટે વેચાણ પર રોક મૂકી હોવા છતાં ૨.૩૬ લાખ કરોડ રૂપિયામાં સોદો કરવામાં આવ્યો છે. જાહેર ટ્રસ્ટ નોંધણી કચેરીના નિરીક્ષક બ્રિજેશ પરમારે ગાયકવાડ હવેલી પોલીસ મથકે આ મામલે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર, જમાલપુરમાં સ્થિત ૭૦૦ વર્ષ જૂના ત્રિકમજી મંદિરની નોંધણી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ ૧૯૫૧માં થઈ હતી. જેમાં ચેરીટી કમિશનર ગુજરાત રાજ્ય દ્વારા ભોગીલાલ ત્રિકમલાલ, મહંત સીયારામ દાસજી, કાંતિલાલ શાહ અને બાબુભાઈ રાવલની ટ્રસ્ટી તરીકે નોંધણી કરવામાં આવી હતી. ત્યારબાદ કોઈ ટ્રસ્ટી ન હોવાથી આ મંદિરની જમીનની માલિકી ચેરીટી કમિશનર કચેરીની થઈ હતી.

(અનુ. આઠમા પાને)




**મંદિરની જમીન પચાવી પાડનારા આરોપી**

૧. બાબુભાઈ ડાહ્યાલાલ શાહ
૨. મોહમંદ અસગર પઠાણ
૩. નિઝામુદ્દીન શેખ રહે. ચંપામીલની ચાલી, જમાલપુર
૪. મોહંમદ બિલાલ શેખ રહે. ચંપામીલની ચાલી,જમાલપુર
૫. ઝીશાન કાદરી રહે.પાકિઝા સોસાયટી, શાહઆલમ
૬. રોહન કાદરી રહે. નિલમબાગ બંગ્લોઝ, શાહઆલમ
૭. સદામહુસૈન કુરેશી રહે. અલહુદા સોસાયટી, શાહઆલમ

## ભારતમાં ફરી કોવિડનો પગ પેસારો

# દેશમાં કોરોનાના નવા ૫૮ કેસઃ મુંબઈમાં બે પોઝિટિવ દર્દીના મોત

### આરોગ્ય વિભાગ એલર્ટ મોડમાં ટુંક સમયમાં નવી ગાઈડલાઈન જાહેર કરાય તેવી સંભાવના



**અબતક, રાજકોટ**

હોંગકોંગ અને સિંગાપોરમાં કોરોનાના કેસમાં સતત વધારો નોંધાયો છે. દરમિયાન ભારતમાં પણ કોરોનાનો ફરી પગ પેસારો થયો છે. મુંબઈની એક ખાનગી હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ રિપોર્ટ આવેલા બે દર્દીઓના મોત નિપજતા દેશભરમાં ફરી ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના આક્રમક ઓપનીંગ બેટસમેન ટ્રેવિસ હેડ પણ કોરોના સંક્રમિત થયો છે. વિશ્વભરમાં ફરી કોરોના ધીમેધીમે માથું ઉંચકી રહ્યો છે.

એશિયાઈ દેશોમાં કોરોનાના નવા કેસમાં છેલ્લા થોડા દિવસોથી વધારો નોંધાઈ રહ્યો છે. હોંગકોંગ અને સિંગાપોરમાં કોરોના કેસ ખૂબજ ઝડપથી વધી રહ્યા છે. લોકોમાં ડરનો માહોલ પેસી ગયો છે. અનેક દર્દીઓના મોત પણ નિપજયા છે. દરમિયાન ભારતમાં પણ કોરોનાના નવા ૫૮ કેસ નોંધાયા છે. મુંબઈની કેઈએમ (કેમ) હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ આવેલા બે દર્દીઓનાં મોત નિપજયા છે. ભારતમાં ફરી કોરોનો ન વકરે તે માટે આરોગ્ય વિભાગ હાલ સર્તક થઈ ગયું છે. આગામી દિવસોમાં વિદેશથી ભારત આવતા લોકો અથવા વિદેશી પ્રવાસ ગયેલા ભારતીયો માટે કોરોના સંદર્ભ નવી ગાઈહલાઈન જાહેર કરવામાં આવશે રાજય સરકારોનો પણ એલર્ટ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં ટેસ્ટીંગ અને ટ્રેસિંગ પર ભાર મૂકવામાં આવશે.

**ટ્રેવિસ હેડ પણ કોરોના સંક્રમિત**

આઈપીએલમાં ખરાબ ફોર્મના કારણે ટુર્નામિનૂટમાંથી લગભગ બહાર ફેંકાય ગયેલી સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ માટે ખરાબ સમાચાર સામે આવ્યા છે. ટીમના આક્રમક ઓપનર ટ્રેવિસ હેડ કોરોના સંક્રમિત બન્યો છે.લખનઉ સુપર જાયન્ટ્સ સામે રમી શકશે નહીં.ટ્રેવિસ હેડની તબિયત હાલ સારી નથી. ટીમના કોચ ડેનિયલ વેટ્ટોરીએ જણાવ્યું હતું કે હેડ કોવિડ-૧૯ થી સંક્રમિત થયા છે. એટલા માટે તે ટીમ સાથે જઈ શક્યા નથી. એસ આર એસ હવે પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયું છે. એલએસજી પાસે હજુ પણ તક છે. જો તેઓ બાકીની મેચ જીતી જાય તો તેઓ પ્લેઓફમાં પ્રવેશ કરી શકે છે.જોકે શકયતા ખૂબ જ નહિવત છે.

## મુંબઈ-ગોવા હાઈવે પર રત્નાગીરી નજીક

# કાર નદીમાં ખાબકતા પાંચ વ્યકિતના મોત

### પૂરપાટ ગતિએ દોડતી એક કાર જગબુડી નદીમાં ખાબકી હતીઃ ડ્રાઈવરનો જીવ બચી ગયો હતો પરંતુ તેને પણ ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને સારવાર અર્થે ખેસડાયો

**અબતક, નવી દિલ્હી**

મુંબઈથી ગોવા જતા હાઈવે પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાના અહેવાલ સામે આવ્યા છે. પૂરપાટ ગતિએ દોડતી એક કાર જગબુડી નદીમાં ખાબકી ગઈ હતી જેના પગલે કારમાં સવાર પાંચ સભ્યોના કરુણ મોત નીપજ્યાં હતા. માહિતી અનુસાર ડ્રાઈવરનો જીવ બચી ગયો હતો પરંતુ તેને પણ ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. કારમાં સવાર તમામ લોકો મુંબઈથી દેવરુખ જઈ રહ્યા હતા. કાર



અકસ્માતના ભયાનક દશ્યો પણ સામે આવ્યા છે. ક્રેઈનની મદદથી કારને નદીમાંથી બહાર કાઢવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તમામ મૃતદેહો કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા અને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

## આજે વિશ્વ ફેમિલી ડોકટર દિવસ

# સંભાળનું ચક્રઃ ડોકટર અને દર્દીની સુખાકારી, સ્વસ્થ ગ્રહ-સ્વસ્થ લોકો

### પહેલા તો દરેક પરિવારનો એક ફેમિલી ડોકટર હતો, જે ઘરનાં બધા સભ્યોની તાસીર જાણતો હતોઃ આરોગ્ય અને રોગ નિયંત્રણમાં તેની ભૂમિકા વિશેષ છેઃ ફેમિલી ડોકટરની સલાહ મુજબ આપણે નિષ્ણાંત ડોકટર પાસે જઈએ છીએ

'ડોકટર' એક એવો શબ્દ જે આપણા જીવનનો એક ભાગ બની ગયો છે, કંઈ પણ નાનુ સુનુ દર્દ હોય કે પછી ગંભીર બિમારી આપણને તે સમયે ડોકટર યાદ આવે છે. આપણા પરિવારમાં નાની માંદગીમાં આપણે આપણા ફેમીલી ડોકટરને પ્રથમ બતાવીએ છીએ, તેમની સલાહ મુજબ જ આપણે નિષ્ણાંત ડોકટર પાસે જઈ એ છીએ, દર્દ કા રિસ્તા સાથે ધરતી ઉપરનો આપણો ભગવાન કે મસીહા એટલે આપણો ફેમીલી ડોકટર પૃથ્વી પર વસતા દરેક માનવી માટે શિક્ષક અને ડોકટરનું અનેરૂ સ્થાનહોય છે આજે વિશ્વ ફેમીલી ડોકટર દિવસ ઉજવાય રહ્યો છે, ત્યારે આપણા પરિવારના આ તબીબને આભાર સાથે સ્માનનો દિવસ પણ ગણાય છે. ૨૦૧૦માં વર્લ્ડ [illegible] ડોકટર્સ દ્વારા સ્થાપના કરાઈ હતી.

પરિવારની આરોગ્ય સંભાળમાં તેની મહત્વની ભૂમિકા હોય છે. ફેમીલી ડોકટર પરિવાર દરેક સભ્યોની સાતીર જાણતો હોય છે.તે લાંબા ગાળાથી પરિવારના દરેક સભ્યેની ટ્રીટમેન્ટ કરી રહ્યા છે. વિશ્વભરમાં ફેમીલી ડોકટરે પરિવારની નિદાન સારવારમાં મહત્વની ભૂમિકા ભજવી છે.તેનો ઈતિહાસ જોઈએ તો ૧૯૩૩માં જયોર્જિયામાં શરૂથયેલ, જયાં પ્રથમવાર ડોકટર્સ ડે ઉજવાયો હતો. આ દિવસે ડોકટર અને તેના પરિવારને કાર્ડ અને ભેટો પણ મોકલાય છે. ૧૯૨૦નાં દશકામાં ડોકટરો અન્ય ક્ષેત્રોમાં નિષ્ણાંત બનવાનું શરૂ કરે છે. ૧૯૭૦માં કૌટુંબીક દવા અને પરિવારના નિવાસ બાજુના જનરલ પ્રેકટીસરની ભૂમિકા અસ્તિત્વમાં આવી હતી. ૧૯૮૦ના દાયકામાં ફેમીલી મેડિસિન ત્રીજો સૌથી મોટો રેસીડેન્ટ પ્રોગ્રામ ધરાવે છે. ૨૦૧૦થી આ દિવસ ઉજવાય રહ્યો છે. આ વર્ષની ઉજવણીથીમ 'સ્વસ્થ ગ્રહ, સ્વસ્થ લોકો' છે, જે ફેમીલી ડોકટરની પૃથ્વી પર વસતા તમામ પરિવાર માટે આરોગ્ય અને રોગ નિયંત્રણમાં તેની મહત્તા દર્શાવે છે. તેમના પ્રયાસોથી સ્વસ્થ ગ્રહ થઈ જતા તમામ લોકો પણ સ્વસ્થ થઈ જશે.



પરિવારના સભ્યો અને દર્દીઓનાં જીવનમાં નોંધપાત્ર પરિવર્તન લાવનાર ફેમીલી ડોકટરો અને પ્રાથમિક સંભાળ ટીમોનો સમર્પણ અને કરૂણાને સ્વીકારવાનો સમય છે. આપણા પરિવારના આ તબીબ પ્રાથમિક સંભાળ સાથે માનસીક સ્થિતિ સ્થાપકતા બનાવે છે. ડોકટરની સુખાકારી અને દર્દીની સંભાળ એક શ્રેષ્ઠ વર્તુળ બનાવે છે. ફેમીલી ડોકટર પોતાના માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિક્તા આપે છે,તેથી તે વધુ સારી સંભાળ પૂરી પાડી શકે, એક સકારાત્મક વાતાવરણનું જોડાણ થતા ડોકટર અને દર્દી બંને ખીલે છે. બદલાતી દૂનિયામાં માનસિક સમસ્યા નિવારણ માટે એક અગત્યનો રોલ પ્રારંભમાં ભજવે છે. ફેમીલી ડોકટર સંભાળવાનું ચક્રઃ ડોકટર અને દર્દીની સુખાકારી.



આપણા ફેમીલી ડોકટર ઘણીવાર ચિંતા, હતાશા અને તણાવ જેવા માનસિક સ્વાસ્થ્ય સંઘર્ષોના સંકેતો સૌ પ્રથમ જુએ છે. દર્દીઓ સાથેના તેમના સતત લાંબા ગાળાના સંબંધો તેમને માનસિક સ્વાસ્થ્ય પડકારોને સક્રિય રીતે ઓળખવામાં મદદ મળે છે. તેઓ અસરકારક અને દયાળુ સંભાળ રાખનાર છે. ફેમીલી ડોકટર આરોગ્ય સંભાળમાં સંપર્કના પ્રથમબિંદુ તરીકે સેવા આપે છે, જે પેઢીઓ સુધી ફેલાયેલી વ્યકિત સંભાળ પ્રદાન કરે છે. તો નિયમિત તપાસથી લઈને ક્રૌનિક પરિસ્થિતિઓ સુધીની આરોગ્ય સંભાળમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

ફેમીલી ડોકટર માત્ર નિદાન=સારવાર જ નહી, પણ સંર્વાગી અભિગમ ફકત શારીરિક સ્વાસ્થ્યને જ નહી પણ ભાવનાત્મક અને સામાજીક સુખાકારીને પણ સંબોધીત કરે છે. કૌટુંબિક દવાએ તબીબી વિશેષતા છે, જે દરેક વય, લિંગ, રોગો અને શરીરના ભાગોમાં વ્યકિત અને પરિવાર માટે સતત અને વ્યાપક આરોગ્ય સંભાળ પૂરી પાડે છે. જેને કૌટુંબિક ચિકિત્સક પણ કહે છે. અગાઉની આપણી જીવન શૈલી અને સમાજ વ્યવસ્થામાં પણ ડોકટરનો રોલ મહત્વનો હતો, આજે વિવિધ પેથીના તબીબો ઘર આસપાસ જોવા મળે છે. આજે તો લોકો મેડીકલ સ્ટોર્સમાંથી સીધી દવા પણ લઈ લે છે. પહેલા દરેક પરિવાર ગમે તે હોય પ્રથમ ફેમીલી ડોકટરને બતાવવા જતા હતા, પણ આજે નિષ્ણાંતોનો વધારો થવાથી તેમનો સંપર્ક કરે છે,સામાન્ય તકલીફમાં લોકો દવા કે ટ્રીટમેન્ટ ઓછી કરાવે છે. અમુક વર્ગ, સરકારી હોસ્પિટલેથી બતાવીને દવા લઈ લે છે. સરકારી દવાખાને કે આરોગ્ય કેન્દ્રમાં દવા લેનારો વર્ગ પણ ઘણો મોટો છે.મફત નિદાન સારવારની સરકારી સુવિધા વધવાથી હવે ફેમીલી ડોકટરનો રોલ ઓછો થઈ ગયો છે. એઈમ્સ પણ રાજકોટમાં થઈ જતા સૌરાષ્ટ્ર-કચ્છમાંથી લાંબાગાળાની તકલીફ વાળા નિદાન સારવાર માટે આવે છે.

### મેડિકલ સાયન્સની પ્રગતિ અને નિષ્ણાંત તબીબો વધતા ફેમીલી ડોકટરનો રોલ ઓછો થયો

વધતી જતી મેડીકલ ફેસીલીટી અને લોકોના સેલ્ફ મેડીસીનને કારણે ફેમીલી ડોકટરની ભૂમિકા આપણા પરિવારમાંથી ઘટી ગઈ છે. મેડીકલ સાયન્સની પ્રગતિ અને નિષ્ણાંત ડોકટરો વધતા ફેમીલી ડોકટરનો રોલ પરિવારમાંથી નિકળી ગયો છે.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

# ધોરાજીમાં ઓપરેશન સિંદુરની સાફલ્ય ગાથાને બિરદાવવા નિકળી તિરંગા યાત્રા

## સેનાના શૌર્યને બિરદાવવા મંત્રી ડો.મનસુખ માંડવિયા, તેમજ સામાજીક-રાજકીય આગેવાનો સહિત પૂર્વ સૈનિકો જોડાયા

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**



પહલગામ પર આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલાના જવાબમાં ભારતીય સૈનિકો દ્વારા આપેલા જડબાતોડ જવાબ અને વિરતાના ભાગરૂપે ધોરાજીના મુખ્યમાર્ગો પર તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી.જેમાં કેન્દ્રીય મંત્રી, ધારાસભ્ય સહિતના રાજકીય તેમજ સામાજીક આગેવાનો, શૈક્ષણિક સંસ્થાઓ દરેક જ્ઞાતિના આગેવાનો, શહેરીજનો તેમજ પૂર્વસૈનિકો અને લોકો પણ જોડાયા હતા

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલ આતંકી હુમલાની ઘટના બાદ ભારત દ્વારા પાકિસ્તાનમાં રહેલ આતંકી અડ્ડાને ભારતીય સૈન્ય દ્વારા એર સ્ટ્રાઈક કરી નાશ કરી દેવામાં આવ્યા હતા. ભારતીય સેનાએ હાથ ધરેલા ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણી તેમજ સેનાના સોર્ય પ્રદર્શનની શૂરવીરતા અને દેશના સ્વાભિમાનના સન્માનમાં રાજ્યના વિવિધ શહેરોમાં તિરંગા યાત્રા યોજવામાં આવી રહી છે. ત્યારે ધોરાજી શહેરના નગરજનોએ રાષ્ટ્રપ્રેમ વ્યકત કરવા એક ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તિરંગા યાત્રામાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા, ધોરાજી ઉપલેટા ના ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયા સહિત અનેક રાજકીય આગેવાનો તેમજ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.. જેમાં ધોરાજીના સરદાર ચોક, કાંતિ પાન ચોક, સ્વાતિ ચોક, અવેડા ચોક, ગેલેક્સી ચોક ખાતે સમાપન થયું હતું તિરંગા યાત્રા દરમ્યાન નાગરિકોએ હાથમાં તિરંગા અને પોસ્ટર સાથે વંદે માતરમ અને ભારત માતા કી જય ના નારા લગાવ્યા હતા. યાત્રામાં જોડાયેલા નાગરિકોએ દેશભકિતની ભાવના સાથે ભારતીય સેનાના પરાક્રમને બિરદાવ્યું હતું.

### સેનાના કૌશલ્યને બિરદાવતા ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલીયા



મોટીમારડ જિલ્લા પંચાયતની શીટ હેઠળ આવતા પંદર ગામોનો સંયુક્ત તિરંગા યાત્રા આપણા ધારાસભ્ય ડો મહેન્દ્રભાઈ પાડલીયાની અદયક્ષતામાં યોજવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને સંગઠન ના કાર્યકરો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# સુત્રાપાડાની શેરીઓમાં ગુંજયા દેશપ્રેમના નારાઃ તિરંગાયાત્રામાં શહેરીજનો ઉમટયાં



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

ઓપરેશન *સિંદૂર*'ના પ્રહારથી દુશ્મનોને ધૂળ ચાટતા કરી, ભારતીય સેનાએ દુનિયાભરમાં દેશના ગૌરવ અને તિરંગાની શાનમાં વધારો કર્યો છે. સેનાના આ અપ્રતિમ સાહસના સમ્માન માટે સુત્રાપાડા શહેર ખાતે નવદુર્ગા મંદિર નાં પટાંગણમાં થી વાછરાદાદા ચોક સુધી ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ.હતી જેમાં રાજકીય આગેવાનો તાલાલા ધારાસભ્ય ભગવાન ભાઈ બારડ પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ ગીર સોમનાથ જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપસિંહ બારડ સુત્રાપાડા નગરપાલિકા પ્રમુખ મનહરભાઈ બારડ સુત્રાપાડા નગરપાલિકા ઉપપ્રમુખ નરેશભાઈ સુત્રાપાડા શહેર પ્રમુખ સુરસિંહ ભાઈ મોરી સુત્રાપાડા શહેર પૂર્વ પ્રમુખ હરેશ ભાઈ મોરી દિપકભાઈ કાશેલા રામભાઈ ચૌહાણ કાડાભાઈ બારડ કાનાભાઈ તેમજ બોહડી સંખ્યા માં રાજકીય આગેવાનો સહિત નગરજનો યુવાનો રાષ્ટ્રભાવનાની આ ઘડીના સાક્ષી બનવા જોડાયા હતા.

# 'ભારત માતા કી જય'ના નારા સાથે ગોંડલવાસીઓ તિરંગા યાત્રામાં જોડાયા

## ધારાસભ્ય ગીતાબા જાડેજાએ તિરંગાયાત્રાને ફ્લેગ ઓફ આપી સેનાના પરાકમને બિરદાવવા લોકો ઉમટયા

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલ આતંકી હુમલાની ઘટના બાદ ભારત દ્વારા પાકિસ્તાનમાં રહેલ આતંકી અડ્ડાને ભારતીય સૈન્ય દ્વારા એર સ્ટ્રાઈક કરી નાશ કરી દેવામાં આવ્યા હતા. ભારતીય સેનાએ હાથ ધરેલા ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણી તેમજ સેનાના સોર્ય પ્રદર્શનની શૂરવીરતા અને દેશના સ્વાભિમાનના સન્માનમાં રાજ્યના વિવિધ શહેરોમાં તિરંગા યાત્રા યોજવામાં આવી રહી છે. ત્યારે ગોંડલ શહેરના નગરજનોએ રાષ્ટ્રપ્રેમ વ્યકત કરવા એક ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોંડલ નાં જેલચોકમાં આવેલ શહીદ ભગતસિંહની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તિરંગા યાત્રા શરૂ થઈ હતી જે ખટારા સ્ટેન્ડ પાસે આવેલ ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તિરંગા યાત્રા પૂર્ણ થઈ હતી. આ તિરંગા યાત્રાને ધારાસભ્ય ગીતાબા જાડેજાએ ફ્લેગ ઓફ કર્યું હતું. તિરંગા યાત્રા દરમ્યાન નાગરિકોએ હાથમાં તિરંગા અને પોસ્ટર સાથે વંદે માતરમ અને ભારત માતા કી જય ના નારા લગાવ્યા હતા. યાત્રામાં જોડાયેલા નાગરિકોએ દેશભકિતની ભાવના સાથે ભારતીય સેનાના પરાક્રમને બિરદાવ્યું હતું. તિરંગા યાત્રામાં નાગરિક બેંક ના ચેરમેન અશોકભાઈ પીપળીયા, રાજકોટ જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ પ્રફુલભાઈ ટોળીયા, રીનાબેન ભોજાણી, નગરપાલિકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી, ઉપપ્રમુખ પરિતાબેન ગણાત્રા, પિન્ટુભાઈ ચુડાસમા, મનસુખભાઈ સખીયા, નગરપાલિકા સદસ્યો તેમજ સંતો મહંતો, ગોંડલ તાલુકા માજી સૈનિક મહામંડળના નિવૃત આર્મીમેનના સભ્યો, SRP જવાનો સહિતના લોકો તિરંગા યાત્રામાં જોડાયા હતા. આ તિરંગા યાત્રાને શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા, જેકીભાઈ પરમાર, બીપીનભાઈ નિમાવત સહિતના લોકોએ સફળ બનાવી હતી.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૦.૫.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ વદ આઠમ , ધનિષ્ઠા નક્ષત્ર, ઐંદ્ર યોગ, બાલવ કરણ આજે સવારે ૭.૩૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મકર (ખ,જ) ત્યારબાદ કુંભ (ગ,સ,શ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** આવકમાં મધ્યમ રહે, આકસ્મિત લાભ થાય, ધાર્યા પરિણામ પ્રાપ્ત કરી શકો, પ્રગતિકારક દિવસ.

**વૃષભ (બ,વ,ઉ) :** સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતને સારું રહે, આગળ વધવાની તક મળે, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો, મિત્રોની મદદ મળી રહે, પ્રગતિકારક દિવસ.

**કર્ક (ડ,હ) :** માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, નેગેટિવ વિચારો આવે, મધ્યમ દિવસ.

**સિંહ (મ,ટ) :** અંગત જીવનમાં સારું રહે, સામાજિક રીતે આગળ વધી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**કન્યા (પ,ઠ,ણ) :** જુના હઠીલા રોગથી સાવધાન રહેવું, વધુ પડતી ચિંતાઓ ટાળવી, પરેજી પાલવ સલાહ છે.

**તુલા (ર,ત) :** સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, કૌટુંબિક પ્રશ્નો ઉકેલી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** નવા આયોજનો વિચારી શકો, તમારા શોખ માટે સમય કાઢી શકો, દિવસ આનંદમાં પસાર થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદ મળી રહે, નવા સંબંધોમાં સારું રહે, યાદગાર દિવસ.

**મકર (ખ,જ) :** આર્થિક બાબતોમાં મધ્યમ રહે, વાણી વર્તનમાં કાળજી લેવી, સત્ય કહેવાની રીત પણ બદલવી પડે.

**કુંભ (ગ,સ,શ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા મેળવી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** ખર્ચ પર અંકુશ રાખવો, નાણાકીય આયોજન કરવું જરૂરી બને, યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બને છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૯-૦૫-૨૦૨૫ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (વેનીલા આઈસ્ક્રીમ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ઈમ્યુનિટી બુસ્ટર ઢોસા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (ગાયનેકલોજી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૦-૦૫-૨૦૨૫ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૦-૫-૨૦૨૫ મંગળવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૫ |
| **તિથી** | વૈશાખ વદ આઠમ પંચક |
| **નક્ષત્ર** | ધનિષ્ઠા |
| **યોગ** | ઐન્દ્ર **કરણઃ** બાલવ |
| **સુર્યોદય** | ૬.૦૭ **સુર્યાસ્તઃ** ૭.૨૧ |
| **ચંદ્ર રાશી** | મકર મંગળવારે સવારે ૭.૩૫થી કુંભ |
| **રાશિ અક્ષર** | ખ.જ/ગ.શ.સ |
| **દિશાશૂળ** | ઉત્તર દિશા તરફ |
| **રાહુકાળ** | બપોરે ૩ થી ૪.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ |
| **રાત્રીનાચોઘડીયા** | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૧૭ થી ૧.૧૦ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૦૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | | | ૭ | ૨ |
| | ૭ | ૨ | | | ૩ | ૬ | ૯ | |
| | | | ૫ | | | | ૩ | ૪ |
| | ૧ | | | ૮ | ૬ | ૪ | ૨ | ૫ |
| | | ૮ | ૩ | | | | | ૭ |
| ૯ | | | ૭ | | | | | |
| | ૫ | ૧ | | ૩ | | | | ૯ |
| ૪ | | | | | ૧ | ૭ | | |
| ૨ | | ૩ | | ૯ | | ૮ | | ૧ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૦૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૭ | ૪ | ૬ | ૧ | ૯ | ૮ |
| ૭ | ૯ | ૮ | ૨ | ૧ | ૫ | ૪ | ૬ | ૩ |
| ૪ | ૧ | ૬ | ૯ | ૮ | ૩ | ૨ | ૫ | ૭ |
| ૬ | ૪ | ૩ | ૫ | ૭ | ૨ | ૮ | ૧ | ૯ |
| ૫ | ૨ | ૧ | ૮ | ૯ | ૪ | ૩ | ૭ | ૬ |
| ૯ | ૮ | ૭ | ૩ | ૬ | ૧ | ૫ | ૪ | ૨ |
| ૩ | ૫ | ૯ | ૧ | ૨ | ૭ | ૬ | ૮ | ૪ |
| ૮ | ૬ | ૨ | ૪ | ૫ | ૯ | ૭ | ૩ | ૧ |
| ૧ | ૭ | ૪ | ૬ | ૩ | ૮ | ૯ | ૨ | ૫ |

# સૌરાષ્ટ્રમાં સરેરાશ ૨૩ ઈંચ જેટલો વરસાદ પડશે: વર્ષ ૧૫ આની રહેશે

## જુનના પ્રથમ પખવાડીયામાં ગુજરાતમાં વાવણી લાયક વરસાદના યોગ: ચોમાસામાં ૫૬ દિવસ વરસાદી વાતાવરણ રહેશે: જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયો વર્ષા-વિજ્ઞાન પરિસંવાદ






**અબતક, દર્શન જોશી , જૂનાગઢ**

ગુજરાતમાં જૂન માસના પ્રથમ સપ્તાહમાં જ વાવણી લાયક વરસાદ પડી જશે. સૌરાષ્ટ્રમાં સરેરાશ ૨૩ ઈંચ જેટલો વરસાદ પડશે. વર્ષ ૧૨થી ૧૫ આની રહેશે. ચોમાસાની સિઝનમાં ૫૬ દિવસ વરસાદી વાતાવરણ રહેશે.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે તાજેતરમાં યોજાયેલ ૩૧ માં વરસાદ વિજ્ઞાન પરિસંવાદમાં લગભગ ૫૦ જેટલા આગાહીકારો માંથી મોટાભાગના આગાહીકારોના મતે વર્ષ ૨૦૨૫ માં સરેરાસ વરસાદ ૧૪ થી ૧૬ આની જેટલો પડે તેવું પૂર્વાનુમાન કરવામાં આવ્યું છે. તથા ચોમાસુ વહેલું બેસે અને જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં વાવણીની શક્યતાઓ દર્શાવી છે. તે સાથે પાક માટે સમગ્ર વર્ષ અનુકૂળ માહોલમાં રહેશે, તેમજ ઓક્ટોબર માસમાં ચોમાસાની વિદાય થશે છે તેવા અનુમાન સાથે વાયરા વિશે આગાહી કરતા આગાહીકારોએ જુન, જુલાઈમાં બે વાવાઝોડા થશે તેવું અનુમાન પણ કર્યું છે.

આ સાથે આગાહીકારોના મતે જૂન મહિનામાં તા. ૧૦ થી ૧૪, અને તા. ૨૫ થી ૩૦ એમ કુલ ૧૨ દિવસ, જુલાઈ મહિનામાં તા. ૩ થી ૧૩ અને ૨૧ થી ૨૫ એમ ૧૬ દિવસ, ઓગસ્ટ મહિનામાં તા. ૭ થી ૧૨ અને તા. ૨૨ થી ૨૭ એમ કુલ ૧૨ દિવસ, સપ્ટેમ્બર મહિનામાં તા. ૫ થી ૯ અને તા. ૧૯ થી ૨૩ એમ કુલ ૧૦ દિવસ તથા ઓક્ટોબર મહિનામાં તા. ૩ થી ૮ એમ કુલ ૬ દિવસ મળી આ વર્ષે કુલ ૫૬ દિવસ વરસાદી રહેશે તેવું અનુમાન સામે આવ્યું છે.

જો આગાહીકારો એ કરેલ સૌરાષ્ટ્રમાં જિલ્લા વાર વરસાદનું પૂર્વાનુમાન જોઈએ તો, જુનાગઢ જિલ્લામાં ૪૦ ઈંચ / ૧૫ આની, ગીર સોમનાથમાં ૩૮ ઈંચ / ૧૪ આની, પોરબંદર જિલ્લામાં ૩૬ ઈંચ / ૧૩ આની, અમરેલી જિલ્લામાં ૩૪ ઈંચ / ૧૨ આની, રાજકોટ જિલ્લામાં ૩૨ ઈંચ / ૧૨ આની, ભાવનગર જિલ્લામાં ૩૦ ઈંચ / ૧૨ આની, બોટાદ જિલ્લામાં ૨૮ ઈંચ / ૧૧ આની, સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૪ ઈંચ / ૧૦ આની, મોરબી જિલ્લામાં ૨૦ ઈંચ / ૧૦ આની, જામનગર જિલ્લામાં ૨૬ ઈંચ / ૧૧ આની, દેવભૂમિ દ્વારકામાં ૨૨ ઈંચ / ૧૦ આની, આમ એકંદરે સૌરાષ્ટ્રમાં ૨૩ ઈંચ જેટલો એટલે કે ૧૨ આની થી ૧૫ આની વરસાદ થવાનું પૂર્વાનુમાન આગાહીકારો દ્વારા કરવામાં આવ્યું છે.વર્ષા વિજ્ઞાન મંડળ સાથે જોડાયેલા આગાહીકારો આકાશમાં ગર્ભ બંધાતા તેના નિરીક્ષણો, વનસ્પતિના નિરીક્ષણો, પશુ - પક્ષીઓની ચેષ્ટાઓ, કીડી, મકોડા અને માખીઓનું હલનચલન, હવામાનમાં ભેજ, ગરમી ઠંડીની અસર, ભડલી વાક્ય અને જ્યોતિષ વિજ્ઞાનના આધારે વરસાદની આગાહી કરે છે. તથા ગત વર્ષે ૩૦ માં વરસાદ વિજ્ઞાન પરીસંવાદમાં ઉપસ્થિત ૩૦ માંથી ૫ આગાહીકારોની પરંપરાગત જ્ઞાનના આધારે ૧૦૦ ટકા આગાહી સાચી પડી હતી, અન્ય ૭ આગાહીકારોની એક જિલ્લાને બાદ કરતાં ૯૦ ટકા આગાહી સાચી પડી હતી, એકંદરે ૬૦ ટકા જેટલી આગાહી સાચી રહી હતી.

દરમિયાન જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષા વિજ્ઞાન મંડળ અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા આયોજિત ૩૧ મો વિજ્ઞાન મંડળ પરીસંવાદ યોજાયો હતો જેમાં રાજ્યના વિવિધ ક્ષેત્રના નિષ્ણાંત આગાહીકારો, કૃષિ યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના વડા ડીન, પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા તે સાથે રાજ્યના કૃષિ અને જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ સહભાગી બન્યા હતા.

કૃષિ મંત્રી એ આ પરિસંવાદને ખુલ્લો મુકતા અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું કે, આપણી સંસ્કૃતિના ભાગરૂપ વરસાદની આગાહી માટેના પરંપરાગત જ્ઞાનનો વારસો ખેડૂતો માટે માર્ગદર્શક અને ઉપયોગી તો છે જ. આ સાથે આપણું પરંપરાગત જ્ઞાન જળવાઈ રહે તે પણ એટલું જ જરૂરી છે.

મંત્રી એ વર્ષા વિજ્ઞાન મંડળને પરંપરાગત જ્ઞાનને સાચવી રાખવા અને તેના જતન માટે પણ વિશેષ અભિનંદન આપ્યા હતા. ઉપરાંત આ પરંપરાગત જ્ઞાનના વાહકોને આવનારી પેઢીને આપવા અનુરોધ કર્યો હતો.


### જાહેર નિવિદા નં.-૧/૨૦૨૫-૨૬

લોધીકા તાલુકા પંચાયત દ્વારા ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ ખાતાની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ લોધીકા તાલુકાની મજુર બાંધકામ સહકારી મંડળીઓ પાસેથી અલગ અલગ કુલ -૦૬ કામ માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે, શરતો તેમજ વધુ વિગત કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે.

ટેન્ડર ફોર્મ રજાના દિવસો સિવાય બપોરના ૧૪-૦૦ થી ૧૭-૦૦ કલાક સુધી મંડળીનું અદ્યતન રજીસ્ટ્રેશન, સોલવંસી સર્ટીફિકેટ, ઈન્કમ ટેક્ષ ક્લીઅરન્સ સર્ટીફિકેટ, મંડળી બ્લેક લીસ્ટમાં ન હોવા અંગેની ખાત્રીનો આધાર, મંડળી વતી તમામ કામગીરી કરવા સુપ્રત કરાવેલ સત્તાનાં ઠરાવનો આધાર તેમજ મંડળીના હાલ ચાલુ કામોની યાદી સાથે ટેન્ડર ફી ભર્યાનું ચલણ રજુ કર્યેથી આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ક્રમ | ૧ થી ૬ |
| ૨ | ટેન્ડર ફી (કામ દીઠ) | રૂ. ૭૦૦/- |
| ૩ | નિયતવર્ગીકરણ શ્રેણી | 'ખ' અથવા ઉપરનો વર્ગ |
| ૪ | ટેન્ડર કોપી ઈસ્યુકરવાની તારીખ | તા. ૨૦-૦૫-૨૦૨૫ થી તા. ૩૦-૦૫-૨૦૨૫ ના રોજ ૧૭-૦૦ કલાક સુધી |
| ૫ | ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ | તા.૦૫-૦૬-૨૦૨૫ના રોજ કચેરી સમય દરમ્યાન |
| ૬ | ટેન્ડર ખોલવાની તારીખ | તા.૦૬-૦૬-૨૦૨૫ના રોજ ૧૨-૦૦ કલાકે |

ઉપરોક્ત ટેન્ડર ક્રમ નં. ૧ થી ૬ પરના કામના ટેન્ડર ઉપર દર્શાવ્યા મુજબની તારીખ સુધીમાં સીલબંધ કવરમાં રજી.પોસ્ટ એ.ડી. મારફતે તાલુકા પંચાયત કચેરી - લોધીકા, લોધીકા પોલીસ સ્ટેશન સામે, સાંગણવા રોડ, લોધીકા - ૩૬૦૦૩૫ ખાતે પહોંચતા કરવાનાં રહેશે અને જે ટેન્ડરો ઉપરોક્ત સમય મર્યાદામાં રજુ થયા હશે તેના જ ભાવો ધ્યાનમાં લેવામાં આવશે.

શરતો:- (૧) ટેન્ડર રકમથી ઉંચા ભાવો ભરી શકાશે નહીં. (૨) ફક્ત રાષ્ટ્રીયકૃત/શેડ્યુલ બેંકની ચાલુ કેલેન્ડર વર્ષની સોલવંસી જ માન્ય ગણવામાં આવશે. (૩) ટેન્ડર ફી કોઈપણ સંજોગોમાં પરત મળશે નહીં. (૪) શરતી ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહીં તથા અધુરી વિગતો વાળા ટેન્ડરો રદ ગણાશે. (૫) ઉપરોક્ત કામો માટે આવેલ કોઈપણ એક અથવા બધા જ ટેન્ડરો મંજુર કે નામંજુર કરવા અંગેનાં અધિકાર નીચે સહિ કરનારને અબાધીત રહેશે.

વિલાસબેન વી. મોરડ, પ્રમુખ, તાલુકા પંચાયત લોધીકા
પ્રદીપકુમાર આર. સિંધવ, તાલુકા વિકાસ અધિકારી, લોધીકા


# સાયબર ક્રાઈમ અટકાવવા લોકોની સજાગતા અનિવાર્ય: ડીજીપી વિકાસ સહાય

## જૂનાગઢના મહેમાન બનેલા ડીજી વિકાસ સહાયે સાઈબર ક્રાઈમ અંગે આપ્યુ વિશેષ માર્ગદર્શન

**અબતક, દર્શન જોષી, જૂનાગઢ**

જૂનાગઢના મહેમાનો બનેલા રાજ્યના ડીજીપી વિકાસ સહાય એ સાયબર ક્રાઈમ અવર નેશનને લઈને ચિંતા વ્યક્ત કરી હતી તેમણે જણાવ્યું હતું કે, પોલીસ સતર્ક છે, છતાં માનવું પડે છે કે દિન પ્રતિદિન સાયબર ક્રાઈમ વધી રહ્યું છે, ત્યારે સાયબર ક્રાઈમ સાથે લોકોએ જાગૃત થવાની જરૂર છે. સાયબર ક્રાઈમ ત્યારે જ બને જ્યારે વિકટીમ ભૂલ કરે છે અને સાઈબર ક્રાઈમ સફળ થાય છે, પરંતુ વિકટીમે જાતે સજાગ બનવું જોઈએ, અને કોઈપણ પ્રલોભનમાં ફસાવું જોઈએ નહી, અને બીજી બાજુ સાયબર ક્રાઈમને નાથવા રાજ્ય સરકાર દ્વારા અસરકારક પગલા લેવામાં આવ્યા છે તથા આમ લોકોને ખાતરી આપી હતી કે, ગુજરાત પોલીસ હમેશા તમારી સુરક્ષા માટે તત્પર છે.

રાજ્યના ડીજીપીએ શનિવારે જુનાગઢ ખાતે જણાવ્યું હતું કે, પોલીસે માટે મહિલા અને બાળકોની સુરક્ષા, ફાઈટ અગેન્સ્ટ નાર્કોટિક્સ ડ્રગ્સ અને સાયબર ક્રાઈમ આ ત્રણ મુખ્ય ચેલેન્જીંગ કામગીરી છે, અને પોલીસ દ્વારા તેની સામે કડક અને ખૂબ જ સારી રીતે કામગીરી થઈ રહી છે.રાજ્યમાં છેલ્લા એક મહિનામાં શરીર સંબંધી ગુનામાં ૧૦%નો ઘટાડો થયો છે, તેમ જણાવી વિશેષ માહિતી આપી હતી કે, અસામાજિક તત્વો સામેની પોલીસની કામગીરીના સ્વરૂપે એપ્રિલ મહિનામાં ૭૪ ગુના, હત્યાની કોશિશના ૫૧ ગુના તથા શરીર સંબંધી ૧૧૨૨ ગુનાઓ નોંધાયા છે. તથા રાજ્યભરમાં ગુન્હાખોરીને ડામવા ૩૦ દિવસમાં ૬૯ જેટલી એફઆઈઆર દાખલ કરવામાં આવેલ છે, અને આરોપીને પકડી લેવામાં આવ્યા છે. આ સાથે ઘણા લાંબા સમયથી નાસ્તા ફરતા ૫૮૨ ઈસમોને ઝડપી લેવાયા છે, તેમાંથી ૩૩૯ શખ્સો તો છેલ્લા એક વર્ષથી ફરાર હતા.

ડીજીપી વિકાસ સહાયએ જણાવ્યું હતું કે, લોકોમાં એક પ્રકારની સલામતી, સંતોષ અને પોલીસમાં વિશ્વાસ ભાવના પેદા થાય એવા હેતુ સાથે રાજ્યભરના પોલીસ સ્ટેશનોમાં સો કલાકમાં ગુનેગારોની યાદી કરવાની સૂચના આપવામાં આવી હતી, અને બાદમાં તે ગુન્હેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. જેના કારણે ગુનેગારો ભયમાં છે તથા જે ગુનેગારોએ સરકારી જમીન પર બાંધકામ કર્યું હતું, એવા રાજ્યના ૫૨૧ બાંધકામોનું ડિમોલેશન કરવામાં આવ્યું હતું અને ગેરકાયદેસર વિવિધ જોડાણ લેનાર ૭૯૯ ઈસમોના વીજ જોડાણ કાપી નાખવામાં આવ્યા હતા.



### તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત

### પોલીસે ૧-માસમાં ૨૨ કરોડના મુદ્દામાલ મુળ માલીકને સોંપ્યો

ગુજરાત પોલીસે છેલ્લા એક મહિનામાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમમાં અંતર્ગત ૬૬૯ પ્રોગ્રામ કરીને ૨૨ કરોડનો મુદ્દામાલ રિકવર કરી તેના મૂળ માલિકને સુપ્રત કર્યો છે, જ્યારે ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી અંતર્ગત ૧૫૧૩ કાર્યક્રમનું આયોજન કરીને સ્થાનિક લોકો સાથે પોલીસે સીધો સંવાદ કરી તેના પ્રશ્નોનું નિરાકરણ અને સમસ્યાનો ઉકેલ લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે.

### રાજ્યના ૧૬૦૦ કિ.મી. દરિયા કિનારાની ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા

ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરથી વધુ લાંબા દરિયા કિનારાની સુરક્ષા માટે ૨૨ કોસ્ટલ પોલીસ સ્ટેશન બનાવાયા છે અને તેમને ઈન્ટરસેપટર બોટ આપવામાં આવી છે. જે સતત પેટ્રોલિંગ કરી રહી છે, તથા ગુજરાત પોલીસ નેવી તથા કોસ્ટ ગાર્ડના સંકલનમાં રહે છે. આ સાથે ગુજરાતમાં સોમનાથ, દ્વારકા જેવા ધાર્મિક સ્થળો તથા રિફાઈનરી આવેલી છે તેમના રક્ષણનું પણ પોલીસ દ્વારા ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. અને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.


### જાહેર નિવિદા

પાલીતાણા તાલુકાના જાળીયા (અમ) ગામે નીચે મુજબના કામ અંગેના લાગુ મટીરીયલ્સ - મજુરીના ભાવ દિવસ - ૦૭ માં બંધ કવરમાં રજી. એડી / રૂબરૂ પહોંચાડવા ટેન્ડરની શરતો પંચાયતના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરેલ છે. જેનું પાલન કરવાની શરતે

| ક્રમ | યોજના | કામનું નામ | વર્ષ | અંદાજીત રકમ |
|---|---|---|---|---|
| (૧) | ૧૫મું નાણાપંચ ગ્રા.કક્ષા | અન્ડરગ્રાઉન્ડ ગટર | ૨૪/૨૫ | ૨૨૦૮૪૭/- |
| (૨) | ૧૫મું નાણાપંચ ગ્રા.કક્ષા | વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ પાઈપનું કામ | ૨૪/૨૫ | ૧૦૦૦૦૦/- |
| (૩) | ૧૫મું નાણાપંચ તા.કક્ષા | સેગ્રીગેશન શેડ | ૨૦૨૫/૨૬ | ૫૦૦૦૦૦/- |

લી. વહીવટદારશ્રી, જાળીયા (અમ) ગ્રામ પંચાયતશ્રી

### કહ્યામાં નથી

આથી અમો એડવોકેટ એન્ડ નોટરી રમેશકુમાર.બી.ગોહિલ પાલીતાણા તે અમારા અસીલ હર્ષદભાઈ બાબુભાઈ બારૈયા, રહે.પાલીતાણા, ઠે.તળાવ વિસ્તાર, ગોરજીની વાડી, તા.પાલીતાણા, જી.ભાવનગરવાળાની સુચનાનુસાર આ નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે,...

ઉપરોક્ત ફોટાવાળા અમારા અસીલના પુત્ર છે અને તેઓ અમારા અસીલના કહ્યામાં નથી અને મનસ્વી જીવન જીવે છે. આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે અમારા અસીલના નામે ઉપરોક્ત ફોટાવાળા સાથે કોઈપણ જાતનો નાણાકીય વ્યવહાર કરવો નહી અને જો કરશે તો અમારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી જેની જાહેર જનતાને જાણ કરવામા આવે છે.

તા.૧૭/૦૫/૨૦૨૫



નરેન્દ્રકુમાર હર્ષદભાઈ બારૈયા

આર.બી.ગોહીલ એડવોકેટ એન્ડ નોટરી
પાલીતાણા, કોર્ટની બાજુમાં, મો.નં.૯૨૨૮૭ ૨૩૧૬૭

### પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન

**વિવિધ વિદ્યુત કાર્યો**

**ટેન્ડર નોટિસ નં. DRM/RJT/ E TENDER/ 2025-2026/09&10(EL) DT. 15.05.2025**

કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે , કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360 001 વેબસાઈટ વિગત: "www.ireps.gov.in" 1.ટેન્ડર નં.: DRM/RJT /EL /2025-2026 /09 (i) કાર્યનું નામ: રાજકોટ ડિવિઝન: IIOT આધારિત રાજકોટ અને જામનગર સ્ટેશન પર એસ્કેલેટરનું ઓનલાઇન દેખરેખ અને નિયંત્રણ. (ii) અંદાજિત કિંમત: ₹11,77,476/- (iii) EMD કિંમત: ₹23,600/- 2. ટેન્ડર નંબર: DRM/RJT/EL/2025-26/10 (i) કામનું નામ: રાજકોટ ડિવિઝનના વિદ્યુત વિભાગના વિવિધ સ્થળોએ સ્થાપિત અગ્નિશામક ઉપકરણોના રિફિલિંગ, હાઇડ્રોલિક પરીક્ષણ, જાળવણી અને સ્પેરપાર્ટ્સનું રિપ્લેસમેન્ટ ૨ વર્ષ માટે. (ii) અંદાજિત કિંમત: ₹6,65,563.86/- (iii) EMD કિંમત: ₹13,300/- (iv) ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય: 16.06.2025 ના રોજ 15.00 કલાક સુધી. 029

અમને લાઈક કરો: facebook.com/WesternRly

### પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન

**વિવિધ એન્જિનિયરિંગ કામો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 08 વર્ષ 2025-26 તારીખ 16/05/2025**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત એન્ગેજમેન્ટ કિંમત | અર્નેસ્ટ મની |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-18 | રાજકોટ વિભાગ:ભખતર ખાતે CPWI માટે પ્રસ્તાવિત ક્વાર્ટર. | 24,66,686.78 | 49,300.00 |
| 2 | DRM-RJT-2025-26-E-19 | રાજકોટ વિભાગ: - (૧) સહાયક વિભાગીય ઇજનેર - સુરેન્દ્રનગર વિભાગ હેઠળ લીક પ્રૂફ ટ્રીટમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ દ્વારા RUB/LHS માં સુધારો. (૨) સહાયક વિભાગીય ઇજનેર - વાંકાનેર વિભાગ હેઠળ લીક પ્રૂફ ટ્રીટમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ દ્વારા RUB/LHS માં સુધારો અને (૩) સહાયક વિભાગીય ઇજનેર રાજકોટ વિભાગ હેઠળ લીક પ્રૂફ ટ્રીટમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ દ્વારા RUB/LHS માં સુધારો. | 6,88,33,588.13 | 4,94,200.00 |
| 3 | DRM-RJT-2024-25-E-88R | રાજકોટ વિભાગ: ફેઝ-૧ હેઠળ મુળી રોડ, સમપરડા, થાન અને વાગડિયા યાર્ડની પેસેન્જર રનિંગ લાઇનોનું સુધારણા અને અપગ્રેડેશન. | 5,38,56,690.88 | 4,19,300.00 |

ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 09/06/2025, 15:00 કલાક. ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (Eng.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360 001 વેબસાઈટ: www.ireps.gov.in 030

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

નં.જન્મ-મરણ કેસ નં.૪૬/૨૦૨૫

પ્રતિ,
રૈયાણી દિનેશભાઇ મગનભાઇ,
રહે. લાસા, ગામ-લાસા, તાલુકો-ખાંભા, જિલ્લો-અમરેલી ..........અરજદાર
વકીલશ્રી, એ.એમ.વાઘમશી ગીરગઢડા

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નાળીયેરી મોલી, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ ..........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ખાંભા તાલુકાના લાસા ગામના રહીશ રૈયાણી દિનેશભાઈ મગનભાઈ તથા રૈયાણી વિલાસબેન દિનેશભાઈના પુત્રી રૈયાણી નિરાલી દિનેશભાઈનો જન્મ તારીખ ૦૧/૦૧/૧૯૯૮ના રોજ ગીરગઢડા તાલુકાના નાળીયેરી મોલી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, નાળીયેરી મોલી, તાલુકો-ગીરગઢડા સને-૧૯૯૮ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફ્તરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૫/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

નં.જન્મ-મરણ કેસ નં.૩૯/૨૦૨૫

પ્રતિ,
શ્રી રાણપરીયા અશ્વીનભાઈ દેવસીભાઈ
રહે. વડલી, ગામ-વડલી, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર
વકીલશ્રી, એ.એમ.વાઘમશી ગીરગઢડા

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, વડલી, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ ..........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના વડલી ગામના રહીશ રાણપરીયા અશ્વિનભાઈ દેવસીભાઈ તથા રાણપરીયા મનીષાબેન અશ્વિનભાઈના પુત્રી રાણપરીયા ક્રિષ્ના અશ્વિનભાઈનો જન્મ તારીખ ૧૨/૦૫/૧૯૯૯ના રોજ ગીરગઢડા તાલુકાના વડલી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, વડલી, તાલુકો-ગીરગઢડા સને-૧૯૯૯ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફ્તરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૫/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

### શ્રદ્ધાંજલિ



**સ્વ. પી.ડી. ગઢવી (વિદ્વાન એડવોકેટશ્રી)**

પૂર્વ ચેરમેન - કો. કો. બેન્ક, જૂનાગઢ
પૂર્વ મેનેજીંગ ડિરેક્ટર - કો. કો. બેન્ક, જૂનાગઢ

જન્મ તા.૦૫-૦૫-૧૯૫૦ • સ્વ.તા.૧૭-૦૫-૨૦૨૫

ચંદનની જેમ સર્વત્ર સુવાસ પ્રસરાવી, જીવનના આરંભથી અંત સુધી
કાર્યરત રહી, નિ:સ્વાર્થ સેવા પરાયણતા,
જીવનના નૈતિક મુલ્યો પરત્વેનો આપનો શ્રેષ્ઠ અભિગમ
હરહંમેશ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.

ડોલરભાઈ કોટેચા
(પૂર્વ ચેરમેનશ્રી)

| સાગરભાઈ કોટેચા | આશિષભાઈ માંકડ | સુજલભાઈ દોશી | રાજેશભાઈ મારડિયા |
|---|---|---|---|
| (ચેરમેનશ્રી) | (એમ.ડી.) | (વા.ચેરમેનશ્રી) | (સી.ઈ.ઓ) |

તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને કર્મચારી ગણ
ધી. જૂનાગઢ કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્ક લી. (0%NPA)

## તંત્રી લેખ

# દુશ્મનના દોસ્તનો બહિષ્કાર કરવાનો નિર્ણય દેશભક્તિનો સંદેશ

જમ્મુ કાશ્મીરમાં પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા પ્રવાસીઓ પર ધર્મ પૂછીને કરવામાં આવેલા હુમલા બાદ આતંકીનો ખાત્મો કરવા ભારતીય સેના દ્વારા ઓપરેશન સિંદૂર હાથ ધરવામાં આવ્યું હતું.જેના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ જેવું નિર્માણ થઈ જવા પામ્યું હતું.આ વેળાએ ભીખુ પાકિસ્તાનને મદદ કરનાર તુર્કી અને અઝારબેજન જેવા બે રાષ્ટ્રોએ મદદ કરી હતી.માત્ર ત્રણ દિવસમાં પાકિસ્તાન ભારતના ઘૂંટણિયે પડી ગયું હતા.ભારતની લડાઈ આતંક સામે હતી આવામાં આતંકીઓ પોષતા પાકિસ્તાનને મદદ કરી આડકતરી રીતે આતંકને પ્રોત્સાહન આપનાર બે દેશ સામે ભારતીય લોકોમાં હાલ રોષ ભભૂકી ઉઠયો છે. બંને દેશોનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે.દિલ્હીમાં મળેલા સી એ આઈ ટીના સંમેલનમાં પણ ૧૨૫ થી વધુ વેપારી સંગઠનોએ પાકિસ્તાનને સપોર્ટ કરનાર તુર્કી અને અઝરબૈજાન પ્રવાસ અને માલ સામનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે.દેશની જનતા પણ આ બંને દેશની ચીજ વસ્તુની ખરીદી કરવાનું ટાળી રહી છે.સાથો સાથ પ્રવાસ પણ ધડાધડ કેન્સલ કરાવી રહી છે.ભારતની જનતા અને વેપારી સમુદાય દ્વારા વિશ્વને આ એક મોટો સંદેશ છે કે અમે શાંતિ ઈચ્છીએ છીએ.અમારી શાંતિ હણવાનો પ્રયાસ કરનાર કોઈ પણ વ્યક્તિ કે દેશને અમે શાસ્ત્રો અથવા આર્થિક બહિષ્કાર કરીએ કડક પાઠ ભણાવીશું.

તુર્કી અને અઝરબૈજાન આ બંને દેશોએ યુધ્ધની સ્થિતિમાં પાકિસ્તાનને સપોર્ટ કર્યો હતો.ગુજરાત સહિત દેશભરની જનતા આ બન્ને દેશોનો પ્રવાસ ન ખેડે અને તેનો આર્થિક બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે.ભારતમાં એવા અનેક સ્થળો છે જે તુર્કી અને અઝરબૈજાન કરતા વધુ સુંદર અને આકર્ષક પ્રવાસન સ્થળ છે.ભારતના દુશ્મન પાકિસ્તાન સાથે ભાઈબંધી નિભાવનાર આ બન્ને દેશોનો સખત બહિષ્કાર કરવો જ જોઈએ અને કરી રહ્યા છે.

તુર્કી અને અઝરબૈજાન બન્ને દેશોનો સંપૂર્ણ બહિષ્કાર કરવા માટે દેશભરમાં મોટા પાયે અભિયાન ચલાવવું જોઈએ.ભારતના ફળના વેપારીઓ દ્વારા પણ તુર્કી સફરજનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે.માલ નહીં માંગવવાનો નિર્ણય લીધો છે.આપડે ભલે સરહદ પર જઈ બંદૂક કે તોપ ગોળા ઉપાડી દુશ્મનો સાથે સૈનિકોની માફક બાથ ભીડી ન શકીએ પરંતુ દુશ્મનો સાથે દોસ્તી રાખનારાઓને તમામ રીતે નેસ્તનાબુદ કરવાનું નાનકડું કાર્ય તો ચોક્કસ કરી શકીએ છીએ.

ભારત હાલ ખૂબ જ ઝડપથી વિકસી રહ્યું છે.આવામાં ભારતની વિકાસ યાત્રાને અવરોધવા કેટલાક દેશો સતત પ્રયાસો કરે છે.ભારતને નુકસાન પહોંચાડવાની કોઈ તક ચૂકતા નથી.ભારતના લોકો બહિષ્કાર કરે તે વિશ્વના કોઈ પણ દેશને પાલવે તેમ નથી.આ વાત લગભગ આખી દુનિયાને સમજાય ગઈ છે.જે લોકો હજી ભારતના દુશ્મનોનો સાથે ઊભા છે તેને હવે પાઠ ભણાવવાનો સમય પાકી ગયો છે.

(signature)


# જૂનાગઢ કૃષિ યુનિ.માં આઉટ સોર્સિંગનું કામ અમદાવાદની કંપનીને સોંપતા વિરોધ વંટોળ

## અમદાવાદની કંપનીમાં યુનિ.ના અધિકારીઓના સંબંધી હોવાથી કુલડીમાં ગોળ ભાંગ્યો?

**અબતક, દર્શન જોશી જુનાગઢ**

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીએ આઉટર સોર્સિંગ કરવા ટેન્ડર બહાર પાડ્યું હતું, તેમાં ૨૨ જેટલી એજન્સીઓએ ટેન્ડર ભર્યા હતા. પરંતુ અમદાવાદની એક કંપનીનું ટેન્ડર આપી, આ કામ આપી દેવાતા વિવાદ સર્જાયો છે. અને જુનાગઢના એક જાગૃત નાગરિકે યુનિવર્સિટીના કુલપતિ સામે આંગળી ચીંધી, સણસણતો આક્ષેપ કર્યો છે કે, કુલપતિએ જે ટેન્ડર મંજૂર કર્યું છે તે કંપનીમાં તેની પુત્રવધુ અને યુનિવર્સિટીના જ એક અધિકારીના સંબંધી આ કંપનીના ભાગીદાર હોવાથી આ ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું છે. જો કે, આની સામે કુલપતિ જણાવી રહ્યા છે કે, બધું નિયમો મુજબ થયું છે અને કઈ ગેરકાયદેસર હશે તો હું જોઈ લઈશ.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં લગભગ ૧૧૫ થી વધુ કર્મચારીઓને આઉટ સોર્સિંગ કરવા માટે યુનિવર્સિટીના કુલપતિ ચોવટિયા દ્વારા એક ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦ જેટલી કંપનીઓએ ટેન્ડરની પ્રક્રિયા પૂરી કરી હતી અને આ ટેન્ડર ખુલતા અમદાવાદની જેપી વેન્ચર્સનું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું હતું.



અમદાવાદની જેપી વેન્ચર્સનું ટેન્ડર મંજૂર થતાની સાથે જ કૃષિ યુનિવર્સિટી અને કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ચોવટીયા સામે આંગળી ચીંધતા મોટો વિવાદ અને આક્ષેપ સામે આવ્યો છે. જુનાગઢના જાગૃત નાગરિક મનોજ ચુડાસમાએ મંજૂર કરાયેલ કંપની સામે વાંધા ઉઠાવ્યા છે, તેમજ ટેન્ડર પ્રક્રિયા પુર્વનીયોજિત રીતે ગોટાળા કરવા અને પરિવારવાદી વલણ અપનાવવા અમલમાં મુકાયા છે. તેવા આક્ષેપ સાથે પીએમઓ સહિત ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓને લેખિતમાં અરજી પણ કરી છે.

મનોજ ચુડાસમાએ આ અંગે જણાવ્યું હતું કે,.જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ હોદાની રુએ તેમના પરિવારના સભ્યોને કામ આપી શકે નહીં, તેમ છતાં આઉટ સોર્સિંગનું જે ટેન્ડર મંજૂર થયું છે તેમાં યુનિવર્સિટીના કુલપતિના પુત્રવધુ અને કૃષિ યુનિવર્સિટીના એક અધિકારીના સંબંધી ભાગીદાર છે. અને તેમને આ કામ અપાયું છે, કારણ કે આઉટ સોર્સિંગનું આ કામનું મહિનાનું બિલ લાખો રૂપિયામાં બને છે, જેથી આર્થિક ફાયદો કરાવવા કુલપતિએ આ બિલ મંજૂર કર્યું છે. અને કુલપતિએ પોતાના હોદ્દાનો દૂર ઉપયોગ કર્યો છે.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ સામે મનોજ ચુડાસમાએ વધુ એક આક્ષેપ એ પણ કર્યો છે કે, આ અગાઉ પણ કુલપતિએ તેના પુત્ર જય ચોટલીયાની યુનિવર્સિટીમાં ગેરકાયદેસર નિમણૂક કરેલ છે, અને જરૂરી લાયકાત ન હોવા છતાં સહાયક પ્રોફેસર તરીકે તેમને નિમણૂક આપી દીધી છે. જે પણ ગેરકાયદેસર છે.

જો કે, મનોજ ચુડાસમાના આક્ષેપ સામે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ચોવટીયા જણાવી રહ્યા છે કે, ટેન્ડર પ્રક્રિયામાં મારો કોઈ રોલ હોતો નથી, જે તે વિભાગ દ્વારા આ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. અને ટેન્ડર ભરેલ કંપનીઓમાંથી જે યોગ્ય લાગ્યું હશે તેને કામ અપાયું હશે. એટલે બધું નિયમ મુજબ થયું છે. છતાં પણ મારા પુત્રવધુની કંપનીની વાત છે, તો ગેરકાયદેસર કંઈ હશે તો હું જોઈ લઈશ

# ભાવનગરમાં કલેક્ટર મનીષકુમાર બંસલના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિની બેઠક મળી

## તુમારનો નિકાલ, વસુલાતની સમીક્ષા અને પેન્શન કેસો સહિતના મુદાઓ અંગે કરાઈ ચર્ચા



**અબતક, આનંદ રાણા, સિહોર**

ભાવનગર જિલ્લા કલેક્ટર ડો. મનીષ કુમાર બંસલના અધ્યક્ષસ્થાને આજે ભાવનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેક્ટર કચેરીના આયોજન હોલ ખાતે યોજાઈ હતી.

ભાવનગર જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં તુમારનો નિકાલ, વસુલાતની સમીક્ષા, પેન્શન કેસો, કોન્સોલિડેટેડ માહિતી, નાગરિક સુવિધા કેન્દ્ર હેઠળની અરજી, સ્વાગત કાર્યક્રમ સહિત રજૂ થયેલા પ્રશ્નો અને મુદ્દાઓ અંગે જિલ્લા કલેક્ટર ડો. મનીષ કુમાર બંસલે અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

આ મહિના દરમ્યાન જિલ્લા કલેક્ટરની રૂબરૂ મુલાકાત દરમ્યાન લોકો દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નોની સમીક્ષા કરી તેનો હકારાત્મક ઉકેલ લાવવા સબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.ભાવનગર જિલ્લા સેવા સદનનાં આયોજન ખંડમાં યોજાયેલ આ બેઠકમાં ધારાસભ્ય ગૌતમભાઈ ચૌહાણ, રિજિયોનલ કમિશ્નર ડી.એમ. સોલંકી, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, પોલીસ અધિક્ષક ડો. હર્ષદ પટેલ, નાયબ વન સંરક્ષક સાદીક મુંજાવર, પ્રાંત અધિકારીઓ સહિતનાં જિલ્લા- તાલુકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઉપલેટા જૈન સમાજનું ગૌરવ વધારતી દિશા શાહ

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**



ધોરણ ૧૦ બોર્ડના જાહેર થયેલ પરિણામમાં ઉપલેટાની શાહ દિશા ધવલભાઈ એ ૯૯.૯૯ PR મેળવી ગુજરાત રાજ્યમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી જૈન સમાજનું નામ રોશન કરેલ છે. તે બદલ જૈન સમાજ હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે. શિક્ષકોના માર્ગદર્શન અને મહેનતના કારણે સારું પરિણામ મેળવેલ છે . શાહ દિશાની જવલંત સફળતા બદલ ઉપલેટા સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ પંકજભાઈ શેઠ તથા તમામ સભ્યો તરફથી તથા જૈન સમાજ. શાહ દિશા ધવલભાઈને તેમની આ અનોખી સિદ્ધિ બદલ શુભેચ્છા તથા અભિનંદન પાઠવેલ હતા.

# જૂનાગઢઃ સેનાના શૌર્યને બિરદાવતા બગડુંના ગ્રામજનો

## દેશભકિતના ગીતો સાથે તિરંગાયાત્રામાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

રાજ્યના કૃષિ અને જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલના નેતૃત્વમાં જૂનાગઢના બગડુ ગામે ઓપરેશન સિંદૂરની સફળતાને વધાવવા તિરંગા યાત્રા યોજાઈ હતી. આ તિરંગા યાત્રામાં ભારતીય સેનાના શૌર્ય અને પરાક્રમને વધાવવા મોટી સંખ્યામાં ગ્રામજનો હાથમાં તિરંગો લઈ ઉત્સાહભેર જોડાયા હતા.અને ઓપરેશન સિંદૂરની સફળતા અને ભારતીય સેનાના પરાક્રમને બિરદાવ્યું હતું. ડીજેના માધ્યમથી દેશભક્તિસભર ગીતો ગુંજી ઉઠ્યા હતા.



આ તિરંગા યાત્રામાં જુનાગઢ જિલ્લા સહકારી બેંકના ચેરમેન કિરીટભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણા, જૂનાગઢ તાલુકા પંચાયતના સદસ્ય મહેન્દ્રભાઈ ડોબરીયા, ઉપસરપંચ ભરતભાઈ ડોબરીયા, અગ્રણી રસિકભાઈ વેકરીયા, લાલજીભાઈ ડોબરીયા સહિતના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

# વડીલ મહિલાની વ્હારે આવી વેરાવળ અભયમ્ ટીમ

## કપરા સમયમાં વૃધ્ધાને આશરો તેમજ આશ્વાસન આપી મદદ કરી

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

રાજ્ય સરકાર દ્વારા ચાલતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન મહિલાઓની સુરક્ષા માટે કાર્યરત છે ત્યારે, વેરાવળમાં અજાણ્યા ૭૫ વર્ષના વૃદ્ધ મહિલા રાતના ૧ વાગ્યે રેલ્વે સ્ટેશનમાં એકલતા અને નિઃસહાય અનુભવતાં હતાં, આ વૃદ્ધાનું ઉંમરના કારણે શરીર પણ સાથ આપતું ન હોય તેથી તેમને સુરક્ષિત રાત્રિ રોકાણ માટે ૧૮૧ ટીમે મદદ કરી હતી.



વૃદ્ધાએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, મારે મુંબઈ જવું છે પરંતુ મારી ટ્રેન દિવસના ૧૧:૪૫ વાગ્યે છે અને ગુજરાતમાં હું અજાણી છું. આમ તેઓ શું કરવું અને ક્યાં જવું તેની અસમંજસમાં હતાં. આવા કપરા સમયે અભયમ ટીમે વૃદ્ધ મહિલાની મદદ કરી હતી.

આ કોલ આવતાની સાથે જ વેરાવળ અભયમ ટીમના ફરજ પરના કાઉન્સિલર દાફડા અંજના વિમેન કોન્સ્ટેબલ સોનલ ખાણીયા તેમજ પાયલોટ રમેશભાઈ બામણીયા સહિતની ટીમ રેલવે સ્ટેશન પર પહોંચી તો શારીરિક રીતે અક્ષમ, લાકડીના ટેકે ચાલતા ૭૫ વર્ષના વૃદ્ધા નિરાશ તેમજ નિઃસહાય વદને એક પાટલી પર બેઠા હતાં.૧૮૧ ટીમ દ્વારા આ વૃદ્ધાને હિંમત અને આશ્વાસન આપવામાં આવ્યું હતું. આ વૃદ્ધા ૧૮૧ મહિલા હેલપલાઈન વિશે તેમજ કામગીરી વિશે જાણકારી મેળવીને આભાર વ્યક્ત કર્યો હતો. આમ અભયમ ટીમે કપરા સમયે વૃદ્ધાને આશરો અને આશ્વાસન આપી મદદ કરી હતી.

# અમરેલી બસપોર્ટ ખાતે પૂછપરછ ઓફીસ રાત્રીના સમયે ચાલુ રાખવા માંગ

## મુખ્ય બસસ્ટોપ હોવાથી રાત્રી સમયે વ્યવસ્થાના અભાવે મુસાફરો પરેશાનઃ ચેમ્બરે ધારાસભ્યને કરી રજૂઆત



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાના મુખ્ય મથક એવા અમરેલી બસ પોર્ટ ખાતે ટ્રાફીક કંટ્રોલ ઓફીસ રાઉન્ડ ધ કલોક (૨૪ કલાક) ચાલુ રહેતી હતી. તાજેતરમાં રાત્રીના ૯ વાગે ઓફીસ બંધ કરી દેવામાં આવે છે. જેથી રાત્રીના ૯ થી સવારે ૫ વાગ્યા સુધી ડેપો એકદમ નધણીયાતો રહે છે. રાત્રીના ઘણી એકસપ્રેસ/સુપર એકસપ્રેસ/ સ્લીપીંગ બસોની અવરજવર રહે છે. લાંબા સમયની રાત્રીની બસો હોવાથી પુછપરછ તથા જાણકારી વગર મુસાફરો હેરાન પરેશાન થાય છે. બસસ્ટેન્ડ ઉપર કોઈ સતાધિકારીની હાજરી ન હોવાથી મહિલા મુસાફરોની સલામતી હાલના સંજોગોમાં ખુબ જોખમાય છે. અત્યારની સતત હાઈએલર્ટ પરિસ્થિતિમાં બસ પોર્ટ જેવી અમરેલીની એકમાત્ર પરિવહન સેવામાં રાત્રીના ડેપો કચેરી ખુલી રાખવી જરૂરી છે.તેમજ મુસાફરોની સગવડ માટે પુછપરછ વિભાગ પણ ખુબ જરૂરી છે.

માટે જિલ્લાની જનતાની હાલાકી અને મુશ્કેલી જોતા રાત્રે ૯ થી સવારે ૫ સુધી કંટ્રોલ કચેરી કાર્યરત રાખવા અમરેલી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અમરેલી વિભાગીય નિયામક ને લેખિતમાં રજૂઆત કરી ધારાસભ્યને પણ નકલ રવાના કરી આપી છે અને સત્વરે રાત્રીના સમયે ઓફિસો ખુલી રાખવા માંગ કરી છે..

# ભાવનગર જિલ્લાના રેશનકાર્ડ ધારકોને બે માસના અનાજના જથ્થાનું વિતરણ કરાશે

**અબતક, આનંદ રાણા, સિહોર**

જાહેર વિતરણ વ્યવસ્થા યોજનામાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩ હેઠળ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો એમ બે પ્રકારના કુટુંબોને સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાન ખાતેથી સસ્તા અનાજનું વિતરણ કરવામાં આવે છે. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા મે-૨૦૨૫ માસમાં મે માસના ઘઉં, ચોખા, ખાંડ અને મીઠાનો તથા જૂન માસના ઘઉં અને ચોખાનું વિતરણ કરવા સુચના આપેલ છે.

જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા જિલ્લાના રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબોને સસ્તા અનાજની વાજબી ભાવની દુકાન ખાતેથી મે-૨૫ માસમાં મે અને જૂન માસનો અનાજનો જથ્થો સમયસર મેળવી લેવા અનુરોધ કરવામાં આવે છે. જે એન.એફ.એસ.એ. રેશનકાર્ડ ધારકોનું ઈ-કેવાયસી બાકીમાં છે તે રેશનકાર્ડ ધારકો ઈ-કેવાયસી કરાવતા સંલગ્ન મામલતદાર કચેરીના નાયબ મામલતદાર પુરવઠા તથા ઝોનલ કચેરીના ઝોનલ ઓફિસર દ્વારા એપ્રૂવ આપ્યાના ચોવીસ કલાક બાદ સસ્તા અનાજની દુકાન ખાતેથી મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી શકશે એવું જિલ્લા પુરવઠા અધિકારી ભાવનગરની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ભાવનગરઃ રમતવીરોને પ્રોત્સાહન આપવા ઈન-સ્કુલ યોજના કાર્યરત

## વિવિધ તાલુકાની ૯ શાળાઓમાં ખેલાડીઓને નિષ્ણાંતો દ્વારા કરાય છે તાલીમ બધ્ધ

**અબતક,આનંદ રાણા, સિહોર**

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા રાજયમાં રમતનો વિકાસ થાય અને તેનો વ્યાપ વધે તે માટે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને શિક્ષણ સાથે રમતગમતની તાલીમ આપવાથી રાજયમાં રમતનું સ્તર ઊંચું આવે તેવા ઉમદા આશય સાથે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપથી શિક્ષણ સાથે રમતના સમન્વય યોજના અંતર્ગત રાજ્યની ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓમાં ઈન-સ્કૂલ પ્રોગ્રામ વર્ષ ૨૦૧૪-૧૫ થી કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

ભાવનગર જીલ્લાના વિવિધ તાલુકામાં કૂલ ૦૯ ઈન સ્કૂલ શાળાઓ કાર્યરત છે.

જેમાં આર. કે. ઘર શાળા, ભાવનગર, નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય, ભાવનગર, માધ્યમિક શાળા, વાળુકડ, ત્રાપજ કેંદ્રવતી શાળા, ત્રાપજ, બેલુર વિદ્યાલય, મહુવા, સેંટ ઝેવીયર્સ સ્કૂલ, પાલિતાણા, સતુઆબાબા સ્કૂલ,પાલિતાણા, નંદલાલ ભુતા સ્કૂલ, સિહોર, ડી ટી સવાણી વિદ્યાલય, ગારીયાધાર વગેરે શાળાઓમાં સરકાર દ્વારા મૂકવામાં આવેલ વિવિધ રમતના નિષ્ણાંત દ્વારા રમતની તાલીમ આપવામાં આવે છે.

ખેલાડીઓ રમતની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ સરકારની વિવિધ રમતગમતની યોજનાઓનો લાભ લે છે.

જે શાળાને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતની ઈન-સ્કૂલ યોજના સાથે જોડાવું હોય તેમને https://sportsauthority.gujarat.gov.in/inschoolscheme લિન્ક પર જઈ ઈન-સ્કૂલ યોજનાનુ ફોર્મ ડાઉનલોડ કરી યોગ્ય માહિતી ભરી જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સિદસર રોડ સરદાર પટેલ રમત સંકૂલ (સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ) ભાવનગર ખાતે રૂબરૂ આપી તથા વધુ માહિતી માટે કચેરીનો સંપર્ક કરવાનો રહેશે તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીની યાદીમાં જણાવેલ છે.

# જામનગરમાં ધો.૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને બિરદાવાશે એચ.જે.લાલ ચેરી. ટ્રસ્ટ અને કેદારલાલ ફાઉન્ડેશન

**અબતક,જામનગર**

જામનગર શહેરમાં સામાજીક તેમજ શૈક્ષણીક ક્ષેત્રે સેવાકીય કાર્યો કરતી સંસ્થા હરિદાસ જીવણદાસ લાલ (બાબુભાઈ લાલ) ચેરીટેબલ ટ્રસ્ટ તથા કેદાર લાલ (કેદાર જીતેન્દ્ર લાલ) ફાઉન્ડેશન દ્વારા ગુજરાત રાજ્ય માધ્યમીક પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ- ૨૦૨૫ માં પરીક્ષા લેવામાં આવી હતી જેમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ - ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ તાજેતરમાં જ જાહેર થયું છે. આ પરિણામમાં ૭૫ પી.આર. કે તેથી વધુ પી.આર. મેળવીને ઉર્તિણ થયા છે તેવા તમામ વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષ મુજબ સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવાનું નકકી કરવામાં આવ્યું છે.

આ માટે જામનગર શહેરના ધો. ૧૦ તેમજ ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ કે જેમણે ૭૫ પી.આર. કે તેથી વધુ પી.આર. મેળવ્યા છે તે તમામ વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની નકલ તેમજ એક પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ત્રણબતી પાસે આવેલા એચ.જે.લાલ (બાબુભાઈ લાલ) ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યાલય (ઝુલેલાલ મંદિરની સામે) નો તા.૧૯-૦૫-૨૦૨૫ થી તા.૩૧-૦૫-૨૦૨૫ સુધીમાં સવારના ૧૦-૦૦ થી ૧-૦૦ સુધી અને સાંજે ૪-૦૦ થી ૮-૦૦ સુધીમાં સંપર્ક સાધી ફોર્મ મેળવી લઈને જરૂરી વિગતો ભરીને પરત કરવાનું રહેશે. તેમજ વિદ્યાર્થી સન્માન સમારોહની તારિખ, સમય અને સ્થળ નકકી થયે જે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરેલ હશે તેઓને જાણ કરવામાં આવશે.

આ અંગેની વધુ માહિતી માટે ટ્રસ્ટના કાર્યાલયનો સંપર્ક સાધવા ટ્રસ્ટી જીતેન્દ્ર એચ. લાલએ જીતુલાલ જણાવેલ છે.

# ધ્રાંગધ્રાઃ રાવળીયાવદર ગામે કાંટાની વાડમાં આગમ્ય કારણસર આગ ભભૂકી

## ફાયર ટીમની ભારે જહેમત બાદ આગ કાબુમાં આવી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા તાલુકાના રાવળીયાવદર ગામે કાંટાની વાળમાં અગમ્ય કારણોસર આગ લાગતા અફડા તફડી મચી ગઈ હતી ત્યારે અચાનક આગ લાગતા ગામ ના લોકો ચિંતામાં મુકાયો હતો અને અફડા તફડી મચી ગઈ હતી જેમાં ધ્રાંગધ્રા નગરપાલિકા ફાયર ટીમ સરપંચ દ્વારા જાણ કરાતા ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો..

ધાંગધ્રા તાલુકાના રાવળીયાવદર ગામેં ભરબપોરે અગમ્યો કારણસર કાંટાની વાળમાં આગ લાગતા અગ્નિનુ ભયકર સ્વરૂપ ધારણ બળીને ખાખ થઈ ગયો હતું ત્યારે ગામ માં આજુબાજુના લોકો દોડી આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવાના પ્રયત્નો હાથ ધર્યા હતા જેમાં ગામના સરપંચ રતનસિંહ ઠાકોર એ ધાંગધ્રા નગરપાલિકા ફાયર ટીમ ને જાણ કરાતા ઘટના સ્થળે પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો જેમાં જેમાં સદ નસીબે મોટી જાનહાની થતા તળી હતી.

# ઉપલેટાઃ કટલેરી બજાર એસો. દ્વારા પીરે તરીકતનું સન્માન કરાયું

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

મુસ્લીમ સમાજના પીરેના તરીકત ૭૧માં જન્મ દિવસ નિમિતે યોજાયેલ બ્લડ કેમ્પમાં કટલેરી બજાર એસો. દ્વારા સન્માન કરાયું હતું.



સમસ્ત મુસ્લીમ સમાજનો આદર ભર્યુ સ્થાન ધરાવતા પીરે તરીક્ત સબા મુઝમીલ બાપુ સૈયદના ૭૧માં જન્મ દિવસ નીમીતે યોજાયેલ રકતદાન કેમ્પમાં કટલેરી બજાર એસો. દ્વારા પ્રમુખ નાથાભાઈ ચંદ્રવાડીયા, રાજુભાઈ લાલાણી, તયુબ બસીર સરદાર ગઢ વાળા ચેમ્બરના હારુનભાઈ માલવીયા દ્વારા પીરે તરીક્ત અબા મુઝમીલ બાપુ સૈયદનું ફુલહાર કરી શાલ ઓઢાડી દિધાર્ય આયુષ્ય માટે પ્રાર્થના કરી શુભેચ્છા આપી હતી.

# ડિજિટલ ફ્રોડ વિરૂદ્ધ સાયબર ક્રાઈમ પોલીસની સર્જિકલ સ્ટ્રાઈકઃ ૧૫ દિવસમાં ૧૨ ગુના ઉકેલાયા

## ચાઈનીઝ સાયબર ક્રાઈમ ગેંગના સાગરીતો અને ડિજિટલ એરેસ્ટ જેવા વિવિધ ગુનાઓ આચરતા ભેજાબાજોને ગુજરાત પોલીસની એક્ષપર્ટ ટીમોએ ઝડપી પાડ્યા

**અબતક, રાજકોટ**

હાલના ડિજિટલ યુગમાં સાયબર ક્રાઈમ સમગ્ર વિશ્વમાં એક પડકારરૂપ બની રહ્યો છે ત્યારે દેશમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના નેતૃત્વમાં ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ સાથે સાયબર ક્રાઈમ અટકાવવા તેમજ સાયબર ક્રાઈમ કરતા ગુનેગારોને પકડવા મક્કમતાથી કાર્યવાહી થઈ રહી છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત પોલીસે સાયબર ક્રાઈમ રોકવા અવેરનેસ ઝુંબેશની સાથે સાથે અધ્યતન સંસાધનો અને તજજ્ઞ અધિકારીઓની ટીમની મદદથી નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. આ બજેટમાં કરોડો રૂપિયાના ખર્ચે હાઈટેક સાયબર એક્સલેન્સ સેન્ટર તૈયાર કરવા પણ ખાસ જોગવાઈ કરવામાં આવી છે.

છેલ્લા ૧૫ દિવસમાં રાજ્યના ચાર મહાનગરો - અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાની સાયબર ક્રાઈમ ટીમો તથા સ્ટેટ સાયબર ક્રાઈમ સેલે ૧૨ મહત્વના કેસો ઉકેલીને ચાઈનીઝ સાયબર ક્રાઈમ ગેંગના સાગરીતો અને ડિજિટલ એરેસ્ટ જેવા ગુનાઓ આચરનારા ભેજાબાજોને ઝડપી પાડ્યા છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ સફળતા બદલ ગુજરાત પોલીસની તમામ ટીમો અને તેમને માર્ગદર્શન આપનાર અધિકારીઓને અભિનંદન પાઠવ્યા છે.

અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ૧૬ મે ૨૦૨૫ના રોજ કમ્બોડિયા અને નેપાળથી સંચાલિત ચાઈનીઝ સાયબર ક્રાઈમ ગેંગના ૬ સભ્યો મનન ગોસ્વામી, રાહુલ યાદવ, આરીફ સૈયદ, ગૌતમ ઉર્ફે માર્કો, ચિરાગ ઢોલા અને યશ યાદવને ઝડપી પાડ્યા. આ ગેંગે પ્રણય ભાવસાર નામના વ્યક્તિનું બેંક ખાતું હેક કરી રૂ. ૪૮.૮૫ લાખનું ટ્રાન્ઝેક્શન કર્યું હતું. આરોપીઓએ પ્રણયને નેપાળની હોટેલમાં ૬ દિવસ ગોંધી રાખી ડિજિટલ એરેસ્ટ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ અને ટેલિગ્રામ ટાસ્ક ફ્રોડ જેવા ગુનાઓ આચર્યા હતા. ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આરોપીઓ અમદાવાદ અને સુરતથી પકડાયા હતા. આ ખાતાઓ સામે એનસીપીસીઆર પોર્ટલ પર ૨૦૦થી વધુ ફરિયાદો નોંધાઈ છે.

**ડિજિટલ એરેસ્ટ કરી રૂ. ૧૪.૯૪ લાખ પડાવનાર જનક ભાલાળા અને ભાવેશ બોરડ સુરતથી ઝડપાયાઃ** ૧૪ મે ૨૦૨૫ના રોજ અન્ય એક કેસમાં, ડિજિટલ એરેસ્ટ દ્વારા રૂ. ૧૪.૯૪ લાખની છેતરપિંડી કરનાર જનક ભાલાળા અને ભાવેશ બોરડને સુરતથી ઝડપાયા હતા. આરોપીઓએ ફરિયાદી મહિલાને મુંબઈ સાયબર ક્રાઈમ ઈન્સ્પેક્ટર તરીકે ખોટી ઓળખ આપી, ડ્રગ્સના પાર્સલનું બહાનું કરી ડિજિટલ એરેસ્ટ કરી હતી.

**કંબોડિયન-ચાઈનીઝ ગેંગનો સાગરીત દિલીપ જાગાણીને પકડી લેવાયોઃ** તે ઉપરાંત અન્ય એક કેસમાં આરોપી દીલીપ જાગાણી (ઉ.વ. ૩૩, અમદાવાદ) સાયબર ફ્રોડ અને છેતરપિંડીના ૭ ગુનાઓમાં સંડોવાયેલો છે, જેમાં ડિજિટલ એરેસ્ટ, ખોટા દસ્તાવેજો અને ઠગાઈનો સમાવેશ થાય છે. તે બેંક ખાતાઓ મેળવી, ફ્રોડના નાણાં ટ્રાન્સફર કરી, નેપાળમાં કંબોડિયન-ચાઈનીઝ નાગરિકો સાથે હેરફેર કરતો હતો. તેની પણ ધરપકડ કરવામાં આવી છે.





**દુબઈથી ડિજિટલ ફ્રોડ આચરતો અનિલ ખેનીને ઉઠાવી લેવાયોઃ** ૦૨/૦૫/૨૦૨૫ના રોજ દુબઈથી સાયબર ફ્રોડ આચરતી ગેંગના આરોપી અનિલભાઈ ખેની (ઉ.વ. ૩૫, રહે. સુરત)ને સુરત સાયબર ક્રાઈમ સેલે ઝડપ્યો, જેણે પીઓએસ મશીન દ્વારા દિરહામ ઉપાડી ફ્રોડ કર્યું હતું. ૪ મોબાઈલ, ૫ ડેબિટ કાર્ડ, ૧૨ સિમકાર્ડ સહિતનો મુદ્દામાલ કબજે કરાયો.

તે ઉપરાંત ૦૭/૦૫/૨૦૨૫ના રોજ ફોરેક્સ ટ્રેડિંગની લોભામણી ઓફર આપી રૂ. ૯,૩૦,૭૦૦ની ઠગાઈ કરનાર રાહુલ ચૌધરી (ઉ.વ. ૨૮, રહે. વાપી)ને સુરત સાયબર ક્રાઈમ સેલે ઝડપ્યો. તેણે ઈન્સ્ટાગ્રામ દ્વારા બનાવટી એપમાં રોકાણ કરાવી છેતરપિંડી કરી હતી.

**ડિજિટલ એરેસ્ટ કરી રૂ. ૧.૧૫ કરોડ ઓળવી જનાર શખ્સ લખનૌ એરપોર્ટથી ઝડપાયોઃ** ૧૫/૦૫/૨૦૨૫ના રોજ વિમા કંપનીના નામે ખોટી પોલીસી લેવડાવી રૂ. ૯૮,૮૫,૦૦૦ની ઠગાઈ કરનાર અમીતકુમાર અને સુમીતકુમાર ઠાકુર (દિલ્હી)ને સુરત સાયબર ક્રાઈમ સેલે ઝડપ્યા. જેમણે ફોન/ઈમેઈલ દ્વારા ખોટી માહિતી આપી છેતરપિંડી કરી હતી. અન્ય કેસમાં ૧૬/૦૫/૨૦૨૫ના રોજ ૯૦ વર્ષના સિનિયર સિટિઝનને ડિજિટલ એરેસ્ટ કરી રૂ. ૧,૧૫,૫૦,૦૦૦ની ઠગાઈ કરનાર પાર્થ ગોપાણી (ઉ.વ. ૨૨, નેપાળ)ને લખનૌ એરપોર્ટથી ઝડપ્યો. તેણે સીબીઆઈ/ઈડીની ખોટી ઓળખ આપી ફ્રોડ કર્યું હતુ. જ્યારે ૧૬/૦૫/૨૦૨૫ના રોજ સિનિયર સિટિઝનને ડિજિટલ એરેસ્ટ કરી રૂ. ૨૨,૦૦,૪૦૦ની ઠગાઈ કરનાર કૃણાલસિંહ સિસોદીયા (ઉ.વ. ૨૧, રહે. અમદાવાદ)ને સુરત સાયબર ક્રાઈમ સેલે ઝડપ્યો. સીબીઆઈ અધિકારીની ખોટી ઓળખ આપી વિડિયો કોલ દ્વારા ફ્રોડ કર્યું.

**રઘુવીર ચૌહાણને મહારાષ્ટ્ર બોર્ડર પરથી દબોચી લેતી રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસઃ** રાજકોટ સાયબર ક્રાઈમ ટીમે ૩ મે ૨૦૨૫ના રોજ રઘુવીરસિંહ ચૌહાણને ગુજરાત-મહારાષ્ટ્ર બોર્ડર પરથી પકડ્યો, જેણે બનાવટી પ્રોફાઈલ બનાવી નાણાંની છેતરપિંડી કરી હતી. તે ઉપરાંત ૨ મે ૨૦૨૫ના રોજ, ૯ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરો વિરુદ્ધ ઓનલાઈન ગેમ્બલિંગ વેબસાઈટ્સના પ્રમોશન બદલ કાર્યવાહી કરવામાં આવી.

**વડોદરા સાયબર ક્રાઈમે રૂ. ૧.૦૧ કરોડ રિફંડ કરાવ્યાઃ** વડોદરા સાયબર ક્રાઈમ પોલીસે મે ૨૦૨૫ સુધી રૂ. ૨.૭૧ કરોડના ફ્રોડમાંથી રૂ. ૧.૦૧ કરોડ રિફંડ કરાવ્યા. એક કેસમાં, રૂ. ૨૩ લાખના ડિજિટલ એરેસ્ટ ફ્રોડનો આરોપી પુણેથી પકડાયો, જેણે ૧૫થી વધુ બેંક ખાતાઓ દ્વારા રૂ. ૫૦ લાખનું ટ્રાન્ઝેક્શન કર્યું હતું.

**ભારતીય ચેનલોને નુકસાન પહોંચાડતી ગેંગની તપાસઃ** વડોદરામાં હસમન ગુપ્તાની ફરિયાદ પર, બોસીપ ટીવી અને આઈપી ટીવી દ્વારા ગેરકાયદે સ્ટ્રીમિંગ સેવા પૂરી પાડનાર આરોપીઓ વિરુદ્ધ તપાસ શરૂ કરાઈ, જેનાથી ભારતીય ચેનલોને આવકનું નુકસાન થયું હતું.

### ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સફળતા બદલ ગુજરાત પોલીસની તમામ ટીમોને અભિનંદન પાઠવ્યા

# વેરાવળઃ દુષ્કર્મના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની સજા

## ૧૧ વર્ષની કિશોરીનું અપહરણ કરી શરીર સંબંધ બાંધી કૃત્ય આચર્યું

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

વેરાવળ ની સ્પે. (પોકસો) કોર્ટ દ્વારા પાંચ વર્ષ પહેલા સગીરા ઉપર દુષ્કર્મ થયેલ જે કેસ ચાલી જતા આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને રોકડા રૂા.૫ હજારનો દંડ ફટકારતો હુકમ કરેલ છે.

આ કેસની વિગતો આપતા ગીર સોમનાથ જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળાએ જણાવેલ કે, આરોપી કિશન બટુકભાઈ મકવાણા ઉ.વ.૧૯ ધંધો-મંજુરી, રહે.ભેરાળા વાળાએ ફરીયાદીની દીકરી ઉં.વ.૧૧ વર્ષ ૨ માસ વાળીને ગત તા.૨૧/૦૧/૨૦૨૦ ના લલચાવી ફોસલાવી લગ્ન કરવાના કે બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી

બળાત્કાર કરેલ અને આ બનાવ અંગે સગીર બાળકીના પિતાએ તાલાલા પોલીસમાં આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ

મુજબનું ચાર્જશીટ કરેલ જે કેસ અત્રેની સ્પે. (પોકસો) કોર્ટમાં આવેલ ત્યારબાદ આ કેસમાં ગીર સોમનાથ જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ ડી.વાળા એ સમગ્ર કેસનુ પ્રોસીકયુશન ચલાવેલ અને કેસને સાબીત કરવા માટે અંદાજે આઠ જેટલા સાહેદોમાં ફરીયાદી અને અન્ય સાહેદો તેમજ પંચ, ડોકટર અને પોલીસ સહીત તમામની મૌખિક જુબાનીઓ દરમ્યાન દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ હતા. સમાજમાં દિકરીઓ સલામત રહે તે માટે સરકારે સ્પે. પોકસો એકટની જોગવાઈ કરેલી છે અને સગીરાએ જે જુબાની આપેલી છે તે જ માત્ર પુરતી છે તેમ છતાં મેડીકલ એવીડન્સ તથા અન્ય સાહદોની જુબાની પણ બનાવને તેમજ ભોગ બનનારની જુબાનીને સમર્થન કરતી જુબાની આપેલી છે

રજુઆતોને ધ્યાને લઈ સ્પે. (પોકસો) કોર્ટના જજ જે.જે.પંડયા એ આરોપી કિશન બટુકભાઈ મકવાણા, તકસીરવાન ઠરાવી વીસ વર્ષની સખત કેદની સજા તથા રૂા.૫ હજાર દંડની સજા ભોગવવા આખર હુકમ કરેલ હોવાનું જણાવેલ છે.

ગીર સોમનાથ જીલ્લામાં જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળા દ્વારા પોકસો સંબંધેના ગુન્હા કામે સતત ૨૦ વર્ષની આ ચોથી સજા આરોપીઓને કરાવેલ છે. બાળકોના જાતિય રક્ષણ સબંધેના કેસોમાં કેતનસિંહ વાળાએ ફાંસી સહીતની સજા કરાવતા ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં મહિલાઓ સામેના ગુના સંબંધે હૈદ્રાબાદ ખાતે નેશનલ પોલીસ એકેડમી ખાતે યોજાયેલ સેમીનાર માટે ગુજરાતમાંથી કેતનસિંહ વાળાની પસંદગી કરેલ હતી.



સરકારી વકીલ કેતનસિંહ વાળા

# સામખિયારીઃ રેપ વીથ મર્ડર કેસમાં આરોપીને આજીવન કેદ

## સાત વર્ષની બાળકીને હવસનો શિકાર બનાવી મોતને ઘાટ ઉતારી હતી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

સામખ્યારી પોલીસ સ્ટેશનના પોકસો એક્ટ કલમ ૪,૬ મુજબના ગુના કામે ભોગબનનાર સાત વર્ષની બાળકી સાથે આરોપી વિજય પ્રતાપ કોલી રહે.લખાપર તા.ભચાઉ વાળાએ દુષ્કર્મ આચરીને મોતને ઘાટ ઉતારેલ જે ગુનાની તપાસ તત્કાલીન પોલીસ અધીક્ષક પૂર્વ કચ્છ ગાંધીધામની સુચનાથી તત્કાલીન પોલીસ ઈન્સ્પેકટર એસ.એન.કરંગીયા ભચાઉ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી હતી અને તટસ્થ અને જીણવટભરી તપાસ કરી પુરાવા એકઠા કરવા સુચના કરવામાં આવી,તપાસ દરમ્યાન એસ.એન.કરંગીયા પોલીસ ઈન્સપેક્ટર ભચાઉ પોલીસ સ્ટેશન તથા ભચાઉ પોલીસ ટીમ દ્વારા આરોપી વિરૂધ્ધ સાંયોગીક તથા દસ્તાવેજી પુરાવા મેળવી ગુનાની ખંતપુર્વક તપાસ કરી ભચાઉ સેસન્સ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી જે કેશ નામદાર ભચાઉ સેસન્સ કોર્ટમાં સરકારી વકીલ ધર્મેન્દ્રસિંહ,એસ.જાડેજાએ પ્રોસીકયુશન દરમ્યાન સાંયોગીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરી કોર્ટમાં ધારદાર દલીલો કરી સાડા ચાર વર્ષના સમયગાળામાં આ ગુનાના આરોપી વિજય પ્રતાપ કોલી રહે.લખાપર તા.ભચાઉ વાળાને ભચાઉ સેસન્સ કોર્ટ દ્વારા આજીવન કેદની સજા માટે હુકમ કરવામાં આવેલ છે.

# ચોટીલાઃ છોટાહાથીમાંથી રૂ.૧૦.૭૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## ૧૫૩૬ બોટલ શરાબ અને વાહન મળી રૂ.૧૨.૭૪ લાખનો મુદામાલ કબ્જેઃ ચાલક ફરાર

**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**



સુરેન્દ્રનગર જીલ્લામાંથી પસાર થતા અમદાવાદ રાજકોટ નેશનલ હાઈવે પર બહારના રાજ્યો માંથી મોટા પ્રમાણમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી અને કટીંગ થતું હોવાની બાતમીના આધારે ચોટીલા પોલીસ ટીમે નાઈટ પેટ્રોલીંગ હાથ ધર્યું હતું જે દરમ્યાન બાતમીના આધારે ચોટીલા રાજકોટ નેશનલ હાઈવે પરથી ઈંગ્લીશ દારૂ તેમજ છોટા હાથી સહિત લાખોનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે અંધારાનો લાભ લઈ આરોપી નાસી છુટ્યો હતો.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ચોટીલા પોલીસ ટીમે ચોટીલા રાજકોટ નેશનલ હાઈવે પર ઈંગ્લીશ દારૂની હેરાફેરી અંગે મળેલ બાતમીના આધારે પેટ્રોલીંગ હાથધર્યું હતું જેમાં આણંદપુર ચોકડી પાસે વોચ ગોઠવી હતી જે દરમ્યાન શંકાસ્પદ હાલતમાં છોટા હાથી પસાર થતા તેને રોકવાનો પ્રયાસ કરતા વાહન ચાલક અંધારાનો લાભ લઈ નાસી છુટ્યો હતો જ્યારે છોટા હાથીની તલાસી લેતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૧૫૩૬ કિંમત રૂા. ૧૦,૭૪,૩૨૪ તેમજ છોટા હાથી કિંમત રૂા. ૨ લાખ મળી કુલ રૂા.૧૨,૭૪,૩૨૪નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને ચોટીલા પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાર્યવાહી હાથધરી છે.

# વઢવાણઃ એક તરફી પ્રેમમાં પાગલે યુવતીની કરી હત્યા


## કંપનીમાં નોકરીએ જતી યુવતીનો પિછો કરી છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધું

## પોલીસની સમજાવાટ બાદ મૃતદેહ સ્વીકાર્યોઃ આરોપીને ઝડપી લેવાયો

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વઢવાણ ગણપતિ ફાટસર વિસ્તારમાં રહેતી યુવતીની દિન-દહાડે છરીના ઘા ઝીંકી એક યુવકે હત્યા નીપજાવતા ચકચાર મચી જવા પામી છે જે મામલે મૃતકના પરિવારજનો દ્વારા જ્યાં સુધી હત્યા નીપજાવનાર આરોપીને ઝડપી પાડવામાં નહિં આવે ત્યાં સુધી લાશને સ્વીકારવાનો ઈન્કાર કરતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. જ્યારે પોલીસે આરોપીને ઝડપી પાડ્યા બાદ પરિવારજનોએ લાશનો સ્વીકાર કર્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ વઢવાણ ગણપતિ ફાટસર વિસ્તારમાં રહેતા ડાયાભાઈ સોલંકીની પુત્રી પાયલ સોલંકી જે એક કંપનીમાં કામ કરી સમગ્ર પરિવારનું ગુજરાન ચલાવે છે તે રાબેતા મુજબ સવારના સમયે ઘરેથી કંપનીમાં કામ પર જઈ રહી હતી તે દરમ્યાન ગણપતિ ફાટસર વિસ્તારમાં આવેલ ગલીમાં પહોંચતા દિન-દહાડે અમન નથુભાઈ રાઠોડ નામનો યુવક છરી સાથે આવી પહોંચ્યો હતો અને યુવતી સાથે બોલાચાલી કરી છરીના ઘા ઝીંકી હત્યા નીપજાવી નાસી છુટ્યો હતો યુવતીના મૃતદેહને પીએમ અર્થે સરકારી ગાંધી હોસ્પીટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. બી-ડિવીઝન પોલીસ સ્ટાફ ઘટના સ્થળે તેમજ હોસ્પીટલ ખાતે ઉમટી પડ્યો હતો જ્યારે ભોગ બનનાર યુવતીના પરિવારજનોના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા સમયથી હત્યા નીપજાવનાર યુવક યુવતીનો પીછો કરતો હોવાનું અને છેલ્લા ઘણા સમયથી યુવતીને હેરાન-પરેશાન કરતો હતો તેમજ એક તરફી પ્રેમ કરતો હતો પરંતુ યુવતીને આ પસંદ નહિં હોવાથી દિન-દહાડે હત્યા નીપજાવી હોવાનું સામે આવ્યું છે. જે અંગે ભોગ બનનાર યુવતીના પિતાએ વઢવાણ પોલીસ મથકે હત્યા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં હત્યા નીપજાવનાર યુવક અમન રાઠોડને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ ભોગ બનનાર યુવતિના પરિવારજનો અને સમાજના આગેવાનો પણ સમજાવતા બપોર બાદ સરકારી હોસ્પીટલ ખાતેથી યુવતીની લાશનો સ્વીકાર કરી અંતિમ વિધિની તજવીજ હાથ ધરવામાં આવી હતી.



# ગોંડલના વેપારીનો રૂ.૫૬ લાખ વસુલવાનો દાવા બાદ વ્યાજ સાથે રકમ ચુકવવા હુકમ

## મહારાષ્ટ્રના વેપારીએ ફુટ નહીં મોકલી લાખોની ઠગાઈ કરતા પેઢીએ કોર્ટનો આશરો લીધો

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલના ફુટ ના વેપારીએ મહારાષ્ટ્રના વેપારી મારફત ઈજીપ્તથી સંતરા મંગાવવા માટે રૂા.૫૬ લાખ જેવી રકમ મોકલી આપેલ હોવા છતા માલ નહી મોકલી આપતા તે રકમ પરત મેળવવા માટે કોમર્શીયલ કોર્ટ એકટ હેઠળ દાવો કરતા ગોંડલ કોર્ટ દ્વારા મહારાષ્ટ્રના વેપારી એ રૂા.છપ્પન લાખ વાર્ષિક-૯% ના વ્યાજ સહિત ગોંડલના ફૂટના વેપારીને ચુકવી આપવાનો હુકમ કર્યો છે. પ્રાપ્ત વિગત મુજબ ગોંડલમાં ઘણા વર્ષોથી પટેલ પરસોતમભાઈ ગોવિંદભાઈ એન્ડ કાં. ના નામથી ભાગીદારી પેઢી ધરાવતા અને ફુટનો વેપાર કરતા વેપારી હિતેષભાઈ પરસોતમભાઈ પાંભરે મહારાષ્ટ્રના વેપારી ડી.કે.એન્ટરપ્રાઈઝ ના પ્રોપરાઈટર મહેશ રામચંદ્ર બંડગર મારફત ઈજીપ્ત થી સંતરા મંગાવવા માટે પેઢીના બેંક ખાતામાથી રૂા.છપ્પન લાખ જેવી રકમ મોકલી આપેલ હોય તેમ છતા મહારાષ્ટ્રના વેપારી એ માલ નહી મોકલી આપતા તે રકમ વસુલ મળવા માટે તેના વકીલ નિરંજય એસ. ભંડેરી મારફત લીગલ નોટિસ પાઠવવામા આવતા નોટિસની સમયમર્યાદામા રકમ ચુકવી નહી આપવામા આવતા આખરે ગોંડલના વેપારીએ સૌ પ્રથમ કોમર્શીયલ કોર્ટ એકટ ની જોગવાઈ મુજબ મીડીયેશન ફી ગોંડલ કોર્ટના મીડીયેશન સેન્ટરમા જમા કરાવી મહારાષ્ટ્રના વેપારી ને મીડીયેશન માટે બોલાવવામા આવતા તેમા પણ કોઈ સહયોગ ન મળતા ના છુટકે કોમર્શીયલ કોર્ટ એકટ હેઠળ રૂા.૫૬,૦૦,૦૦૦/- વ્યાજ સહીત વસુલ મળવા દાવો દાખલ કરેલ જે કેસ ચાલી જતા તેમના વકીલ નિરંજય એસ. ભંડેરી ની કાયદા તથા હકીકતના મુદાઓની રજુઆતોને ધ્યાને લઈ ગોંડલના મહે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ એમ.એસ.દવે એ વાદી પટેલ પરસોતમભાઈ ગોવિંદભાઈ એન્ડ કું. ના નામથી ચાલતી ભાગીદારી પેઢી ના ભાગીદાર દરજ્જે હિતેષભાઈ પરસોતમભાઈ પાંભર દ્વારા કરવામા આવેલ દાવો મંજુર કરી દાવાવાળી રકમ રૂા.૫૬,૦૦,૦૦૦/- વાર્ષિક-૯% ના વ્યાજ સાથે ચુકવી આપવા પ્રતિવાદી ડી.કે. એન્ટરપ્રાઈઝ વિરૂધ્ધ હુકમ ફરમાવેલ છે. આ કેસમાં વાદી વતી ભંડેરી એડવોકેટસ - ગોંડલના વકીલ નિરંજય એસ. ભંડેરી તથા પ્રજ્ઞા એન. ભંડેરી તથા શિવલાલ પી. ભંડેરી તથા રવિરાજ પી. ઠકરાર રોકાયેલા હતા.

# કોંઢ ગામે ઉદ્ઘાટનના આમંત્રણ બાબતે બે જુથ વચ્ચે સશસ્ત્ર મારામારી

## એગ્રીકલ્ચરની દુકાનના ઉદ્ઘાટન પ્રસંગે થયેલી બોલાચાલીમાં ફાયરીંગઃ બંને પક્ષે મળી ૧૫ સામે ફરિયાદ

**અબતક સલીમ ઘાંચી, ધાંગધ્રા**

કોઢ ગામે દુકાનના ઉદઘાટનના પ્રસંગને લઈને બોલા ચાલી થતા ઉગ્રસ્વરૂપ ધારણ કર્યું હતું અને બનાવની બન્ને પક્ષો વચ્ચે બોલાચાલી થતા ફાયરિંગ અને ધારીયા જેવા હથીયાર દ્વારા ખુની હુમલાનો બનાવ બનતા ધ્રાંગધ્રા તાલુકા પોલીસમાં બંને પક્ષો દ્વારા કુલ ૧૫ શખ્સો સામે ખૂની હુમલો કરી મારમારી અને ધમકી આપ્યાની ફરિયાદ નોંધવામાં આવી છે આમ બનાવને લઈને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ધાંગધ્રા ડીવાયએસપીની આગેવાની નીચે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ધાંગધ્રાના કોઢ ગામે ગત સાંજના એગ્રીકલ્ચરની દુકાનના ઉદ્ઘાટનના પ્રસંગને લઈને આમંત્રણ આપવા બાબત લઈને બોલાચાલી થતા ઉગ્ર સ્વરૂપ ધારણ થતાં ફાયરીંગ અને ધારીયા જેવા હથીયાર દ્વારા ખુની હુમલાનો બનાવ બનેલ ત્યારે ધ્રાંગધ્રા એપીએમસી પૂર્વ ચેરમેન કનકસિહ ભુપતસિંહ ઝાલાને માથાના ભાગે ધારીય જેવા હથીયાર થી ગંભીર ઈજા થતા સુરેન્દ્રનગર સી યુ શાહ હોસ્પીટલ દાખલ કરવામાં આવતા તેઓ દ્વારા આરોપી કરણભાઈ નારસંગભાઈ પઢીયાર. નારસંગભાઈ રૂપાભાઈ પઢીયાર, ભાવેશભાઈ ધનાભાઈ પઢીયાર. રહે ત્રણેય કોઢ મોહબતભાઈ રૂપાભાઈ ટાંક. હર્ષદભાઈ ટાંક. ભવાનભાઈ ભાણો ત્રણેય રહે કલ્યાણપૂર અને ત્રણ અજાણ્યા શખ્સો સામે ખુની હુમલો કરી માથાના ભાગે ધારીયા જેવા હથીયાર થી ગંભીર ઈજા કર્યાંની ફરીયાદ ધ્રાંગધ્રા તાલુકા પોલીસમાં નોધાવી જ્યારે સામા પક્ષે ફરીયાદી ભરતભાઈ રૂપસંગભાઈ પઢીયાર રહે કોઢ વાળા દ્વારા આરોપી કનકસિહ ભુપતસિંહ ઝાલા. ગજેન્દ્રસિંહ પ્રતાપસિંહ ઝાલા. શકિતસિંહ લખુભા ઝાલા અને ત્રણ અજાણ્યા શખ્સો દ્વારા દુકાનના ઉદ્ઘાટન પ્રસંગે આમંત્રણ આપવા બાબને લઈને બોલાચાલી કરી દુકાન મા તોડ ફોડ કરી પચ્ચાસ હજારનું નુકસાન કરી બધુકમાથી ફાયરીંગ કર્યાંનો ધ્રાંગધ્રા તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવતા બન્ને પક્ષોની ફરીયાદ નોધી કોઈ અનિચ્છનીય બનાવ નો બન્ને તે માટે ધ્રાંગધ્રા ડીવાયએસપી જે ડી પુરોહિતના માર્ગદર્શન નીચે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ એસઓજી એલસીબી દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.



# સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા હાઈવે પર કારમાં આગ લાગતા દોડધામ

## કારમાં સવાર બે વ્યકિતનો આબાદ બચાવ થતા દુર્ઘટના ટળી

**અબતક ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં ચાલુ વાહનમાં આગ લાગવાના બનાવો વધી રહ્યાં છે ત્યારે સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા હાઈવે પર દુધરેજ પુલ પર એક કારમાં રાત્રીના સમયે આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી જો કે સદનસીબે કોઈ જાનહાનીનો બનાવ ન બનતા દુર્ઘટના ટળી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા હાઈવે પર દુધરેજ પાસે પુલ નજીકથી પસાર થઈ રહેલ એક કારમાં અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી જ્યારે કારમાં સવાર ચાલક સહિત બે વ્યક્તિ સમય સુચકતા વાપરી કારની બહાર નીકળી જતા બન્નેનો આબાદ બચાવ થયો હતો ગણતરીની મીનીટોમાં જ કાર બળીને સંપૂર્ણ ખાખ થઈ ગઈ હતી જ્યારે આ બનાવની જાણ થતાં આસપાસથી પસાર થતાં લોકોના તેમજ વાહન ચાલકોના ટોળેટોળાં ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા તેમજ પાલીકાની ફાયર ફાયટર ટીમને પણ જાણ કરતા સ્થળ પર આવી કારમાં લાગેલ આગને બુઝાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. સદનસીબે કોઈ જાનહાનીનો બનાવ ન બનતા દુર્ઘટના ટળી હતી જ્યારે આ બનાવને પગલે પોલીસ કાફલો પણ સ્થળ પર આવી પહોંચ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી. કારમાં આગ લાગવાનું કારણ હાલ અકબંધ રહેવા પામ્યું છે.



# હળવદ: પરિણીતાને ભગાડી જવા પ્રશ્ને ખેલાયો ખૂની ખેલ

## સુરવદરના યુવક શકિતનગરની પરિણીતાને ઉઠાવી જતા ખેલાયું ધિગાંણું

## યુવકના કાકાનું મોત નિપજતા બનાવ હત્યામાં પલ્ટાયો: મહિલાના ભાઈ અને પતિ સહિત સામે નોંધાતો ગુનો: ત્રણ ઘાયલ

**અબતક, ૠષિ મહેતા, મોરબી**

હળવદ તાલુકાના સુરવદર ગામે હત્યાનો બનાવ સામે આવ્યો છે, જેમાં સુરવદરના યુવક અને શક્તિનગર ગામે રહેતી પરિણીતા વચ્ચે પ્રેમ સંબંધ હોય જેથી બન્ને ભાગી ગયા હોય, જેનો ખાર રાખી પરિણીતાના પતિ તથા ભાઈ સહિતના લોકો રાત્રે ૪ વાગ્યાના અરસામાં બે ફોરવ્હીલ ગાડીમાં આવી ભગાડી જનાર યુવકના ભાઈનું અપહરણ કરી લઈ જતા હોય ત્યારે પરિવારજનો છોડાવવા વચ્ચે પડતા છરી અને ધોકા વડે હુમલો કરવામાં આવ્યો હતો, જે હુમલામાં યુવકના કાકાનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે હત્યાના આ બનાવ અંગે હળવદ પોલીસે અપહરણ, હુમલો, હત્યા સહિતની કલમો હેઠળ ચાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તમામને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.



હળવદ તાલુકાના સુરવદર ગામે રહેતા ખેડૂત પરિવારના કિરણભાઈ કરશનભાઈ ધમેચા ઉવ.૨૩ એ હળવદ પોલીસ મથકમાં આરોપી વિશાલભાઈ રમેશભાઈ કોળી, શામજીભાઈ રણછોડભાઈ કોળી, સાગરભાઈ રણછોડભાઈ કોળી ત્રણેય રહે.રાયધ્રા ગામ તા.હળવદ તથા આરોપી આશીષભાઈ બાબુભાઈ કોળી રહે. ગામ શક્તિનગર તા.હળવદ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવ્યા અનુસાર તા.૧૮/૦૫ ની

મળતી પ્રાપ્ત વિગતો મુજબ વહેલી સવારે કિરણભાઈ ધામેચા પોતાના ઘરની ઓસરીમાં સુતા હતા. તે દરમિયાન ચારેક વાગ્યે ઉપરોક્ત આરોપીઓએ કિરણભાઈનું અપહરણ કર્યું હતું. આ શખ્સોએ તેમને ઘરની ઓસરીમાંથી ઉંઘતી હાલતમાં જ ઉઠાવી સફેદ કલરની ફોર વ્હીલ ગાડીમાં બેસાડી લઈ જતા હોય ત્યારે રસ્તામાં કિરણભાઈના કાકા ચંદુભાઈ રાઘવજીભાઈ તેમને બચાવવા વચ્ચે પડતા, જેથી આરોપી વિશાલભાઈએ છરીથી તેમનાં છાતી પર ઘા ઝીંક્યો હતો, જેના કારણે તેઓ લોહીલુહાણ હાલતમાં નીચે પટકાયા હતા. જે બાદ આરોપી વિશાલભાઈએ કિરણભાઈના કાકાના દીકરા જયેશભાઈ પર પણ છરી વડે જીવલેણ હુમલો કર્યો અને અન્ય પરિવારજનોમાં જયસુખભાઈ તથા સંજનાબેનને અન્ય આરોપીઓએ ધોકા વડે ઈજાઓ પહોંચાડી હતી.

ઘટનાના પગલે આરોપીઓ બે અલગ અલગ ફોરવ્હીલ કારમાં બેસી ફરાર થઈ ગયા હતા. બીજીબાજુ ઈજાગ્રસ્તોને ગામના લોકોની મદદથી તાત્કાલિક જેતપર સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટરે કિરણભાઈના કાકા ચંદુભાઈને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. કાકાના દીકરા જયેશભાઈને માથામાં ગંભીર ઈજા હોવાના કારણે મોરબી રીફર કરવામાં આવ્યા હતા, જ્યારે જયસુખભાઈ અને સંજનાબેનને સારવાર આપી રજા અપાઈ હતી. ત્યારે સમગ્ર બનાવ હત્યામાં પલટાયો હતો, હાલ હળવદ પોલીસે કિરણભાઈની ફરિયાદને આધારે ઉપરોક્ત ચારેય આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીમાં ડો.હસ્તીબેનના આરોગ્ય કેમ્પનું સફળ સમાપન

## ખોખરા હનુમાન અને રોઅર ક્રિકેટ એકેડમી ખાતે યોજાયેલ કેમ્પનો ૨૫૦થી વધુ દર્દીઓએ લાભ લીધો

**અબતક, ૠષિ મહેતા, મોરબી**




મોરબીમાં તાજેતરમાં બે આરોગ્ય કેમ્પ યોજાયા હતા. જેમાં ડો. હસ્તલેખાબેન મહેતા દ્વારા હેલ્થ ચેકઅપ, દવા વિતરણ, બ્લડ સુગર-બીપી ચેક, અને આંખોની તપાસ કરવામાં આવી હતી. અલગ અલગ આરોગ્ય કેમ્પમાં કુલ મળીને ૨૫૦થી વધુ દર્દીઓએ લાભ મેળવ્યો હતો.

મોરબી શહેર આરોગ્યસેવામાં સતત અગ્રેસર રહ્યું છે. જેમાં ડો. હસ્તલેખાબેન (હસ્તી) મહેતા દ્વારા ૧૭૯મો આરોગ્ય કેમ્પ ખોખરા હનુમાન ખાતે યોજાયો હતો. આ કેમ્પનું ચારૂમતીબેન પ્રસન્નકુમાર જાની તથા આચાર્ય વિદ્યાબેન મહેતાની યાદમાં આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં આવેલા દર્દીઓનું વજન માપવામાં આવ્યું અને તેમની તબિયત અનુસાર ત્રણ દિવસની દવા આપી. જરૂરિયાત મુજબ બ્લડ સુગર ટેસ્ટ તથા બીપી ચેક પણ કરાયું. કેમ્પ દરમિયાન ખોખરા હનુમાનના મહંત કનકેશ્વરીમાઁ સાથે મુલાકાત તથા આશીર્વાદ લેવામાં આવ્યા હતા.

જ્યારે ૧૮૦મો આરોગ્ય કેમ્પ રોઅર ક્રિકેટ એકેડેમી, લાલપર ખાતે યોજવામાં આવ્યો હતો.

આ કેમ્પમાં ક્રિકેટના તાલીમાર્થી બાળકો અને તેમના પરિવારજનો માટે સંપૂર્ણ હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. ૧૫ વર્ષથી ઉપરના બાળકો અને વડીલોના બ્લડ સુગર તથા બીપી ચેક કરાયા હતા. બંને કેમ્પમાં સુરેશભાઈ કાલરીયાએ આંખોની તપાસ કરી હતી. જયસુખભાઈ ભાલોડીયાએ કુદરતી ઉપચારથી રાહત આપી હતી. આ કેમ્પમાં ડો.સદ્દાત અલી ખાન, રાજકુમાર શર્મા તથા પોતાની જમીન વિદ્યાર્થીને તાલીમ માટે આપનાર કિરીટભાઈ પ્રજાપતિ, અરવિંદસિંહ, મનદીપસિંહ અને તેમની ટીમે શિસ્તબધ્ધ કામગીરી કરી. કેમ્પને સફળ બનાવવા કેતનભાઈ મહેતા, રશિમનભાઈ દેસાઈ, નિશાબેન દેસાઈ અને કૌશિકાબેન રાવલે પોતાની સેવા આપી હતી.

# મોરબી: ચોરાઉ બાઈક સાથે રીઢો તસ્કર ઝડપાયો

## ગોંડલ શહેરમાંથી ટુ વ્હીલર્સ ચોર્યાની કબુલાત: એકની શોધખોળ




**અબતક, ૠષીમહેતા, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે ગોંડલ સીટી વિસ્તારમાંથી ચોરી કરેલ બાઈક સાથે રીઢા વાહન ચોરને મોરબીના ત્રાજપર ચોકડી પાસેથી પકડી લેવામાં આવ્યો છે, આ સાથે પકડાયેલ આરોપી પાસેથી ચોરી કરેલ બાઈક કબ્જે લેવામાં આવ્યું છે, જ્યારે આ વાહન ચોરીમાં વધુ એક આરોપીનું નામ ખુલતા તેને ફરાર દર્શાવી પોલીસે આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

મોરબી એલસીબી અને પેરોલ ફર્લો ટીમને મળેલ બાતમી આધારે એક ઈસમને મોરબી ત્રાજપર ચોકડી પાસે આવેલ ઓવરબ્રીજના વાંકાનેર તરફ જતા રસ્તે સર્વીસ રોડ ઉપરથી શંકાસ્પદ મોટર સાયકલ સાથે પકડી લેવામાં આવ્યો હતો. ત્યારે મળી આવેલ મોટર સાયકલના મુળ માલીક બાબતે પોકેટ કોપ એપ્લીકેશન મારફતે સર્ચ કરતા રજી.નં. જીજે-૦૩-જેબી-૯૪૬૩ વાળું મોટર સાયકલ જયેશભાઈ સામતભાઈ ગુજરાતી રહે. મોટાઉમવડા તા.ગોંડલ જી. રાજકોટવાળાના નામે નોંધાયેલ હોય, જેથી પકડાયેલ આરોપી પાસે મોટર સાયકલના આધાર, પુરાવા તથા કાગળો માંગતા નહી હોવાનુ જણાવતા તેમજ ઉપરોક્ત મોટર સાયકલ બાબતે રેકર્ડ આધારીત તપાસ કરતા ગોડલ સીટી બી. ડીવીઝન પોલીસ મથકમાં ચોરી થાય અંગે ગુનો રજીસ્ટર થયેલ હોય, જેથી તુરંત આરોપી અજયભાઈ સુરાભાઈ વાધેલા ઉવ.૨૯ રહે. હાલ કુડલા તા. ચુડા. જી. સુરેન્દ્રનગર મુળ રહે.ગઢડા તા.બોટાદ જી.બોટાદ વાળાની અટકાયત કરવામાં આવી હતી, જ્યારે પકડાયેલ આરોપીની સઘન પૂછતાછમાં સહઆરોપી તરીકે આરોપી વિપુલભાઈ છગનભાઈ સાંઢમીયા રહે. ઘેલાસોમનાથ તા.જસદણ જી. રાજકોટવાળાના નામની કબુલાત આપતા તેને ફરાર દર્શાવી બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી-૨: ઈન્દિરાનગરમાં જુગાર રમતા પાંચ પોલીસ ઝપટે ચડ્યા

**અબતક, ૠષી મહેતા, મોરબી**

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં ઈન્દિરાનગરમાં ગંજીપત્તાના પાના વડે જુગારની મહેફિલ માંડી બેઠેલા ઈસમોને બી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે, જેમાં તીનપત્તીનો જુગાર રમતા . કાનજીભાઈ રામજીભાઈ સુરેલા ઉ.૫૫ શેરી નં.૩ કબીર ટેકરી મોરબી-૨, રાજુભાઈ મગનભાઈ સુરેલા ઉ.૪૬ ઈન્દીરાનગર મેલડી માતાના મંદીર વાળી શેરી મોરબી-૨, કિશોરભાઈ મેરૂભાઈ ધોળકિયા ઉ.૫૯ સર્કિટ હાઉસની સામે વિધુતનગર મોરબી-૨, ત્રિભોવનભાઈ બચુભાઈ સનુરા ઉ.૫૫ ગાયત્રીનગર હનુમાનજીના મંદીરની બાજુમાં મોરબી-૨ તથા પ્રવિણભાઈ રામજીભાઈ સુરેલા ઉ.૪૦ શેરી નં.૩ કબીર ટેકરી મોરબી-૨ વાળાની રોકડા રૂ.૬,૪૦૦/- સહિતના મુદ્દામાલ સાથે પકડી લઈ તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોરબીના પંચાસર ગામની સીમમાં દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો ઝડપાયો, આરોપી ફરાર.

**અબતક,ૠષી મહેતા, મોરબી**

મોરબી તાલુકા પોલીસ ટીમને બાતમી મળી કે પંચાસર ગામે રહેતા કમલેશભાઈ પરબતભાઈ નાગર સહકારી દૂધ મંડળી પાછળની ખરાબા ની જમીનમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીમાં દારૂ ગાળતો હોવાની પૂર્વ બાતમીને આધારે તાલુકા પોલીસે ઉપરોક્ત સ્થળે રેઈડ કરતા, સ્થળ ઉપરથી દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ૨૦૫ લીટર ઠંડો આથો કિ.રૂ. ૪,૧૦૦/-મળી આવ્યો હતો. જ્યારે આરોપી કમલેશભાઈ પરબતભાઈ ઉર્ફે પબાભાઈ નાગર દરોડા દરમિયાન હાજર નહિ મળી આવતા તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ટંકારા: પરિણીતાને મરવા મજબુર કરનાર પતિ અને સાસુ-સસરા વિરુદ્ધ ફરિયાદ

## વિદેશ ભણવા જવાના ૫ લાખ માંગતા, જે આર્થિક માંગણી ન સંતોષાતા દુઃખ ત્રાસ આપતા કુળવધુએ અંતિમ પગલું ભર્યું

**અબતક, ૠષી મહેતા, મોરબી**

ટંકારા ટાઉનમાં લક્ષ્મીનારાયણ સોસાયટી-૫ માં રહેતી પરિણીતાને તેના પતિ તથા સાસુ-સસરા દ્વારા કરિયાવર તેમજ વિદેશ જવા જમાઈને પિતા દ્વારા રૂપિયા ન આપતા જે બાબતને લઈને પરિણીતાને માનસિક દુઃખ ત્રાસ આપતા હોય જે કારણે પરિણીતાએ પોતાની જાતે આપઘાત કરી લીધો હોવાના બનાવ બાબતે મૃતકના પિતાએ પતિ સહિતના સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, લીંબડી તાલુકાના ઉંટડી ગામે રહેતા વિનોદભાઈ નાનજીભાઈ પરમાર ઉવ.૬૨ની પુત્રી કિંજલબેનના લગ્ન મોરબી જીલ્લાના ટંકારા ખાતે લક્ષ્મીનારાયણ સોસાયટી-૫ માં રહેતા શુભમ પનારા સાથે થયા હોય ત્યારે આરોપીઓએ ફરીયાદી વિનોદભાઈની દિકરી કિંજલને લગ્ન બાદ તેમના જમાઈ શુભમને વિદેશમા ભણવા જવા માટે રુપીયા પાંચ લાખની જરુર હોય અને તે રુપીયા ફરીયાદીની દિકરી પાસે માંગતા હોય જે બાબતે દીકરીએ પોતાના પિતાને વાત કરી હતી, પરંતુ ફરીયાદી વિનોદભાઈની આર્થિક સ્થિતી નબળી હોવાથી તેઓએ પાંચ લાખ રૂપિયા નહી આપતા, જમાઈ શુભમ તથા તેના માતા રિનલબેન પનારા તેમજ હીરાલાલ કરશનભાઈ પનારાને સારુ નહી લાગતા જેથી ગઈ તા.૦૩ માર્ચ ૨૦૨૫ થી ૧૮ મે ૨૦૨૫ ઉપરોક્ત બાબતે દિકરી કિંજલને કરીયાવર બાબતે તેમજ રુપીયા બાબતે અવાર-નવાર મેણા-ટોણા મારી માનસીક દુઃખ ત્રાસ આપતા હતા, જે કિંજલથી સહન નહી થતા તેણીને આત્મહત્યા કરવા દુસપ્રેરીત કરતા આખરે દીકરી કિંજલ પોતાની જાતે ગળા ફાસો ખાઈ આત્મહત્યા કરી પોતાનું જીવન ટુંકાવ્યું હતું. હાલ ટંકારા પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસની કલમો હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી: વોન્ટેડ બુટલેગરને ઝડપી પાડતી ક્રાઈમ બ્રાંચ

**અબતક, ૠષી મહેતા, મોરબી**

હળવદના જુના દેવળીયા ગામેથી પાંચ માસથી નાસતો ફરતો પ્રોહિબીશનના ગુનાના વોન્ટેડ આરોપીને મોરબી એલસીબીની ટીમે ઝડપી પાડયો છે. પકડાયેલ આરોપી ઉપર અગાઉથી ૨૨ જેટલા ગુનાઓ નોંધાયેલ છે.



હળવદ પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહી.ના ગુનાનો પાંચ માસથી નાસતો ફરતો અને અગાઉ મારામારી, ચોરી, જુગાર, પ્રોહીબીશનના ગુનામાં ઘણી વખત પકડાયેલ આરોપી વિજય જયંતિભાઈ અઘારા હાલ જુના દેવળીયા ગામ ખાતે હાજર હોય જે મુજબની બાતમીને આધારે એલસીબી ટીમ દ્વારા જુના દેવળીયા ગામે તપાસ કરતા આરોપી વિજય જયંતીભાઈ અઘારાને ઝડપી પાડી હસ્તગત કરી હળવદ પોલીસ સ્ટેશન હવાલે કરાયો હતો. પકડાયેલ આરોપી વિજય અઘારા બહુ મોટો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેના વિરુદ્ધ મોરબી જીલ્લાના વિવિધ પોલીસ મથકો તેમજ રાજકોટ, અમદાવાદ અને સુરેન્દ્રનગર જીલ્લાના મથકોમાં દારૂ, ચોરી, જુગાર અને મારામારી જેવા કુલ ૨૨ ગુનાઓમાં નામ નોંધાવી ચુક્યો છે.

# હળવદ પોલીસના ત્રણ દરોડા પરપ્રાંતિય મજૂરોને કામે રાખી

## એપમાં રજિસ્ટ્રેશન ન કરનાર વિરુદ્ધ કાર્યવાહી

**અબતક, ૠષી મહેતા, મોરબી**

હળવદ પોલીસ દ્વારા અલગ અલગ ત્રણ દરોડામાં પરપ્રાંતિય મજૂરોના આઈડી પ્રૂફ તથા મોરબી એસ્યુર્ડ એપમાં રજિસ્ટ્રેશન નહિ કરી જાહેરનામાનો ભંગ કરતા, ૨ વાડી-માલીક તથા ૧ ગોડાઉન-માલીક એમ ત્રણ વિરુદ્ધ જાહેરનામાના ભંગ કરવાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

હળવદ તાલુકાના ઈંગરોળા ગામની સીમમાં આવેલ વાડી માલીક મનસુખભાઈ બાવલભાઈ માકસણા ઈવ.૬૫ રહે.વિશ્વાસ સોસાયટી સરા રોડ હળવદ વાળાએ પોતાની વાડીમાં કામ કર્યા પરપ્રાંતિય મજૂરોની વિગતો તથા આઈડી પ્રૂફ તેમજ મજૂરોનું મોરબી એસ્યુર્ડ એપમાં રજિસ્ટ્રેશન ન કરાવી જીલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કર્યો હોય, તેવી જ રીતે હળવદના ઈશ્વરનગર ગામની સીમમાં આવેલ શ્રીરામ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા પરપ્રાંતિય મજૂરોનું મોરબી એસ્યુર્ડ એપમાં રજિસ્ટ્રેશન નહી કરાવનાર સાગરભાઈ કાળુભાઈ વડગાસીયા ઉવ.૨૯ રહે.મેરૂપર તા.હળવદ વાળાએ જાહેરનામાનો ભંગ કર્યો હોય, જ્યારે ત્રીજા દરોડામાં હળવદ માળીયા હાઈવે ઉપર કૃષ્ણ હોટલ પાછળ નવા બંધાતા ગોડાઉનમાં કામ કરતા મજૂરોના આઈડી તથા મોરબી એસ્યુર્ડ એપમાં રજિસ્ટ્રેશન નહિ કરાવનાર મૂળ ઉત્તરપ્રદેશના લાલપુર કેરાક્ત ગામ હાલ નવા બંધાતા ગોડાઉન વાળો આરોપી વિનોદકુમાર બબઉરામ સોનકર ઉવ.૪૧ વાળા વિરુદ્ધ જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હળવદ પોલીસે ઉપરોક્ત ત્રણેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસ કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ જીઆઈડીસી પાછળ જુગાર રમતા ચાર પકડાયા

**અબતક, ૠષી મહેતા, મોરબી**

હળવદ ટાઉનમાં જીઆઈડીસી પાછળ જાહેરમાં જુગાર રમતા હોવાની પૂર્વ બાતમીને આધારે પોલીસે રેઈડ કરી હતી, જ્યાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા રાહુલભાઈ કેશાભાઈ દેથરીયા ઉવ.૨૩ રહે.હળવદ જીઆઈડીસી પાછળ, જીગ્નેશભાઈ કેશુભાઈ ગોઢાણીયા ઉવ.૩૧ રહે. હળવદ જીઆઈડીસી પાછળ છાપરામાં, ઈકબાલભાઈ ગુલામભાઈ કટીયા ઉવ.૩૬ રહે.મીઠાના ગંજા ટીકર રોડ હળવદ તથા રાણાભાઈ વિરાભાઈ સોલંકી ઉવ.૪૫ રહે.હરીદર્શન સામે છાપરામાં હળવદ વાળા એમ ચાર ઈસમોને રોકડા રૂ.૨,૪૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી કરી છે.

# અમરેલી: વાવડી ગામના રકતદાન કેમ્પમાં ૩૪ બોટલ રકત એકત્રિત

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકાના વાવડી ગામે શહીદ વીર વિકાસ પ્રાથમિક શાળા ખાતે સરહદ સાચવતા જવાનો માટે વાવડી ગામમાં રકતદાન નું આયોજન કરવામાં આવ્યું હતું યુદ્ધ જેવી પરિસ્થિતિમા દેશના સૈનિકોને રક્તદાનની અછત ન રહે તે માટે તાલુકા આરોગ્ય વિભાગ કુંકાવાવ,પ્રા.આ. કેન્દ્ર દેવગામ અને આયુષ્ય માન આરોગ્ય કેન્દ્ર વાવડી દ્વારા રક્ષક જવાનો માટે રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું કેમ્પમાં વાવડી ગ્રામ પંચાયતના



સરપંચ નરેન્દ્ર ભાઈ ડુંમર તેમજ તમામ સભ્યોના સહયોગથી વાવડી ગામ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આ કેમ્પ માં સરપંચ પરિવાર ના તમામ સભ્યો એ પણ રકતદાન કર્યું હતું જેમાં ૩૪ બોટલો રક્ત એકત્રિત કરવામાં આવી હતી.

# મોરબી: બાંધકામ મંજુરી સંબંધિત પરિપત્રો રદ કરવા કોંગ્રેસ દ્વારા પંચાયત મંત્રીને રજૂઆત

**અબતક, ૠષી મહેતા, મોરબી**

મોરબી જીલ્લા વિકાસ અધિકારી દ્વારા બહાર પાડેલા ત્રણ પરિપત્રો અંગે કોંગ્રેસના જીલ્લા પ્રમુખ કિશોરભાઈ ચીખલિયાએ આકરો વાંધો ઉઠાવી પરિપત્રો રદ કરવા માટે રાજ્યના પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ સમક્ષ લેખિત રજૂઆત કરી છે.

મોરબી જીલ્લામાં બાંધકામ મંજુરીની પ્રક્રિયાને લઈને વાંધા ઉભા થયા છે. જીલ્લા વિકાસ અધિકારી દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્રોને લઈ વિવાદ સર્જાયો છે. આ સંદર્ભે મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશોરભાઈ ચીખલિયાએ રાજ્યના પંચાયત મંત્રી બચુભાઈ ખાબડને લેખિત રજૂઆત કરી છે કે, બાંધકામ મંજુરી આપવા માટે ગ્રામીણ વિસ્તારોમાં જીલ્લા વિકાસ અધિકારીઓના આ પરિપત્રોથી તંત્ર પાસેની પ્રક્રિયા વધુ જટિલ બની ગઈ છે. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૧૦૪ મુજબ બાંધકામની મંજુરી આપવાનો અધિકાર ગ્રામ પંચાયત પાસે છે અને આ મંજુરી ગ્રામ સભામાં મેળવવી હોય છે. તેમાં તાલુકા પંચાયતની ભૂમિકા નથી. છતાં, હાલના પરિપત્રો મુજબ તાલુકા પંચાયત કચેરીથી પણ અભિપ્રાય લેવાની જોગવાઈ કરાઈ છે, જે પંચાયત સિસ્ટમ વિરુદ્ધ છે. આ નિર્ણયથી નાના મકાનધારકો તથા નાના ઔદ્યોગિક એકમોને માનસિક અને આર્થિક હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. તેમ છતાં આ પરિપત્રો મોરબી જીલ્લા માટે જ અમલમાં મુકાયા છે, ભેદભાવરૂપ લાગતું હોવાથી, તેનું યોગ્ય નિરીક્ષણ થવું જોઈએ. સાથે માંગ કરી છે કે આ પરિપત્રોની યોગ્ય તપાસ કરીને મોરબી માટેના ખાસ પરિપત્રો રદ કરવામાં આવે, જેથી નાના ઉદ્યોગકારો અને મકાનધારકોને રાહત મળે અને વિકાસના માર્ગે અવરોધ ન થાય તેવી માંગણી સાથે લેખિત રજુઆત કરી છે.

# પાલીતાણામાં બાળકોના વિકાસ અને આનંદનું સરનામું એવા સમર કેમ્પનો પ્રારંભ



**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વાર યોગનો વારસો જળવાઈ રહે બાળકોમાં નાની ઉંમરથી જ શારીરિક તથા માનસિક તંદુરસ્તી માટે જાગૃતતા કેળવાઈ તે માટે સમર કેમ્પનું આયોજન પાલીતાણા એમ એમ કન્યા વિદ્યા લયમાં ૩૦ મે સુધી ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે સવારે ૭ થી ૯ સમર કેમ્પ નું આયોજન કરવામાં આવેલ છે,જેમાં બહોળી સંખ્યામાં બાળકો ભાગલે ,તેમ વાલીઓને અનુરોધકરવામાં આવે છે

આ કેમ્પનું ઉદઘાટન દીપ પ્રાગટ્ય, બ્રહ્મ કુમારી રીટાબેન અને જનક ભાઈ એ બાળકો માં સારા સંસ્કારોનું સિંચન થાય,સુટેવો વિકસે, શારીરિક રીતે સશકત બને,મોબાઈલ નો ઉપયોગ ન કરવા, બહારની વસ્તુ ન ખાવા પાણી ની બચત સ્વચ્છતા વિગેરે સંદર્ભે નાના બાળ કોને ને સમજાય તેવી હળવી શૈલીમાં ખૂબ સરસ રીતે સમજણ આપેલ,યોગ ટ્રેનર મોનિકા બેને આ કેમ ની સંપૂર્ણ માહિતી આપેલ યોગ ટ્રેનીંગ પણ તેમના દ્વારા આપવામાં આવશે ,શાળાનુ બિલ્ડિંગ આપવા બદલ એજ્યું કેશનસોસાયટીનો અને આચાર્યનો આભાર પણ વ્યકત કરેલ..આભાર દર્શન.

મોરડીયા શોભનાબેન કરેલ તેમજ સમગ્ર કાર્ય ક્રમનું સંચાલન રમેશભાઈ વિરાશ દ્વારા કરવામાં આવેલ.આ કાર્ય ક્રમની સફળતા બદલ જિલ્લા કોઓર્ડીનેટર હેતલબેન કાછડીયા,જીગ્નેશભાઈ પટેલે અભીનંદન પાઠવ્યા હતા.

# અમરેલી જિલ્લાના માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



અમરેલી જિલ્લાના દરિયાઈ વિસ્તારમાં તમામ માછીમારોને આગામી સુચના ન મળે ત્યાં સુધી દરિયો ન ખેડવા સૂચના છે આમ છતાં કોઈપણ માછીમાર દરિયો ખેડવા ગયા હોય તો તે તમામને પરત ફરવા જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકએ જણાવ્યુ છે. આ માટે જિલ્લાના વિવિધ માછીમાર બોટ એસોસિએશનના પ્રમુખો, સમાજના આગેવાનો, વિવિધ મંડળીના પ્રમુખો તથા માછીમારી કરતા બોટ અને હોડીના માલિકોને પણ સહયોગ આપવા અપીલ છે. માછીમારના જાન-માલને નુકસાન ન થાય તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા તથા તમામ માછીમારીને પોતાની બોટો સુરક્ષિત જગ્યાએ લાંગરવા જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક દ્વારા એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

વીણાબેન કેતનભાઈ શેઠ પરિવાર દ્વારા

# ધારીમાં 'સ્વસ્તિક સુવર્ણ ઉત્સવ'થી જૈન-જૈનતરોમાં ધર્મોલ્લાસ

**૭૧ આરાધકોના વર્ષીતપ પારણા - પ્રેરણા ઉત્સવની ત્રિ દિવસીય ઉજવણી**

**વેરાવળ, વડોદરા,મોરબી મુંબઈ અને સૌરાષ્ટ્ર,મહારાષ્ટ્ર સહિતના આરાધકો ધારીમાં ભવ્યાતિભવ્ય ઉજવણી માં જોડાયા**

**ગોંડલ સંપ્રદાયના સાધ્વી રત્ના સદાનંદી પૂ.સુમતિબાઈ મહાસતિજી આદિ વિશાળ સતિવૃંદની આશિર્વાદ પાઠવ્યા**

**ત્રણ દિવસ ધારીના નગરજનો પોતાના ધંધા રોજગાર બંધ રાખી તપ ધર્મની બેજોડ અનુમોદના ઉત્સવમાં જોડાયા**





**અબ તક રાજકોટ**

ધારીની ધન્ય ધરા છે. કારણકે ધારી અને તેની આજુબાજુના ક્ષેત્રોમાંથી અનેક હળુ કર્મી આત્માઓએ દીક્ષા અંગીકાર જિન શાસનની આન - બાન - શાન વધારેલ છે.

ગામ નાનું પણ ભક્તિ ભાવવાળા નગરજનો છે લગભગ,એક - સવા વર્ષ પહેલાની વાત છે.માતુશ્રી મૃદુલાબેન નવીનભાઈ શેઠ પરિવાર રાષ્ટ્ર સંત પૂ.ગુરુદેવ નમ્રમુનિ મ.સા.ના દર્શને આવેલ. ગુરુદેના ચરણ કમળોમા પોતાના ભાવ વ્યકત કર્યો હતો

ગુરુદેવ ની પ્રેરણાથી ધારી ધર્મ સ્થાનકનુ નૂતનીકરણ થયું હતું શાતાકારી ઉપાશ્રય થઈ ગયો.

પૂજ્ય ગુરુ ભગવંતે સદબોધ આપતા કહ્યું કે તપથી અનંતા કર્મોની નિર્જરા થાય છે.

જૈન - અજૈન સૌ કોઈ આદીનાથ ઋષભદેવ સહિત અનેક તીર્થંકર પરમાત્માઓએ પ્રરૂપેલ તપની જ્યોતને જલતી રાખે તે લક્ષે તપોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે

વીણાબેન કેતનભાઈ શેઠ પરિવાર દ્વારા અહોભાવ સાથે આરાધકોને વિનંતી કરી અને ફળશ્રુતિ રૂપે બે - પાંચ નહીં પરંતુ વિવિધ ક્ષેત્રોમાંથી ૭૧ ઉપરાંત આરાધકો અહોભાવ પૂર્વક જોડાયા હતા

ઐતિહાસિક સ્વસ્તિક સુવર્ણોત્સવ

સંયમ અર્ધ શતાબ્દી અનુમોદના અવસરમાં પૂ. મહાસતીજીઓ જેવા કે ૧) ઉર્મીલાબાઈ મહા. ૨) ડો. પૂ. ડોલર બાઈમ ૩) પૂ. કલ્પનાબાઈ મ. ૪) પૂ. સંગીતાબાઈ મ. ૫) પૂ. નદાબાઈમ ૬) પૂ. સુનંદાબાઈ મ. જેઓએ સંયમ જીવનની અર્ધશતાબ્દી પૂર્ણ કરેલ છે. અને સંયમ જીવનના ૫૦માં વર્ષમાં પૂ. અજીતાબાઈ મહા. અને પૂ. ડો. અમિતાબાઈ મહાસતીજી પ્રવેશ કરી રહ્યા છે. તપસ્વી ૭૧ - અખંડ સેવા ભાવી પૂ. ભદ્રાબાઈ મ.ના સુશિષ્યા એવા સંયમી આરાધક છઠ્ઠ વાર્ષિતપના તપસ્વીની પૂ. ભવિતાબાઈ મ. + સૌરાષ્ટ્ર ભરના ૭૦ તપસ્વી સૌરાષ્ટ્રભરના સામુહિક પારણા પ્રેરણા અનુમોદના મહોત્સવ માદરે વતન ઉપકારી માતા-પિતા એવં માતૃભૂમિ ઋણ સ્વીકાર અવસર શોભાયાત્રા, સૌથી પહેલા મહાવીરના શાસનના ધર્મધ્વજો શાસનપતિ ભગવાન મહાવીર સ્વા. ફોટાથી, નવકાર મંત્ર ફોટા પૂ. ગુરુવર્યોના ફોટા, કળશ, અષ્ટ મંગલ, ૧૪ સ્વપ્ન, શુકન કળશ લોટી નાળીયેર તલવારી ખેલતી દિકરીઓ, કુવારકા ગરબી મંડળની દીકરીઓ, ૪૦ તપ સ્લોગન, સંઘપતિ જીપ્સી, તપસ્વીના ૯ ટ્રેકટરો અહિ વિવિધ પ્રોટસ સાથે વિશાળ શોભાયાત્રા શ્રી સ્થાનવાસી જૈન ધારી સંઘના ઉપાશ્રયથી પૂ. મનિષાબાઈ મહા ના માંગલીકથી ભવ્યાભી ભવ્ય શોભાયાત્રાની શરુઆત થઈ હતી.

નમ્રમુનિ મહારાજની ઉપસ્થિતિ અને તેમના પ્રવચનથી તો સમગ્ર વાતાવરણ વધુ પાવન બન્યું હશે. ૧૫૦૦ સભ્યોની હાજરી અને સૌરાષ્ટ્રના વિવિધ ગામોમાંથી આવેલા પ્રતિનિધિઓ આ પ્રસંગની મહત્તા દર્શાવે છે. મૃદુલાબેન અને નવીનભાઈ શેઠનું ઋણ સ્વીકાર અને વડીલ વંદનાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો વીણાબેન શેઠ દ્વારા કરવામાં આવેલું સમગ્ર કાર્યક્રમનું વ્યવસ્થાપન ખરેખર પ્રશંસનીય છે.આવા ધાર્મિક અને સામાજિક પ્રસંગો સમાજને એક નવી દિશા અને પ્રેરણા આપે છે.૧૬,૧૭ અને ૧૮ ત્રિદિવસીય તપ પારણા - પ્રેરણા ધર્મોત્સવ ધારીની ધન્ય ધરા ઉપર ઉલ્લાસભેર ઉજવાયો હતો

ધારી સંઘમાં અનેરો ધર્મોલ્લાસ છવાયો હતો ભાગ્યશાળી ધારી સંઘ તથા માતુશ્રી મૃદુલાબેન એન શેઠ પરિવાર તરફથી આરાધાકોની વર્ષીનતપ આયોજન કરવામાં આવ્યું હતું

# ગોંડલ: દેરડી કુંભાજી સહકારી મંડળીએ ખાતર સાથે અન્ય ખાતર આપવાના ફતવાનો કર્યો વિરોધ

## કૃષિમંત્રીને પત્ર પાઠવી ખેડુતોને ખાતર સાથે અન્ય ખાતર ફરજીયાત ન આપવા રજૂઆત

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

રાજ્યભરમાં ખેડૂતો દ્વારા ચોમાસાના પ્રારંભ અને વાવણી પહેલા ખાતરની ખરીદી કરવામાં આવી રહી છે.ત્યારે ખેડૂતોની ડીએપી,યુરીયા જેવા ખાતરોની ખરીદીમાં ફરજિયાત અન્ય ખાતરો આપવામાં આવતા હોવાની સાથે ખેડૂતોમાં રોષ વ્યાપી જવા પામ્યો છે.રાજ્યના કૃષિમંત્રી દ્વારા ખેડૂતોની ખાતરની ખરીદી ઉપર અન્ય ખાતર આપવુ ફરજીયાત નહી હોવાનું જણાવેલ છે.તેમ છતા મંડળીઓ અને વિક્રેતાઓ દ્વારા ખેડૂતોને ફરજીયાત અન્ય ખાતરો આપવામાં આવતા હોવાની સામે દેરડી(કુંભાજી) જૂથ સેવા સહકારી મંડળીના સતાધીશો દ્વારા ઠરાવ પસાર કરીને વિરોધ નોંધાવ્યો છે.આ સાથે જ સરકાર દ્વારા આ અંગે પરિપત્ર બહાર પાડવાની માંગ કૃષિમંત્રીને પાઠવીને કરી છે.

રાજ્યન કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા વિધાન સભામાં અને મિડીયા સમક્ષ જાહેર કરેલ હતી કે ખેડૂતોને ડીએપી/યુરીયા ખાતરની સાથે નેનો યુરીયા,નેનો ડીએપી કે અન્ય ખાતરો ખરીદવા ફરજીયાત નથી.તેમ છતા ખાતર વિક્રેતા કંપનીઓ દ્વારા ડીએપી કે યુરીયા ખાતરની ખરીદીની સાથે અન્ય ખાતરોનું ફરજીયાત વહેંચાણ કરવામાં આવી રહ્યુ છે. ખાતર કંપનીઓ દ્વારા ખેડૂતોને ફરજીયાત અન્ય ખાતરોનુ વહેંચાણ કરવામાં આવી રહ્યુ છે. તેમની સામે દરેક સહકારી મંડળીઓના હોદેદારોએ એક સંગઠન બનાવીને વિરોધ કરવો પણ જરૂરી પણ બનેલ છે.

# ગોંડલમાં યુવકનું મોત વાલીવારસની શોધખોળ

## બેભાન અવસ્થામાં રહેલા યુવાને સારવારમાં દમ તોડયો

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

અજાણ્યો પુરૂષ ઈસમ જે ગઈ તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ ગોડલ કોલેજ ચોક થી તુલશીબાગના રસ્તા પર અર્ધબેભાન અવસ્થામાં પડેલ મળી આવતા સરકારી હોસ્પિટલ ગોડલ ખાતે લઈ જતા વધુ સારવાર અર્થે રાજકોટ રીફર કરતા સારવાર સરમ્યાન મોત નિપજતા તેની લાશનુ રાજકોટ સરકારી હોસ્પીટલ ખાતે ગઈ તા.૧૪/૫/૨૦૨૫ ના રોજ પી.એમ. કરી મૃતક નાં વાલીવારસ ન હોય જેથી તેના મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે કોલ્ડરુમમાં રખાયેલ છે. મૃતક અજાણ્યો પુરૂષ ઉ.વ.૩૫ (આશરે) વાળો જેનુ કોઈ નામ સરનામુ કે કોઈ વાલી વારસ ન હોય તેમજ તે દેખાવે શ્યામવર્ણો હોય જે લાશ પર કપડા જોતા ક્રીમ તથા પીળા કલરની ચેકસ વાળો આખી બાઈનો શર્ટ તથા અંદર કોફી કરલનુ ટીશર્ટ તથા નિચે જોતા બ્લ્યુ કલરનુ મેલુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે આ લાસના જમણા હાથે કલાઈ ઉપર અંગ્રેજીમાં ખઘગઅ ઊંઈણ ત્રોફાવેલ છે તેમજ ડેડબોડી પરથી પકડાના ખીસ્સા ચેક કોઈ આઈ.ડી. પ્રુફ કે કઈ પણ મળી આવેલ નથી તેમજ તેનુ મોઢુ લંબગોળ તેની ઉંચાઈ આશરે પાંચેક ફુટ છે.અજાણ્યા પુરુષ નાં વાલી વારસે ગોંડલ બી'ડીવીઝન પોલીસ સ્ટેશન નો ફોનનં ૦૨૮૨૫ ૨૨૦૦૩૦ અથવા પીએસઆઈ જે.એલ.ઝાલાનો સંપર્ક કરવ યાદીમાં જણાવાયુ છે.

# ધ્રાંગધ્રા: કતલખાને ધકેલાતા ચાર પશુઓને બચાવતા જીવદયા પ્રેમી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા હાઈવે પરથી પશુઓભરેલી બોલેરો ગાડી પસાર થતી હોવાની બાતમીના આધારે જીવદયાપ્રેમીએ ગુરુકુળ ચોકડી નજીક વોચરાખી હતી ત્યારબાદ ગાડીનીકળતા તેને રોકીને ચાર પશુને બચાવી લેવામાં આવ્યા હતા જ્યારે કતલખાને પશુઓને લઈજતા આરોપીઓ સામે પોલીસફરિયાદ નોંધાઈ હતી.

સુરેન્દ્રનગર જિલ્લાના શહેરીતેમજ ગ્રામ્ય વિસ્તારોના માર્ગોપરથી વાહનોમાં પશુઓને ભરીનેકતલખાને લઈ જવાના કિસ્સાઓચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે ધ્રાંગધ્રાના હાઈવે ઉપરથીપશુઓ ભરેલુ વાહન પસાર થતુહોવાની જીવદયા પ્રેમીઓનેબાતમી મળી હતી આથી ગુરુકુળ ચોકડી નજીક ના સ્થળોએ વોચ ગોઠવવામાં આવતા બે બોલેરો ગાડી પસાર થતા તેને રોકીને તપાસ કરવામાં આવી હતી.ત્યારે ગાડીમાં ઘાસાચાર, પાણીવગર ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં અને કતલખાને લઈ જવાતી ચાર ભેંસ મળી આવી હતી આથીઆ ભેંસ ઓને છોડાવીને ધ્રાંગધ્રાપાંજરાપોળમાં મોકલી દેવામાંઆવ્યા હતા.જ્યારે પશુઓને કતલખાને લઈજવાનું કારસ્તાન કરનાર શખસો સામે તાલુકા પોલીસ સ્ટેશનના હવાલે કરવામાં આવ્યા હતા .

# કચ્છમાં હથિયાર બંધી ભંગ કરનારા ૪૮ને કાયદાના સકંજામાં લેવાયા

## કાયદો તોડનારાઓમાં આકરી કાર્યવાહીથી ફફડાટ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છમાં પોલીસે હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરનારા ૪૮ શખ્સોની ધરપકડની કાર્યવાહી કરી છે. પોલીસ અધિક્ષક સાગર બાગમારની સૂચના મુજબ શરીર સંબંધી ગુનાઓને અટકાવવા માટે આ વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.અંજાર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરી અને ભચાઉ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડાના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી. ૧૭ તારીખે હાથ ધરાયેલી આ ઝુંબેશમાં જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોને હથિયારબંધી જાહેરનામાના કેસો શોધવાની સૂચના આપવામાં આવી હતી.

પકડાયેલા શખ્સો પાસેથી છરી, ધારીયું, કુહાડી, લાકડાનો અને વાંસનો ધોકો જેવા હથિયારો મળી આવ્યા છે. આ કાર્યવાહી અંજાર, ગાંધીધામ, આદિપુર, ભચાઉ, રાપર અને અડેસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કરવામાં આવી હતી. તમામ પકડાયેલા શખ્સો વિરુદ્ધ જાહેરનામા ભંગના કેસો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# સુરેન્દ્રનગર: ટ્રકે બાઈકને અડફેટે લેતા બે મિત્રોના મોત

## બાઈક ચાલક સહિત બે વ્યક્તિના મોત અંગે ટ્રકચાલક સામે ફરિયાદ નોંધાઈ: અકાળે યુવકોના મોતથી પરિવારમાં શોકનું મોજુ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર-મુળી રોડ પર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક ચાલક સહિત બે વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજ્યા હતા જે અંગે મૃતક વ્યક્તિના પરિવારજને ટ્રક ચાલક સામે મુળી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગરના દાળમીલ રોડ પર રહેતા ફરીયાદી હરપાલસિંહ જગતસિંહ પરમારના ભાઈ અકલવંતસિંહ ઉર્ફે અશોકસિંહ પરમાર અને તેમના મિત્ર સુરેશભાઈ વજુભાઈ ખાવડીયા રહે. રતનપરવાળા બાઈક લઈને મુળી થી કુકડા તરફ આવી રહ્યાં હતાં તે દરમ્યાન સુરેન્દ્રનગર થી મુળી તરફ જતા એક ટ્રકના ચાલકે ટ્રક પુરઝડપે ચલાવી રોડની કટમાંથી રોંગ સાઈડમાં સામે આવી રહેલ બાઈક સાથે સીએનજી પંપ પાસે ધડાકાભેર અથડાવતા અકસ્માત સર્જાયો હતો જેમાં ફરિયાદીના ભાઈ અકલવંતસિંહ તેમજ બાઈક પર બેસેલ સુરેશભાઈ ખાવડીયાને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નીપજ્યા હતા જે અંગે ટ્રક ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઓપરેશન સિંદૂર બાદ ઓપરેશન બ્લેક ફોરેસ્ટ

# નકસલવાદ અને આતંકવાદને દેશભરમાંથી તિલાંજલી આપવા સરકારે કમર કસી

## ટોચના કમાન્ડર સહિત ૩૧ માઓવાદીઓ ઠાર : છતિસગઢ, તેલંગણા, ઝારખંડ સહિતના રાજ્યોમાં સર્ચ ઓપરેશન

**અબતક, રાજકોટ**

સીઆરપીએફના ડીજી જીપી સિંહે એક નિવેદન આપતાં જણાવ્યું હતું કે, છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર કરેગટ્ટુલુ હિલ્સમાં ૨૧ દિવસનું સૌથી મોટું નક્સલ વિરોધી ઓપરેશન બ્લેક ફોરેસ્ટ શરૂ કરવામાં આવ્યું છે જેનો એકમાત્ર ઉદ્દેશ્ય ડાબેરી ઉગ્રવાદના અંતની શરૂઆત છે.

ગૃહમંત્રી અમિત શાહ દ્વારા દેશમાંથી નક્સલવાદને નાબૂદ કરવા માટે ૩૧ માર્ચ, ૨૦૨૬ ની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે તે પહેલાં, સુરક્ષા દળોનું કાર્ય પૂર્ણ થયું છે. ઓપરેશન બ્લેકફોરેસ્ટ કે જેણે કેન્દ્ર અને રાજ્ય સુરક્ષા દળો વચ્ચે અનુકરણીય સંકલન દર્શાવ્યું છે. જેના પરિણામે ૩૧ માઓવાદીઓનો ખાત્મો કરવામાં આવ્યો છે. નકસલીઓના મજબૂત જૂથોને અલગ, વિખેરાયેલા એકમોમાં વિભાજીત કરવામાં આવ્યા હતા. તે આગામી દિવસો અને મહિનાઓમાં વધુ ગુપ્ત માહિતી આધારિત કાર્યવાહી માટે એક નમૂના તરીકે કામ કરશે તેમ સૂત્રો જણાવી રહ્યા છે. આગળની કામગીરી કદાચ નાના પાયે હશે કારણ કે માઓવાદીઓ હવે નાના જૂથોમાં છુપાયેલા છે, જે ઈન્દ્રાવતી રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તાર, પશ્ચિમ બસ્તર, દક્ષિણ બસ્તર, તેલંગાણા અને



કેટલાક અન્ય રાજ્યોના નાના ભાગમાં ફેલાયેલા છે.

હાલમાં છત્તીસગઢ, ઓડિશા, ઝારખંડ, બિહાર અને મહારાષ્ટ્રમાં માઓવાદી સેટઅપના અવશેષોનો નાશ કરવા માટે બહુ-મોરચાના આક્રમણના ભાગ રૂપે નકસલ વિરોધી કામગીરી ચાલી રહી છે. સીપીઆઈ (માઓવાદી) દ્વારા યુદ્ધવિરામ અને વાતચીત માટે અપીલો કરવામાં આવી છે, જે તેમની હતાશા દર્શાવે છે તેમ છત્તીસગઢ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

જોકે, કેન્દ્ર સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ટોચના સીપીઆઈ (માઓવાદી) નેતૃત્વ હજુ પણ છુપાયેલા છે ત્યારે કામગીરી બંધ કરવી એ એક વિકલ્પ હોઈ શકે નહીં. આ વર્ષે શરણાગતિ પહેલાથી જ ટોચ પર પહોંચી ગઈ છે, ૨૦૨૪ દરમિયાન ૯૨૮ ની સરખામણીમાં પહેલા ચાર મહિનામાં ૭૧૮ માઓવાદીઓએ શરણાગતિ સ્વીકારી છે. જેમ જેમ વધુ નક્સલ વિરોધી કામગીરી સાથે દબાણ વધશે, તેમ તેમ વધુ શરણાગતિ થશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ઓપરેશન બ્લેકફોરેસ્ટમાં માર્યા ગયેલા માઓવાદીઓના ફક્ત ૩૧ મૃતદેહ મળી આવ્યા હોવા છતાં દળોનો પોતાનો અંદાજ ૪૦-૪૫ મૃત્યુ તરફ ઈશારો કરે છે. ઓછામાં ઓછા બે મૃતકો જેમના મૃતદેહ મળી શક્યા નથી, તેઓ ખૂબ જ ટોચના માઓવાદી કાર્યકરો હતા.

# જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાદળોને મળી મોટી સફળતા

## શોપિયામાંથી હથિયારો સાથે ૨ આતંકી ઝડપાયા

જમ્મુ-કાશ્મીરના શોપિયા જિલ્લામાં સુરક્ષાદળોને આતંકવાદ સામે લડતમાં મોટી સફળતા મળી છે. ડી.કે. પોરા વિસ્તારમાં ભારતીય સેના, શોપિયા પોલીસ અને સીઆરપીએફ દ્વારા સંયુકત ઓપરેશનમાં ૨ આતંકવાદીઓને ધરપકડ કરવામાં આવ્યા છે. તેમની પાસેથી ૨ પિસ્તોલ, ૪ ગ્રેનેડ, ૪૩ જીવતા કારતૂસ અને વાંધાજનક સામગ્રી મળી આવી છે. જમ્મુ-કાશ્મીરના શોપિયા જિલ્લામાં




સુરક્ષાદળોએ આતંકવાદ સામેની લડાઈમાં એક મહત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે. શોપિયાના ડી.કે. પોરા વિસ્તારમાંથી સુરક્ષાદળોએ ૨ આતંકવાદીઓની ધરપકડ કરી છે, જેમની પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો અને ગુનાહિત સામગ્રી જપ્ત કરવામાં આવી છે. આ સંયુકત કાર્યવાહી ભારતીય સેના, શોપિયા પોલીસ અને કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

# ભારતમાં ત્રણ મોટા હુમલામાં સામેલ તોયબાનો આતંકી સૈફુલ્લાહ પાક.માં ઠાર

ભારતમાં ત્રણ મોટા હુમલા માટે જવાબદાર લશ્કર-એ-તોયબાનો ટોચનો આતંકી સૈફુલ્લાહ ખાલિદ પાકિસ્તાનમાં માર્યો ગયો છે. પાક.ના સિંધ પ્રાંતમાં તેની અજાણ્યા શખ્સો દ્વારા હત્યા કરી દેવામાં આવી હોવાનું સામે આવ્યું છે. સૈફુલ્લાહ ખાલિદ ભારતમાં મોટા હુમલામાં સામેલ હતો, જેમાં ૨૦૦૧માં રામપુરમાં સીઆરપીએફ કેમ્પ પર હુમલો, બેંગલોરમાં ૨૦૦૫માં ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ પર હુમલો અને નાગપુરમાં આરએસએસના કાર્યાલય પર ૨૦૦૬માં થયેલા હુમલાઓનો સમાવેશ થાય છે. એક મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો



છે કે સૈફુલ્લાહ ખાલિદ પોતાનું નામ બદલીને વિનોદ કુમાર જેવા નકલી નામ સાથે નેપાળમાં રહેતો હતો. તે નેપાળમાં આ નામ સાથે વર્ષો સુધી રહ્યો હતો. આ નામથી તેણે નેપાળમાં પોતાનું બનાવટી સ્થાનિક ઓળખ કાર્ડ પણ બનાવડાવ્યું હતું. એટલુ જ નહીં તેણે એક સ્થાનિક મહિલા નગમા બાનો સાથે નિકાહ પણ કર્યા હતા. એવા દાવા થઈ રહ્યા છે કે તે નેપાળથી તોયબા માટે આતંકી પ્રવૃત્તિ કરતો હતો. જેમાં આતંકીઓની ભરતી કરવાથી લઈને હથિયારો અને ફંડ વગેરેમાં મદદ કરવાનો સમાવેશ થાય છે. જોકે તે લોકો વચ્ચે એક આમ નાગરિકની જેમ જ રહેતો હતો.

# બેફામ વાણી વિલાસ કરનાર બન્ની ગજેરાને નૈનિતાલથી ઝડપી લેવાયો

## જયરાજસિંહ જાડેજા અને અલ્પેશ ઢોલરીયા વિરુદ્ધ વીડિયો બનાવવા પૈસા આપનાર પિયુષ રાદડિયાની પણ ધરપકડ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા વિરુદ્ધ સોશિયલ મીડિયામાં બેફામ વાણી વિલાસ કરનાર ભાવિન ઉર્ફે બન્ની ગજેરાને નૈનિતાલથી ઝડપી લેવામાં આવ્યો છે. બાદમાં બન્નીને વિડીયો બનાવવા પૈસા આપનાર પિયુષ રાદડિયાની પણ ધરપકડ કરવામાં આવી છે. રાજકોટ રૂરલ એલસીબી બ્રાન્ચે જેતપુરના બન્ની ગજેરાને નૈનિતાલથી ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે પકડાયેલા બન્ની વિરુદ્ધ ગોંડલ તાલુકા અને સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદો નોંધાયેલી છે.

નૈનિતાલથી બુધવારે પકડાયેલા બન્નીને ગુરુવારે રાજકોટ લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને ધોરાજી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.ડી.પરમાર અને સ્ટાફે તેની પૂછપરછ કરી હતી.તપાસમાં બહાર આવ્યું કે બન્નીને ગોંડલના પિયુષ રાદડિયા મદદ કરતો હતો. પોલીસે બંનેની ધરપકડ કરી હતી. શનિવારે બન્નીને કોર્ટમાં રજૂ કરતા એક કેસમાં જામીન મળ્યા હતા, પરંતુ તરત જ અન્ય પોલીસ સ્ટેશનના સ્ટાફે તેની ધરપકડ કરી હતી.

બન્ની વિરુદ્ધ રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકા, સુલતાનપુર, જેતપુર તાલુકા અને ઉપલેટા પોલીસ સ્ટેશનમાં કુલ પાંચ ફરિયાદ નોંધાયેલી છે. રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અને ગોંડલ એપીએમસી ચેરમેન અલ્પેશ ઢોલરીયા અને તેમના પરિવાર વિરુદ્ધ બેફામ નિવેદન બદલ બન્નીને ૧૦ કરોડની માનહાનિની નોટિસ પણ મળી છે. પોલીસે કેસની આગળની કાર્યવાહી શરૂ કરી છે.





### બન્ની વિરુદ્ધ ૧૦ કરોડનો માનહાનીનો દાવો દાખલ કરતા અલ્પેશ ઢોલરીયા

વિવાદિત યુટ્યુબર અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર બન્ની ગજેરા સામે વધુ એક નોટિસ જાહેર થઈ છે. રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાએ યુટ્યુબર બન્ની ગજેરાને ૧૦ કરોડની નોટિસ પાઠવી છે. યુટ્યુબર બન્ની ગજેરાએ તેમના વિરુદ્ધ ખોટો પ્રચાર કરતા વિડિયો બનાવી વાયરલ કર્યા તમામ વીડિયો દૂર કરી લેખિતમાં માફી માંગવા તાકીદ કરી છે.અલગ અલગ સોશિયલ મીડિયાના માધ્યમથી અલ્પેશભાઈ ઢોલરીયા અને તેના પરિવારની બદનક્ષી થાય તેવા વીડીઓ બનાવી પબ્લિશ કર્યા હતા.ગજેરાએ અલ્પેશભાઈ સામે ગોંડલ યાર્ડમાંથી કાઈ કામ કર્યા વગર કરોડો લઈ લીધાનો પાયાવિહોણો આક્ષેપ પણ કર્યો છે, તેથી તેના વિરુદ્ધ અલ્પેશભાઈ બદનક્ષી અંગે નોટિસ મોકલી છે.

### બન્ની ગજેરા અને પિયુષ રાદડીયાની ગોંડલ તાલુકા બાદ સિટી પોલીસે ધરપકડ કરી

સોશ્યલ મીડીયા માં ગોંડલ નાં આગેવાનો અને સમાજ લક્ષી બેફામ વાણીવિલાસ કરનાર ભાવિન ઉર્ફ બન્ની ગજેરા તથા તેના સાગ્રીત પિયુષ રાદડીયા સામે તાલુકા પોલીસ માં ફરિયાદ થયા બાદ પોલીસે બન્નેની ધરપકડ કરી કાર્યવાહી કર્યા બાદ બન્નેનો જામીન પર છુટકારો થતા ગોંડલ એ'ડીવીઝન પોલીસે નોંધાયેલી ફરિયાદ ના કામે બન્નેની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

ગોંડલ નાં સુખનાથ નગર માં રહેતા નિલેશભાઈ ગોવિંદભાઈ સાવલીયા એ બન્ની ગજેરા સામે સોશ્યલ મીડીયા માં ગોંડલ નાં રાજકારણ વિરુધ્ધ અપમાન જનક ટીપ્પણીઓ કરી હોય તથા પાટીદાર તથા ક્ષત્રીય સમાજ વચ્ચે વૈમેનસ્ય સર્જાય તેવા વીડીયો વાયરલ કરવા અંગે એ'ડીવીઝન પોલીસ માં ફરિયાદ કરી હોય પીઆઇ. એ.વી.ડામોરે બન્ની તથા પિયુષ ની ધરપકડ કરી કાર્યવાહી હાથ ઘરીછે.

## જામનગર ક્રાઈમ ડાયરી

### જોડિયા: ખીરી ગામે કારખાનામાં અકસ્માતે ઈજા થતા શ્રમિકનું મોત

**અબતક, જામનગર**

જોડીયા તાલુકાના ખીરી ગામ પાસે એક કંપનીમાં કામ કરી રહેલા પરપ્રાંતીય શ્રમિકની છાતી પર હેવી વેઈટ મેગ્નેટનું દબાણ આવી જતાં આ યુવાનનું ગંભીર ઈજા થવાથી મૃત્યુ નિપજ્યું હતું.

જોડીયા તાલુકાના ખીરી ગામ પાસે આવેલી આફતાબ સ્ટીલ પ્રા.લિ. નામની કંપની માં મજૂરીકામ માટે આવીને રહેતા મૂળ બિહાર રાજ્યના મનજીતકુમાર ભોલાસિંગ (ઉ.વ.૨૮) નામનો શ્રમિક ગુરૂવારે સાંજે કંપનીમાં કામ પર હતો.

ત્યારે સીસીએમ બેડ પર લોખંડ ની પ્લેટ વેલ્ડીંગ કરતી વખતે હેવી વેઈટ મેગ્નેટ વડે તે પ્લેટને પ્રેસ (દબાવવા)નું કામ કરાતું હતું ત્યારે આ શ્રમિકના છાતીના ભાગે હેવી વેઈટ મેગ્નેટનું દબાણ આવી ગયું હતું. જેના કારણે તેના મ્હોંમાંથી લોહી નીકળી ગયું હતું અને તે શ્રમિક બેભાન બની ઢળી પડ્યો હતો. તુરંત તેને સારવાર માટે જાંબુડા સ્થિત સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો. જ્યાં મનજીત કુમારનું મૃત્યુ નિપજ્યું હતું.

### લાલપુર: નાંદુરી ગામે વૃધ્ધ ખેડુતના હત્યારાને પકડવા જતા તબીયત લથડી

#### હૃદ્યના ધબકારા વધી જતાં પ્રથમ લાલપુર અને જામનગર ત્યારબાદ અમદાવાદની સિવિલમાં દાખલ કરાયા

**અબતક, જામનગર**

લાલપુર તાલુકાના નાંદુરી ગામમાં વાડીએ જવાના રસ્તે આવતા બાવળના ઝાડને કાપવાના પ્રશ્ને ઝઘડો થયા બાદ સમાધાન માટે બોલાવેલા ૭૦ વર્ષના ખેડૂત બુઝુર્ગ ઉપર લોખંડના સળિયા વડે જીવલેણ હુમલો કરી હત્યા નીપજાવાઈ હતી, જે હત્યા કેસના આરોપીને પોલીસ પકડવા જતાં તેની તબિયત લથડી હતી, અને સૌ પ્રથમ લાલપુર, ત્યારબાદ જામનગર અને હાલ અમદાવાદની સિવિલ હોસ્પિટલ માં દાખલ કરાયા છે, જેના પર પોલીસ પહેરો ગોઠવી દેવાયો છે.

લાલપુર તાલુકાના નાંદુરી ગામના ૭૦ વર્ષની વયના ખેડૂત બુઝુર્ગ જેતાભાઈ ભીખાભાઈ કરંગીયા (ઉંમર વર્ષ ૭૦), કે જેઓને તે જ ગામમાં રહેતા ખીમાભાઈ લખમણભાઈ કરંગીયા સાથે સેઢાની વચ્ચે આવેલા સરકારી ખરામાં ઉગેલા એક બાવળના ઝાડને કાપવાના મામલે તકરાર થયા પછી સમાધાન માટે બોલાવ્યા બાદ જેતાભાઈ કરંગીયાના માથામાં ધારદાર સળિયા વડે હુમલો કરી હત્યા નિપજાવાઈ હતી.

જે હત્યાના બનાવ અંગે મૃતક જેતાભાઈના પુત્ર નગાભાઈ જેતાભાઈ કરંગીયાએ પોતાના પિતાની હત્યા નિપજાવવા અંગે શેઢા પાડોશી ખીમાભાઈ કરંગીયા સામે ફરિયાદ નોંધાવી હતી

જેથી લાલપુર પોલીસ ખીમાભાઈ કરંગીયા ને પકડવા માટે ગઈ હતી, દરમિયાન તેની એકાએક તબિયત લથડી હતી, અને ધબકારા વધી ગયા હતા. જેથી તેને સૌ પ્રથમ લાલપુરની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા, અને ત્યાંથી વધુ સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા. આરોપીની પણ ૬૫ વર્ષની ઉંમર હોવાથી તેને ગભરામણ ખૂબ જ વધી હતી, અને વધુ તબિયત લથડતાં હાલ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં તેના ઉપર પોલીસ પહેરો ગોઠવી દેવામાં આવ્યો છે.

### પાછલા તળાવમાં ન્હાવા માટે પડેલા યુવાન ડુબી જતા મોત

**અબતક, જામનગર**

જામનગરમાં કુલીયા હનુમાન પાસે રહેતો અને મજુરી કામ કરતો સુનિલ બચુભાઈ બામરોલીયા નામનો બત્રીસ વર્ષનો ગોદડીયા બાવાજી યુવાન ગઈકાલે પાછલા તળાવમાં નહાવા માટે પડ્યો હતો, ત્યાં તેનો એકાએક પગ લપસી જતા પાણીના ઉંડા ખાડામાં ગરકાવ થઈ ગયો હતો, અને ડૂબ્યો હતો.

જેને બહાર કાઢી લઈ બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, ત્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકની પત્ની કાજલબેન સુનિલભાઈ બામરોલીયા એ પોલીસને જાણ કરતાં સિટી એ. ડિવિઝન પોલીસે જીજી હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

### ડિફેન્સ કોલોનીમાં મકાનમાંથી ઈંગ્લીશ દારૂ પકડાયો: આરોપીની અટકાયત

**અબતક, જામનગર**

જામનગરમાં ડિફેન્સ કોલોની શેરી નંબર બે માં રહેતા દિનેશ શામજીભાઈ ગાલા નામના શખ્સના રહેણાક મકાનમાં બહારથી ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો આયાત કરીને સંતાડવામાં આવ્યો છે, અને તેનું ખાનગીમાં વેચાણ કરાઈ રહ્યું છે.

જે બાતમીના આધારે ગઈકાલે રાત્રે એલસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન રહેણાક મકાનમાંથી ૪૮ નંગ ઈંગ્લિશ દારૂની બાટલી નો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે ઈંગ્લીશ દારૂ અને મોબાઈલ ફોન વગેરે સહિત રૂપિયા ૨૯,૦૦૦ ની માલમતા કબજે કરી લઈ મકાન માલિક દિનેશ ગાલા ની અટકાયત કરી લઈ વધુ પૂછપરછ હાથ ધરી છે.

### જામનગર : લાખાબાવળ ગામે ગૌચરની જમીનમાં પ્લોટ પાડી વેંચી નાખનાર ત્રણ સામે લેન્ડ ગ્રેબીંગ

#### હરેશ સોની, પ્રવીણ ખરા અને દિનેશ પરમાર સહિત ત્રણ સામે કાર્યવાહીથી ભૂમાફિયામાં ફફડાટ

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના લાખાબાવળ ગામમાં આવેલી સરકારી ખરાબાની સર્વે નંબર ૩૨૩ તથા ૩૨૬ વાળી ગૌચરની જમીન નો ગેરકાયદેસર કબજો મેળવી લઈ તે જમીનના પ્લોટ પાડી વેચી નાખી આર્થિક ફાયદો મેળવી લેનારા જામનગરના ત્રણ શખ્સો હરેશ લક્ષ્મીદાસ સોની, પ્રવીણ હસમુખભાઈ ખરા, અને દિનેશભાઈ ચરણદાસ પરમાર સામે પંચકોષી બી. ડિવિઝન પોલીસ મથકમાં લેન્ડ ગ્રેબિંગ અંગે ગુનો નોંધાયો છે.

આ પ્રકરણમાં જામનગર ગ્રામ્યની મામલતદારની કચેરીના સર્કલ ઓફિસર રાજભદ્રસિંહ ભરતસિંહ રાણા જાતે ફરિયાદી બન્યા છે, અને પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ઉપરોક્ત ત્રણેય આરોપીઓએ ગત ૧૫.૧.૨૦૨૦ થી આજ દિવસ સુધીના સમયગાળા દરમિયાન લાખાબાવળ ગામમાં આવેલી સર્વે નંબર ૩૨૩ તથા ૩૨૬ ની જમીન, કે જે સરકારી ખરાબાની જમીન છે, તેમ જાણવા છતાં તેને આ જમીનના બોગસ કાગળો તૈયાર કરાવી લીધા હતા, અને આ જમીન સરકારી હોવા છતાં પોતાની જમીન દર્શાવી તેના પ્લોટ પાડી નાખ્યા હતા, અને આર્થિક લાભ મેળવવા માટેનું કાવતરું ઘડ્યું હોવાથી આખરે સરકારની તપાસ દરમિયાન આ મામલો સામે આવ્યો છે, અને ત્રણેય સામે લેન્ડ ગ્રેબિંગ અંગે ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ દ્વારા આ મામલામા ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ ની કલમ ૪(૩),૫(ક),૫(ગ) મુજબ ગુન્હો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

### બાબરા: કારમાંથી રૂ.૧.૮૨ લાખનો વિદેશી દારૂ પકડાયો

#### ૩૭૬ બોટલ શરાબ અને ઈનોવા મળી રૂપિયા ૫.૩૨ લાખનો મુદ્દામાલ કબજે

**અબતક બાબરા**

અમરેલી જિલ્લાના ચરખા ગામે પોલીસ અને બુટલેગર વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. જેમાં પોલીસે કારમાંથી રૂપિયા ૧.૮૨ લાખની કિંમતની ૩૭૬ બોટલ દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે નાસી છૂટેલા બુટલેગરને ઝડપી લેવા દોડધામ આદરી છે. વધુ વિગત મુજબ અમરેલી જિલ્લામાં દારૂબંધીનો કડક અમલ કરવા જિલ્લા પોલીસવડાએ સંજય ખરાતએ આપેલી સૂચનાને પગલે બાબરા પોલીસ મથકના પીઆઈ કે બી જાડેજા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હતું ત્યારે જીજે ૧૪ બી એ ૪૮ ૭૫ નંબરની કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને આવી રહ્યા હોવાની પોલીસને મળેલી બાતમીના આધારે પીએસઆઈ એમ એમ ગમારા એટ કોન્સ્ટેબલ રજનીકા રજનીકાંત પાનસુરીયા રાજેશભાઈ રાઠોડ રવિરાજસિંહ સરવૈયા રામદેવજી સરવૈયા સહિતના સ્ટાફે નીલવાળા ગામ નજીક પહોંચવી હતી ત્યારે પૂરપાટ ઝડપે નીકળેલી અટકાવવાનો પ્રયાસ કરતા ચાલક કાર લઈને નાસી છૂટતા પોલીસે કારનો ફિલ્મ ઢબે પીછો કરતા ચાલક થોડી દૂર તળાવના કાંઠે ઈનોવા કાર મૂકી નાસી ગયો હતો બાદ પોલીસે કારની તલાસી લેતા જેમાંથી રૂપિયા ૧.૮૨ લાખની કિંમતની અલગ અલગ બ્રાન્ડ ની ૩૭૬ બોટલ દારૂ મળી આવતા પોલીસે દારૂ અને કાર મળી ₹૫.૩૨ લાખનો મુદ્દામાં કબજે કર્યો હતો પોલીસે નાસી છૂટેલા બુટલેગરની કાર નંબરના આધારે શોધખોટ હાથ ધરી છે

### થાન નજીક કાર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં રાજકોટના દંપતીનું મોત, બાળકી સહિત ત્રણને ઈજા

#### સુરેન્દ્રનગરના કોઢ ગામે માતાજીના દર્શને જતી વેળા એ પરિવારને રસ્તામાં જ કાળ ભેટી ગયો

**અબતક રાજકોટ**

થાનગઢ પોલીસ મથક ની હદમાં બંધ ટ્રેક્ટર પાછળ મોટર ઘૂસી જતા સહ પરિવાર દર્શનને જતા રાજકોટના પરિવારના દંપતીનું મોત નીપજ્યું હતું જ્યારે અકસ્માતમાં બાળકી સહિતના પરિવારજનોને નાની મોટી ઈજા થઈ હતી. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના દૂધસાગર રોડ પર શિવાજી નગરમાં રહેતા પ્રેમજીભાઈ ગોવિંદભાઈ ઘાટીલિયા ૬૫ તેમના પત્ની લાભુબેન ઘાટલીયા ૬૨ સહ પરિવાર પુત્ર મહેશભાઈ પત્ની અસ્મિતાબેન અને દોહિત્રી ખુશાલી'૮ સહિતનો પરિવાર કોઢ ગામે આવેલ માતાજીના દર્શને ગઈકાલે રવિવારે સવારે ૧૧ વાગે નીકળ્યા હતા, ગાડી મહેશભાઈ ચલાવતા હતા ગાડી થાનગઢ પહોંચી ત્યારે રસ્તા પર બંધ પડેલ ટ્રેક્ટર પાછળ મોટર ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો, આ અકસ્માતમાં ઘરના મોભી પ્રેમજીભાઈ ઘાટલીયા ૬૨ અને તેમના પત્ની લાભુબેન ૬૨ નું ગંભીર ઈજા ના કારણે રાજકોટ સિવિલમાં સારવાર મળે તે પહેલા જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું ત્યારે આઠ વર્ષની ખુશાલી, મહેશભાઈ અને અસ્મિતાબેન ને નાની મોટી ઈજા થઈ હતી, રવિવારે માતાજીના દર્શન જતી વખતે પરિવારને રસ્તામા જ કાળઆંબી ગયો હતો, ભાંગે થાનગઢ પીએસઆઇ ગઢવી એ તપાસ હાથ ધરી છે

### જસદણના યુવાને એસિડ પી લેતાં મોત

#### યુવકે ભરેલા પગલાથી પરિવારમાં શોકનું મોજું ફેલાયું

**અબતક રાજકોટ**

જસદણ શહેરના આદમજી રોડ નદી કાંઠે શ્રમજીવી યુવાને અગમ કારણ સબ એસીડ પી લેતા સારવાર દરમિયાન સિવિલમાં તેનું મોત નીપજ્યું હતું.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જસદણના આદમજી રોડ નદી કાંઠે રહેતા સુરેશભાઈ વિભાભાઈ માણકોલીયા ૨૫, એ ગઈકાલેસવારે ૯ વાગેપોતાના ઘરે એસીડ પી જતા પ્રથમ જસદણ હોસ્પિટલ માં સારવાર માટે લઈ જવાયો હતો ત્યાંથી રાજકોટ રીફર કરવામાં આવતા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન સાંજે સવા સાત વાગે સુરેશ માંણકોલીયા એ આખો મીચી લીધી હતી, યુવાન પુત્રના આ પગલાથી પરિવાર પર આપ તૂટી પડ્યું હતું જસદણ પોલીસે તપાસ હાથ ધરી છે

### જામકંડોરણા: કાનાવડાળા ગામે મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

#### શરાબની ૪૮ બોટલ સાથે બુટલેગરની ધરપકડ: બે શખ્સોની શોધ ખોળ

**અબતક રાજકોટ**

જામકંડોરણા તાલુકાના કાના વડાળા ગામે મકાનમાંથી વિદેશી દારૂની ૪૮ બોટલ સાથે બુટલેગરની જામકંડોરણા પોલીસે ધરપકડ કરી છે. જ્યારે અન્ય બે શખ્સની સંડોવણી ખુલતા બન્નેની શોધ ખોળ હાથ ધરી છે. રાજકોટ જિલ્લામાં દારૂ અને જૂગાર સહિતની બદી નાબૂદ કરવા જિલ્લા અધિક્ષક હિમકર સિંહે આપેલી સૂચનાના પગલે, જામકંડોરણા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, કાના વડાળાગામે રહેતો અરવિંદસિંહ ઉર્ફે બન્ના ગુલાબસિંહ જાડેજા એ તેના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો છે. બાતમીના આધારે દરોડો પાડી મકાનમાંથી વિદેશી દારૂની ૪૮ બોટલ સાથે અરવિંદસિંહ ઉર્ફે બન્ના ગુલાબસિંહ જાડેજા નામના બુટલેગરને ઝડપી લીધો છે. દારૂ અંગે ઝડપાયેલા શખ્સની પોલીસે પૂછપરછ કરતા તેની સાથે ગોંડલ સુરેશ્વર પાર્કમાં રહેતો રઘુવીરસિંહ ગોહિલ અને કાલાવડ તાલુકાના ભાવાભી ખીજડિયાનો જયદીપસિંહ જાડેજા નામના શખ્સો તેની સાથે સંડોવાયા હોવાની કબૂલાત આપી હતી. આ દરોડાની કામગીરી જામકંડોરણા પી આઈ એમ.જી ચૌહાણ, એ.એસ.આઈ રસિકભાઈ મેટાળીયા, પ્રજ્ઞાબેન વાઘેલા, કોન્સ્ટેબલ શૈલેન્દ્રસિંહ જાડેજા સહિતના સ્ટાફે કરી હતી.

### (પહેલા પાનાનું ચાલું) ત્રિકમજી મંદિર...

ઓક્ટોબર ૧૯૯૯માં શિવરામદાસજી વૈષ્ણવ અને મહંત ગુરૂમોરલીદાસજી મંદિરની જમીન ઓનર્સ એસોસિએશન વતી બાબુભાઈ શાહને વેચાણે આપવામાં આવી હતી. પરંતુ, આ જમીનના વેચાણ માટે ચેરીટી કમિશનરની મંજુરી લેવામાં આવી નહોતી. જે અનુસંધાનમાં કોર્ટમાં કેસ દાખલ થયો હતો. ત્યારબાદ હાઈકોર્ટમાં સહલ ઓનર્સ એસોસિએશન વિરૂદ્ધ દાવો કરવામાં આવ્યો હતો. જેમાં હાઈકોર્ટના ચુકાદા અનુસંધાનમાં સહલ ઓનર્સ અને ચેરીટી કમિશનર જમીન વેચાણ કે અન્ય કોઈ નિર્ણય ન લઈ શકે અને ૧૯૯૯માં બનાવવામાં આવેલો દસ્તાવેજ કોર્ટમાં સુનાવણીમાં હતો.

સહલ ઓનર્સ એસોસિએશન દ્વારા ડિસેમ્બર, ૨૦૧૬માં બોગસ ઠરાવ પસાર કરાવીને ઓનર્સ એસોસિએશનના વહીવટદાર મોહમંદ અસગર પઠાણને અશક્ત બતાવીને શેખ નિઝામુદ્દીન રહેમાનની વહીવટદાર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આ ઠરાવમાં બાબુલાલ શાહ અને અસગર શેખની સહી હતી. ત્યારબાદ નિઝામુદ્દીન શેખના પૌત્ર બિલાલ હનીફ શેખે નિયમ વિરૂદ્ધ જઈને વર્ષ ૨૦૨૩માં જિલ્લા કલેક્ટર કચેરીમાં જમીન વેચાણ અંગે મંજુરી માંગી હતી. અને આ જમીનનો દસ્તાવેજ કરવામાં આવ્યો હતો. જ્યારે આ જમીનનો ૧૯૯૯નો દસ્તાવેજ કોર્ટમાં હતો. ત્યારબાદ આ જગ્યા પર બિલાલ શેખ અને તેના મળતિયાઓ સીમરન ગ્રૂપે ગેરકાયદે કબજો લીધો.

આ અંગે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પીઆઈ સી.વી. ગોસાઈએ જણાવ્યું કે વર્ષ ૨૦૨૩ના દસ્તાવેજમાં ઉલ્લેખ છે કે આ જમીન બાબુલાલ શાહ, મોહમંદ અસગર અને શેખ નિઝામુદ્દીન દ્વારા બિલાલ શેખ, રોહન કાદરી, ઝીશાન કાદરી અને સદામહુસૈનને વેચાણ આપવામાં આવી હતી. આ આરોપીઓએ ચેરીટી કમિશનરની માલિકીની જમીન પચાવી લીધી હતી. આ માટે ૨.૩૬ કરોડ રૂપિયાના દસ્તાવેજ થયા હતા. અનેક બોગસ દસ્તાવેજ તૈયાર કરાવ્યા હતા. આ બાબતે કલેક્ટર કચેરીમાં જમીન વેચાણ અંગેની મંજૂરી અંગે પણ તપાસ કરવામાં આવશે.

નોંધનીય છે કે ૧૯૯૯માં જે દસ્તાવેજ થયો હતો, તે વિવાદાસ્પદ હોવાથી કોર્ટે સુનાવણીમાં પોતાની પાસે રાખ્યો હતો. જ્યારે ૨૦૨૩માં આ જમીન ખાનગી હોવાનો દાવો કરીને ગેરકાયદે દસ્તાવેજ થયો હતો. આમ, આ કૌભાંડમાં અનેક મોટા ખુલાસા થવાની શક્યતા છે.

### (છેલ્લા પાનાનું ચાલુ) કમોસમી વરસાદ...

તાપમાન ૩૮.૧ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૭.૨ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૪.૮ ડિગ્રી, દમણનું તાપમાન ૩૫.૬ ડિગ્રી, કચ્છના ભુજનું તાપમાન ૩૭.૯ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૫.૪ ડિગ્રી અને કંડલા પોર્ટ પરનું તાપમાન ૩૮.૨ ડિગ્રી નોંધાયું છે.

રાજયમાં માવઠાનું સંકટ યથાવત રહેશે. દરમિયાન જુન માસના પ્રથમ પખવાડીયામાં સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં વાવણી લાયક વરસાદ પડી જવાની શકયતા વર્ષ વિજ્ઞાન પરિસંવાદમાં વ્યકત કરવામાં આવી છે.

### જીપીએસસીની ભરતી...

ગોટાડા થાય તેમ હોય નામ. સુપ્રીમ કોર્ટના સૂચનને ધ્યાનમાં લઈને ઈન્ટરવ્યૂ ભારાંક ૧૦% કરવાની માંગ કરવામાં આવી હતી.

હાલમાં કોંગ્રેસ પક્ષ દ્વારા ન્યાયિક ઈન્ટરવ્યૂ પદ્ધતિના માંગના બાદ ઘણા ઉમેદવાર પાસેથી જાણવા મળ્યું કે રાજ્યનાં ૨૭ સરકારી વિભાગો અને ૧૭ મ્યુનીસીપલ કોર્પોરેશન અને નિગામોમાં મોટાભાગની વર્ગ૧/૨ પ્રોફેશનલ / ટેક્નિકલ કેડરમાં જેવી કે આસિસ્ટન્ટ પ્રોફેસર, એન્જીનીયર, તબીબી નિષ્ણાંત, સહિતની અન્ય મોટાભાગની કેડરમાં સીધી ભરતીના નામ નીચે ૫૦% ઈન્ટરવ્યૂનો ભારાંક રાખીને લેખિતના ટોપર ને અન્યાય કરવામાં આવે છે.

૫૦% ઈન્ટરવ્યૂનો ભારાંક કેટલો અન્યાયકારી છે. ઈન્ટરવ્યુ ભારાંક ૧૦ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરવાની માંગણી કોંગ્રેસના પ્રદેશ પ્રવકતા ડો.મનિષ દોશી દ્વારા કરવામાં આવી છે.

### 'કયુઆર' કોડ...

૫૦,૦૦૦થી વધુ કોચિંગ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે. ફેડરેશનન અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, મહેસાણા, ભાવનગર, જેતપુર, જુનાગઢ, હિંમતનગર, પાલનપુર, પોરબંદર, ધાંગધ્રા, સુરેન્દ્રનગર, સુરત, વરાછા, કતારગામ, કેશોદ, ગાંધીનગર સહિતના એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરે છે


આરટીઇના કાયદા મુજબ કોઈપણ શાળાના શિક્ષકો શાળાના સમય દરમિયાન કે શાળાના સમય બાદ વેતન કે અવેતન કોઈપણ પ્રકારની ટ્યુશન પ્રવૃત્તિ કરી શકે નહીં. ગુજરાતમાં ઘણી જગ્યાએ શાળાના શિક્ષકો ટ્યુશન બિનઅધિકૃત રીતે કરાવી રહ્યા છે અને શાળાઓ પણ ડે સ્કૂલમાં ગેરકાયદેસર ટ્યુશન કરાવી રહી છે તેવી અસંખ્ય ફરિયાદો વારંવાર ફેડરેશનને અને તેના ઘટક સંઘોને મળતી રહે છે. ફેડરેશન દ્વારા ગુગલ લિંક અને ક્યુ આર કોડ રજૂ કરવામાં આવ્યો છે કે જેમાં વાલી તથા વિદ્યાર્થીઓ પોતાની ઓળખ છુપી રાખીને ડે સ્કૂલ અને શાળાના ટ્યુશન કરતા શિક્ષકોની માહિતી આપી શકશે. અને આવી બદીને ડામવા માટે થઈને ફેડરેશન એક ટાસ્ક ફોર્સની રચના કરશે અને વાલી વિદ્યાર્થીઓને સાથે રાખીને 'જનતા રેડ' કરશે.

ધોરણ ૧૦ ની બોર્ડની પરીક્ષા વિદ્યાર્થી ૧૦૦ માર્કસની આપે છે છતાં રિઝલ્ટમાં તેના ૮૦ માર્ક્સ જ ગણવામાં આવે છે અને ૨૦ માર્ક ઈન્ટર્નલ શાળાઓ દ્વારા આપવામાં આવે છે. આ બાબતે વર્ષોથી ગેરનીતિઓ થતી હોય છે અને વિદ્યાર્થીઓને ઈન્ટર્નલ માર્કસને ધ્યાનમાં રાખીને ટ્યુશન માટે બ્લેકમેલિંગ કરાય છે માટે ફેડરેશન દ્વારા ઈન્ટર્નલ માર્ક નાબૂદ કરવા માટે સરકારને અનુરોધ કરવામાં આવશે.

## દુ:ખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

### ડો. ભાવીન કોઠારીના પિતરાઈ ભાઈ પ્રફુલભાઈ કોઠારીનું નિધન



**રાજકોટ:** સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ સિન્ડીકેટ સભ્ય ડો. ભાવિન કોઠારીના પિતરાઈ ભાઈ પ્રફુલભાઈ વિનોદરાય કોઠારીનું (ઉ.વ.૭૦) નું અવસાન થયેલ છે. તે મગનલાલ ધરમસિંહ રવાણી (કાલાવડના જમાઈ), તે ઈલાબેનના પતિ, નિશાંત, સિધ્ધાર્થના પિતા, અમી, જૈમીના સસરા, પ્રકાશભાઈ, અશોકભાઈ, મુકેશભાઈ, મીનાબેન, પારુબેન, ફાલ્ગુનીબેનના ભાઈનું અવસાન થયેલ છે. તેમની સ્મશાન યાત્રા આજે સવારે ૧૦ વાગ્યે સપ્તક ૨ જલારામ, જાનકી માર્ગ રોડ રાજકોટ ખાતેથી નીકળી હતી.

**રાજકોટ:** રણછોડભાઈ ગાંડુભાઈ કાકડીયા (ઉ.વ.૬૪) તે સ્વ. ગાંડુભાઈ કાકડીયા, રંભાબેનના પુત્ર (મુળ ડાંગરવાળા) હાલ રાજકોટ તે કાંતાબેનના પતિ, પરાગ, વિપુલના પિતા, મનીષાબેનના સસરા, યુગના દાદાનું તા. ૧૮ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૯ ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર જનકપુરી સોસાયટી, ગંગોત્રી ડેરીવાળી શેરી, સાધુવાસવાણી રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ગો.વા. સોની વસંતલાલ મોહનલાલ રાણપરા (કરાંચીવાળા) ના પત્ની જશવંતીબેન (ઉ.વ.૮૧) તે ભરતભાઈ દિપકભાઈ, મીલનભાઈ, શીલાબેન કિરણબેનના માતા, સ્નેહ, આર્ય, સ્વરાના દાદી, ગો.વા. નાનાલાલ છટનલાલ પાટડીયા (ઢોલરાવાળા)ના દીકરી, સ્વ. વિક્રમભાઈ નલીનભાઈ કુમારભાઈ મુકેશભાઈના બેનનું અવસાન થયેલ છે. બન્ને પક્ષનું બેસણું તા. ૧૯ ને સોમવારે સાંજે ૪ થી ૬ દરમિયાન કેશરીવાડી કરણપરા ચોક, પાસે રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સિહોર :** ઠળિયા વાળા હાલ સિહોર સ્વ.હિંમતભાઈ ભાણજીભાઈ પીઠડિયા પરમારના મોટા દીકરા ભરતભાઈના પત્ની ભારતીબેન (ઉ. વ. ૫૮) તે મુકેશભાઈ, અશોકભાઈ, પ્રકાશભાઈ એલઆઈસી એજન્ટ, શૈલેષભાઈ, રેખાબેન પ્રવિણકુમાર વાઢેર સિહોર તથા જુલીબેન પરાગકુમાર વાઘેલા ભાવનગરના ભાભી, જગદીશભાઈ નટવરલાલ પરમાર, શરદભાઈ, વિપુલભાઈ, કૌશિકભાઈ શાંતિભાઈ પરમારના કાકાના દીકરાના પત્ની થાય તેમજ ખુશાલ, નીરવ, ઉર્વશી, ડો.શ્રુતિ, બ્રિજેશના ભાભુ, સાગરભાઈ, યોગેશભાઈ, શીતલબેન જીતેન્દ્રકુમાર રૈયાણી, પરિતાના મામી તથા ચિરાગભાઈ, અજયભાઈ, આશિષભાઈ, દીપિકાબેન ચેતનકુમાર ગોહેલ નોંઘણવદર, કાજલબેન હિરેનકુમાર માંડલિયા ભાવનગરના કાકી તેમજ રતિલાલ દેવજીભાઈ લખાણી બોટાદની દીકરી, તુલસીભાઈ, ભરતભાઈ, કમલેશભાઈ, વનરાજભાઈના બેનનું તા.૧૭ને શનિવારે અવસાન થયેલ છે. તેમની સાદડી આજે દેસાઈ સઈ-સુથાર જ્ઞાતિની વાડી, પ્રગટનાથ રોડ, હનુમાનની લીંબડી સામે, સિહોર મુકામે સમય ૪:૦૦ થી ૬:૦૦ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

## ડ્રગ્સના દુષણ સામે જંગ

# ૨૪ કલાકમાં અમદાવાદ, પાટણ અને સુરતમાં એસએમસીના ત્રણ દરોડા

### એસએમસી પોલીસ સ્ટેશન બન્યું ત્યારથી અત્યાર સુધીના ચાર મહિનામાં ૧૨ મોટા એનડીપીએસના કેસો શોધી ૨૫ ડ્રગ કાર્ટેલ અને પેડલર્સને ઝડપી લેવાયા

### કોકેઈન, એમડી, ગાંજો અને ઓપિયમ આલ્કલોઈડ્સ જેવા રૂ.૪.૧૪ કરોડની કિંમતના ડ્રગ્સ સહિતનો મુદ્દામાલ જપ્ત

### ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ આકરી કાર્યવાહી સતત ચાલુ રહેશે : એસએમસીને અભિનંદન પાઠવતા હર્ષ સંઘવી

**અબતક, રાજકોટ**

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-નિર્દેશ હેઠળ રાજ્યના યુવાઓને ડ્રગ્સની બદીથી બચાવવા માટે રાજ્ય સરકારે ડ્રગ્સ વિરુદ્ધ રીતસરની જંગ છેડી છે. આ અભિયાન અંતર્ગત, ઝડપી લેવામાં આવ્યા છે, જેમની પાસેથી કોકેઈન, એમડી, મેફેડ્રોન, ગાંજો અને ઓપિયમ આલ્કલોઈડ્સ જેવા રૂ. ૪.૧૪ કરોડની કિંમતના ડ્રગ્સ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો



જાન્યુઆરી ૨૦૨૫માં વિશેષ સત્તાઓ સાથે શરૂ થયેલા સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) પોલીસ સ્ટેશન દ્વારા માત્ર ચાર મહિનામાં ૧૨ મોટા એનડીપીએસ (નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ)ના કેસો શોધી કાઢવામાં આવ્યા છે. આ કેસોમાં ૨૫ ડ્રગ કાર્ટેલ અને પેડલર્સને છે. જેમાં બે વિદેશી (નાઈજિરિયન) આરોપીઓનો પણ સમાવેશ થાય છે.

એસએમસી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા અમદાવાદના જુહાપુરા, પાટણ અને સુરત શહેરમાં એનડીપીએસના ત્રણ કેસો કરવામાં આવ્યા છે, જે આ સફળતાનો ભાગ છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના સીધા માર્ગદર્શન આ કામગીરી કરી રહેલા એસએમસીના વડા નિર્લિપ્ત રાય અને તેમની ટીમને આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ ખાસ અભિનંદન પાઠવ્યા છે.

હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, ગુજરાત સરકારના આ નિર્ણાયક પગલાં રાજ્યને ડ્રગ-મુક્ત બનાવવાના લક્ષ્યને વધુ વેગ આપે છે. રાજ્યમાં એક ગ્રામ ડ્રગ પણ ન મળવું જોઈએ. એસએમસીની ટીમે સ્થાનિક પોલીસની નજરમાંથી ચૂકી ગયેલી ડ્રગ્સની હેરાફેરી પર નજર રાખીને માફિયાઓ સુધી પહોંચવાનું શાનદાર કામ કર્યું છે. આ લડાઈ આગળ પણ ચાલુ રહેશે.

નોંધનિય બાબત છે કે, અગાઉ એસએમસી દારૂ, જુગાર અને ક્રિકેટ સટ્ટા જેવા કેસો પર કામ કરતું હતું. પરંતુ, એસએમસીને અલગ પોલીસ સ્ટેશન તરીકે સ્થાપિત કરી ઓર્ગેનાઈઝ ક્રાઈમ પર નિયંત્રણ લાવવા ખાસ જવાબદારી સોંપવામાં આવી છે જેમાં ડ્રગ્સની હેરાફેરી પકડવાનો પણ સમાવેશ થાય છે. આ નિર્દેશને આધારે એસએમસીએ ડ્રગ માફિયાઓ સુધી પહોંચવા માટે તપાસને વેગ આપ્યો છે, જેના પરિણામે આ નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ છે.

## સુરતના પલસાણામાં ૧૪ કિલો ગાંજા સાથે ત્રણ ઝડપાયા



સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સુરતના પલસાણા ખાતે પાડેલા દરોડામાં ૧૪.૦૪૧ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી પાડી નશાના ત્રણ કારોબારીઓની ધરપકડ કરવામાં કરી હતી. જ્યારે બેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. એસએમસીએ પાડેલા દરોડાની વિગત પર નજર કરવામાં આવેલ તો પલસાણાના જોડવા ગામે આરાધના પેલેસ રોડ પર આવેલ આરાધના બ્લોક નંબર બે અને ત્રણ રસ્તા નજીક એસએમસી પીઆઈ સી એચ પનારા અને પીએસઆઈ વી સી જાડેજાની ટીમે દરોડો પાડી રૂ.૧.૪૦ લાખની કિંમતના ૧૪.૦૪૧ કિલોગ્રામ ગાંજાનો જથ્થો કબજે કર્યો હતો. એસએમસીએ ગાંજો, રોકડ, મોબાઈલ અને બે વાહનો મળી કુલ રૂ. ૪.૭૧ લાખના મુદ્દામાલ સાથે રત્નાકર કવિરાજ સવાઈ(ઉ.વ.૨૯ રહે જોલવા ગામ, વાડી ફરિયુ, પલસાણા, સુરત અને મૂળ રહે. ઓરિસ્સા), રાજુ વિજય પટેલ (ઉવ ૪૫ રહે આરાધના બ્લોક નંબર બે, પલસાણા, સુરત મૂળ રહે દેવરીયા, યુપી) અને અભિષેક રામાશંકર પાંડે (ઉ.વ.૨૫ રહે આરાધના બ્લોક નંબર ત્રણ, પલસાણા, સુરત મૂળ રહે ભદિયા, યુપી) ની ધરપકડ કરી હતી. જ્યારે ગાંજાનો જથ્થો મોકલનાર પલસાણાનો રવિ અને મંગાવનાર ચિનુ ગોંડાની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

## અમદાવાદના જુહાપુરાથી રૂ.૯. ૭૯ લાખના એમડી ડ્રગ્સ સાથે બે 'ભાણીયા'ની ધરપકડ: મામાની શોધખોળ



એસએમસીની ટીમે અમદાવાદના જુહાપુરામાં દરોડો પાડી ૯૭.૯૭૦ ગ્રામ ના જથ્થા સાથે બેલડી ધરપકડ કરી છે. દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર અમદાવાદના જુહાપુરા રોડ પર બુસરા હોસ્પિટલની સામેની ખુલી જગ્યામાં પીઆઈ બી એચ રાઠોડ અને પી.એસ.આઈ.સી વી એ શેખની ટીમે દરોડો પાડી રૂ. ૯,૭૯,૭૦૦ ની કિંમતનો ૯૭.૯૭૦ ગ્રામ મેફેડ્રોનનો જથ્થો કબજે કર્યો હતો. એસએમસીની ટીમે ડ્રગ્સ, મોબાઈલ, રોકડ અને બે વાહન મળી કુલ રૂ. ૨૩,૭૮,૭૦૦ નો મુદ્દામાલ કબજે કરી ડ્રગ્સ વેચનાર અલ્તાફ સિરાજભાઈ શેખ (ઉ.વ.૩૫ રહે અંબા ટાવર પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનમાં, સરખેજ, અમદાવાદ) અને મેફેડ્રોન ખરીદનાર પાર્થ રાજેશભાઈ પટેલ(ઉ.વ.૩૪ રહે. ઘર નંબર ૨૯, દસકોઈ, અમદાવાદ) ની ધરપકડ કરી હતી. જ્યારે રાજસ્થાનથી જથ્થો મોકલનાર મામા નામના શખ્સની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

## "અબતક" ઉપલેટાના ફોટોગ્રાફર બાદશાહની પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ સાથે શુભેચ્છા મુલાકાત

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**



તાજેતરમાં ઉપલેટા પંથકના પ્રવાસે આવેલા પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડો. પ્રશાંત કોરાટ સાથે ઉપલેટા અબતકના ફોટોગ્રાફર અને સામાજીક યુવાન બાદશાહ શેહમીદ મકવાણા શુભેચ્છા મુલાકાત કરી હતી અને વર્તમાન પરિસ્થિતિની ચર્ચા વિચારણા કરી ઉપલેટા પંથકના વિવિધ પ્રશ્નોના કાયમી ઉકેલ માટે પ્રશાંત કોરાટને સુચનો કરેલા હતા આ તકે નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ ભાયાવદર નગરપાલીકાના પ્રમુખ રેખાબેન સિણોજીયા હાજર રહ્યા હતા.

## વિસાવદર લાયન્સ કલબના હોદેદારોની વરણી

### પ્રેસીડેન્ટપદે રમણીક ગોહેલ, સેક્રેટરીપદે ભાવેશ પદમાણી અને ટ્રેઝરરપદે રાજેશ પંડયાની નિમણુંક

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**



તાજેતરમાં વિસાવદર લાયન્સ કલબ નાં હાલનાં પ્રેસિડેન્ટ ભાવેશભાઈ પદમાણી નાં અધ્યક્ષ સ્થાને લાયન્સ કલબ વિસાવદર ના સિનિયર માર્ગદર્શક અને ડ્રિસ્ટ્રીકટ ચેરપર્સન ભાસ્કરભાઈ જોશી તેમજ લાયન્સ કલબ વિસાવદર ના હોદેદારોની ખાસ ઉપસ્થિત વચ્ચે એક બેઠક મળેલ જેમાં વર્ષ ૨૦૨૫/૨૬ ના વિસાવદર લાયન્સ કલબ ના પ્રેસિડેન્ટ તરીકે રમણીકભાઈ ગોહેલ, સેક્રેટરી ભાવેશભાઈ પદમાણી તેમજ ટ્રેઝરર રાજેશભાઈ પંડયા ની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ જેને સૌ લાયન મિત્રો એ આવકારેલ સાથે વરણી થયેલ વર્ષ ૨૦૨૫/૨૬ નાં હોદેદારોને શુભેચ્છાઓ પાઠવેલ. આ બેઠકમાં અબુલીભાઈ હીરાણી, નિતેશભાઈ દવે, સિરાજભાઈ માડકિયા, શરદભાઈ ભટ્ટ તેમજ ચંદ્રકાન્ત ખુહા સહિતના વિસાવદર લાયન્સ કલબ ના હોદેદારો ખાસ ઉપસ્થિત રહેલ.

## જામનગરમાં સ્વસ્થવૃત વિભાગ દ્વારા આજથી બાળયોગ શિબિરનો પ્રારંભ

### અટીરા ખાતે નિ:શુલ્ક બાળ યોગ શિબિરમાં યોગાભ્યાસ અંગે અપાશે માર્ગદર્શન

**અબતક,જામનગર**

આયુર્વેદ શિક્ષણ અને અનુસંધાન સંસ્થાન જામનગર ખાતે સ્વસ્થવૃત્ત વિભાગ દ્વારા એક દશકથી ઉજવાતા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી આ વર્ષે ૧૦૦ દિવસ પૂર્વેથીજ આરંભવામાં આવી છે. જેમાં યોગ સમાવેશ અંતર્ગત આ વર્ષે આજથી ૨૪ મે દરમિયાન ''બાળ યોગ શિબિર''નું નિશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૯ થી ૧૬ વર્ષના બાળકો સવારે ૯ થી ૧૦ દરમિયાન ભાગ લઈ યોગભ્યાસ દ્વારા યોગાભિમુખ બનવા સહભાગી થઈ શકશે.

આ બાળ યોગ શિબિર''માં ભાગ લેવા માટે સ્વસ્થવૃત્ત વિભાગ પ્રભાબેન કાંતિલાલ સંઘવી યોગ બિલ્ડિંગ, ડો. પી. એમ. મહેતા રોડ, આઈ.ટી.આર.એ. કેમ્પસ ખાતે કચેરી સમય દરમિયાન નામ નોંધણી કરાવવાની રહેશે. આ શિબિરમાં સ્વસ્થવૃત્ત વિભાગના વડા પ્રો. વૈદ્ય અર્પણ ભટ્ટ અને તેની તજજ્ઞ યોગ વિશેષજ્ઞોની ટીમ દ્વારા બાળકોને યોગ વિષે જરૂરી જ્ઞાન આપવામાં આવશે. આ શિબિરનો લાભ લેવા સંસ્થાના નિયામક પ્રો. ડો. તનુજા નેસરી દ્વારા બાળકોના વાલીઓને જણાવાયું છે.

## સુરેન્દ્રનગરમાં વર્ષો જુના-ઘટાદાર વૃક્ષોના નિકંદનથી પર્યાવરણ પ્રેમીઓમાં રોષ

### જવાહર ગ્રાઉન્ડ પરની પ્રાથમિક શાળામાં ૧૦ જેટલા વૃક્ષો કાપનાર સામે કડક કાર્યવાહી માંગ

**અબતક,ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સરકાર દ્વારા એક તરફ પર્યાવરણને બચાવવા વધુ વૃક્ષો વાવવાની લોકોને અપીલ તેમજ મોટી મોટી જાહેરાતો કરવામાં આવે છે પરંતુ વર્ષો જુના ઘટાદાર વૃક્ષોનું કોઈપણ કારણ વગર નિકંદન કરવાના બનાવો પણ બની રહ્યાં છે ત્યારે સુરેન્દ્રનગર શહેરના જવાહર ગ્રાઉન્ડ રોડપર આવેલ સરકારી પ્રાથમિક શાળા નં. ૪ (બધેકા શાળા)ના પટાંગણમાં વર્ષોજુના ઘટાદાર વૃક્ષોનું નિકંદન કરવામાં આવતા પર્યાવરણ પ્રેમીઓમાં રોષ જોવા મળ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર શહેરના જવાહર ગ્રાઉન્ડ રોડ પર છેલ્લા ઘણા વર્ષોથી સરકારી પ્રાથમિક શાળા નં. ૪ (બધેકા શાળા) કાર્યરત છે અને આ શાળામાંથી અનેક વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી ઉચ્ચ હોદા પર આજે ફરજ બજાવી રહ્યાં છે. આ પ્રાથમિક શાળામાં હાલ વેકેશન હોવાથી શૈક્ષણિક કાર્ય સંપૂર્ણબંધ છે તેમજ શિક્ષકોને પણ વેકેશન પડી ચુક્યું છે ત્યારે વેકેશનના માહોલમાં સરકારી શાળામાં વર્ષો જુના વૃક્ષોનું કોના કહેવાથી અને કોણે નિકંદન કર્યું સહિતની ચર્ચાઓએ જોર પકડ્યું છે. સરકાર દ્વારા એક તરફ હરિયાળુ ગુજરાત અને લીલુછમ ઝાલાવાડ સહિત વધુ વૃક્ષો વાવવાની અપીલ અને જાહેરાતો કરવામાં આવી રહી છે ત્યારે બીજી બાજુ સરકારી શાળામાં જ કોઈપણ રીતે નડતરરૂપ કે નુકશાનકારક ન હોવા છતાં વર્ષો જુના ઘટાદાર વૃક્ષોનો સફાયો બોલાવી દેતા આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે અને જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

## ધ્રાંગધ્રા પાલિકા દ્વારા ફલકુ નદીની સફાઈ હાથ ધરાઈ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાના શહેરીજનો દ્વારા ફલકુ નદીને દુષિત કરાતા પૂર્વ કેબિનેટ મંત્રી આઈ કે જાડેજા દ્વારા પાલિકા તંત્રને સખત સુચના આપતા નગરપાલિકાના પ્રમુખ કુલદીપસિંહ ઝાલા દ્વારા ધાંગધ્રા શહેરમાં આવેલી ફલકું નદીની સફાઈ માટે મુલાકાત લેવામાં આવી હતી અને તત્કાલિક નગરપાલિકાના સેનિટેશન તેમજ બાંધકામ વિભાગના અધિકારીઓને નદીના પુલની બંને સાઈડની સફાઈ માટે અને નદીને દૂષિત કરનારા શહેરીજનો પર કાયદેસરની કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી ત્યારે હાલ ધાંગધ્રા નગરપાલિકા તંત્ર દ્વારા ફલકું નદીની સફાઈની કામગીરી ફુલ જોશમાં હાથ ધરવામાં આવી હતી.

## જૂનાગઢઃ પાતાપુરમાં રૂ.૫ કરોડના ખર્ચે આકાર લેશે કસ્તુરબા બાલિકા વિદ્યાલય

### બિલ્ડિંગનું ખાતમૂહુર્ત કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**



જૂનાગઢના પાતાપુર ગામે રૂપિયા પાંચ કરોડના ખર્ચે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય નિર્મિત થશે. આ નવનિર્મિત થનાર શાળાના બિલ્ડિંગમાં ગરીબ, અનાથ, ડ્રોપ આઉટ સહિતની ૧૫૦ જેટલી દીકરીઓને રહેવા જમવાની અધ્યતન સુવિધાઓ સાથે તદ્દન નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવશે. આ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં કોમ્પ્યુટર અને વોકેશનલ લેબ, લાઈબ્રેરી સહિતની અદ્યતન સુવિધાઓથી સજ્જ હશે.

પાતાપુર ગામે નિર્મિત થનાર કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય બિલ્ડીંગનું રાજ્યના કૃષિ અને જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલે ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે, શિક્ષણ થકી જ ઉજ્વળ ભવિષ્યનું નિર્માણ શક્ય બને છે. ગુજરાત સરકાર પણ શિક્ષણ માટે વિદ્યાર્થીઓને ઘર આંગણે સારી સગવડ અને યોગ્ય તાલીમ મળી રહે તે માટે પ્રતિબધ્ધ રહી છે. અહીં નિર્માણ થનાર કસ્તુરબા ગાંધી વિદ્યાલયના અધ્યતન બિલ્ડીંગથી શૈક્ષણિક સેવામાં વધારો થશે.

## ઉપલેટા: મૂસ્લિમ સમાજની સામાજીક સંસ્થાઓ આયોજીત રકતદાન કેમ્પમાં ૨૧૧ બોટલ રકત એકત્રિત

### ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલીયાએ ઉપસ્થિત રહી સંસ્થાની કામગીરીને બિરદાવી

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**



હાલ ભારત-પાકિસ્તાન બોર્ડર ઉપર યુધ્ધ જેવો માહોલ છવાયો છે. ત્યારે યુધ્ધમાં સંભવત ઘાયલ સૈનિકોને રકતની જરૂરીયાત સામે ઘટ જણાતા રાજ્ય સરકાર દ્વારા સામાજીક સંસ્થાઓને રકતદાન કેમ્પ યોજવા આહવાન કર્યુ હતું. તે અંતર્ગત રાષ્ટ્ર પ્રેમી મુસ્લીમ સમાજે સામાજીક સંસ્થાઓ દ્વારા રકતદાન કેમ્પ યોજાય તેમાં ૨૧૧ યુનિટ રકત એકત્ર થયું હતું. ધારાસભ્ય ડો. પાડલીયા હાજર રહી આ કામગીરીને બિરદાવી હતી.

તાજેતરમાં ભારત-પાકિસ્તાન વચ્ચે યુધ્ધ ભણકારા વાગ્યા બાદ ઘાયલ સૈનિકો બ્લડ કારણ શહિદ ન વહોરવી પડે અને મુસ્લીમ સમાજના પીરે તરીકત અલા મુઝમીલબાપુના ૭૧માં જન્મ દિવસ નિમિતે શહેરમાં રાષ્ટ્રપ્રેમી મુસ્લીમ સમાજની વિવિધ સામાજીક પ્રવૃતિ કરતી કે.જી. અને ગ્રુપ અને કિંગ સ્ટાર ગ્રુપ દ્વારા લોહાણા મહાજન સમાજે મહા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રકત કેમ્પમાં ઉપલેટા-ધોરાજીના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા જાતે હાજર રહી રાષ્ટ્રપ્રેમી મુસ્લીમ સમાજના સામાજીક સંસ્થાઓની કામગીરી બિરદાવી અને આયોજકોને અભિનંદન આપ્યા હતા. સવારે ૧૦ વાગ્યાથી સાંજન ૫ વાગ્યા સુધી રકતદાન કેમ્પ યોજાતા ૨૧૧ યુનિટ રકત એકત્ર થયું હતું. પૂર્વ ધારાસભ્ય છગનભાઈ સોજીત્રાએ મુસ્લીમ સમાજના યુવાનો રાષ્ટ્ર પ્રેમમાં જોડાઈ આવી સામાજીક પ્રવૃતિ કરવા બદલ અભિનંદન આપ્યા હતા. આ કેમ્પમાં પીરે તરીકટત અબ્બા મુઝમુમીલ બાપુ સૈયદ નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, સ્કુલ બોર્ડના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા પૂર્વ પાલિકા પ્રમુખ દાનભાઈ ચંદ્રવાડીયા, ક્ષત્રીય સમાજના પ્રમુખ હરપાલભાઈ જાડેજા, સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ કોળી સમાજના પ્રમુખ જગદીશભાઈ વિરમગામા આહિર સમાજના ઉપપ્રમુખ ભિમભાઈ મ્યાત્રા ચેમ્બરના પ્રમુખ રમેશભાઈ પાનેરા, ખજાનચી હારુનભાઈ માલવીયા, અનાજ કિરાણા એશો.ના પ્રમુખ જયેશભાઈ વસંત, કટલેરી બજાર એસોના પ્રમુખ નાથાભાઈ ચંદ્રવાડીયા, ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ ભરતભાઈ રાણપરીયા, સમસ્ત મેમણ જમાતના સેક્રેટરી આરીફભાઈ નાથાણી, મેમણ સમાચારના તંત્રી યુસુફભાઈ સોરઠીયા, વિજય પેટ્રોલીયમ વાળા અરસરભાઈ કુલારા, મેમણ જમાતાના પૂર્વ પ્રમુખ હમીફભાઈ કોડી, અજીબભાઈ કટલેરીવાળા મુસ્લીમ એકતા સમિતિના પ્રમુખ અરઝલબાપુભાઈ કાદરી પૂર્વ નગર સેવક રજાકભાઈ હિગોરા, ખાટકી જમાતના પ્રમુખ સિતાર હાસમ નગર સેવક રેશ્માબેન હિગોરા, રિઝવાનાબેન ખાંટ, ઈમરાનબાપુ પિરજાદા, ગુલામબાપુ બુખારી, અનિશભાઈ ચણા, લાલભાઈ હડફા, જાવિદભાઈ પટેલ સહિત આગેવાનો હાજર રહ્યા હતા. આ કેમ્પનું સફળ બનાવવા કે.જી. એન. ગ્રુપના બોદુભાઈ હેરંજા, એજાજ ખોખર, સલીમ રાઠોડ, નિમીત ભોલ ગામડાવાળા સાકીર મેમણ, ઈમરાન હેરંજા, અસ્લમ હેરંજા કિટી સ્ટાર ગ્રુપના રીયાજ હિગોરા, રિજવાન હિગોરા, વસીમબાપુ પીરજાદા, સહિત ગ્રુપના તમામ સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# શુભમન ગિલ અને સાંઈ સુદર્શનની અતૂટ ઓપનિંગ ભાગીદારીએ “૨૦૦” રન ચેઝ કર્યા!!!

## જીત સાથે ગુજરાતે પ્લેઓફ માટે ક્વોલિફાય સાથોસાથ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને પંજાબ કિંગ્સની પ્લેઓફ ટિકિટ પણ કન્ફર્મ થઈ, હવે ફક્ત ૧ સ્થાન બાકી છે અને તેના માટે ૩ ટીમો વચ્ચે જંગ

**અબતક, નવી દિલ્હી**

સાઈ સુદર્શન અને શુભમન ગિલ વચ્ચેની રેકોર્ડ ભાગીદારીની મદદથી ગુજરાત ટાઈટન્સે દિલ્હી કેપિટલ્સને ૧૦ વિકેટથી હરાવીને પ્લેઓફ માટે ક્વોલિફાય કર્યું હતું. આ સાથે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને પંજાબ કિંગ્સ પણ પ્લેઓફમાં પહોંચી ગયા છે. હવે ચોથા સ્થાન માટે લડાઈ ચાલુ છે. રવિવારે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં દિલ્હીએ કેએલ રાહુલની સદીના આધારે ૨૦ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ૧૯૯ રન બનાવ્યા હતા. જવાબમાં ગુજરાત ટાઈટન્સે નિર્ધારિત ઓવરોમાં એક પણ



વિકેટ ગુમાવ્યા વિના ૨૦૫ રન બનાવ્યા અને મેચ જીતી લીધી હતી. ૨૦૦ રનના લક્ષ્યનો પીછો કરતા ગુજરાતે સારી શરૂઆત કરી જેમાં સાઈ સુદર્શન અને શુભમન ગિલે અંત સુધી લય જાળવી રાખી હતી. બંને વચ્ચે ૨૦૫ રનની અણનમ ભાગીદારી થઈ હતી. આ કોઈપણ ઓપનિંગ જોડી દ્વારા ત્રીજી સૌથી મોટી ભાગીદારી છે. આ પહેલા ગિલ અને સુદર્શને આઈપીએલ ૨૦૨૪માં ૨૧૦ રનની ભાગીદારી કરી હતી. લક્ષ્યનો પીછો કરતી વખતે આ ગુજરાતનો બીજો સૌથી મોટો સફળ રન ચેઝ છે. આ મેચમાં સાઈ સુદર્શને ૬૧ બોલમાં ૧૦૮ રનની અણનમ ઈનિંગ રમી હતી જ્યારે શુભમન ગિલ ૯૩ રનની અણનમ ઈનિંગ રમવામાં સફળ રહ્યો હતો. સુદર્શને ૫૬ બોલમાં પોતાના આઈપીએલ કારકિર્દીની બીજી સદી ફટકારી હતી. ગિલે સીઝનની તેની છઠ્ઠી અડધી સદી ફટકારી હતી. આ મેચમાં ગુજરાતના કેપ્ટને પોતાના શાનદાર પ્રદર્શનથી ટી-૨૦માં ૫૦૦૦ રન પૂરા કર્યા હતા. તેણે ૧૫૪ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી. મેચમાં ટોસ હારીને પહેલા બેટિંગ કરવા આવેલી દિલ્હીની શરૂઆત ખરાબ રહી હતી. ફાફ ડુ પ્લેસિસે ફક્ત પાંચ રન બનાવ્યા. આ પછી ઓપનર કેએલ રાહુલ અભિષેક પોરેલ વચ્ચે બીજી વિકેટ માટે ૫૨ બોલમાં ૯૦ રનની ભાગીદારી થઈ હતી. પોરેલ સાઈ કિશોરનો શિકાર બન્યો હતો. તે ૧૯ બોલમાં ૩૦ રન કરીને આઉટ થયો હતો. આ પછી અક્ષર પટેલ ક્રીઝ પર આવ્યો અને ૨૫ રન કરી પેવેલિયન પાછો ફર્યો. ગુજરાત સામે કેએલ રાહુલે પોતાના કરિયરની પાંચમી સદી ફટકારી હતી. તે ૬૫ બોલમાં ૧૧૨ રન બનાવીને અણનમ રહ્યો હતો. આ ઉપરાંત ટ્રિસ્ટન સ્ટબ્સે ૨૧ રન ફટકાર્યા હતા. ગુજરાત તરફથી અરશદ ખાન, પ્રસિદ્ધ કૃષ્ણા અને સાઈ કિશોરે એક-એક વિકેટ લીધી હતી.



કેએલ રાહુલે ટી૨૦ ક્રિકેટમાં વધુ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તેણે ૮૦૦૦ રન પૂરા કર્યા છે અને આ સિદ્ધિ હાંસલ કરનાર વિશ્વનો ત્રીજો સૌથી ઝડપી બેટ્સમેન બન્યો છે. રાહુલે માત્ર ૨૨૪ ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી વિરાટ કોહલી (૨૪૩ ઈનિંગ્સ) અને મોહમ્મદ રિઝવાન (૨૪૪ ઈનિંગ્સ) ને પાછળ છોડી દીધા હતા. વેસ્ટ ઈન્ડીઝનો ક્રિસ ગેઈલ (૨૧૩ ઈનિંગ્સ) આ યાદીમાં ટોચ પર છે જ્યારે પાકિસ્તાનનો બાબર આઝમ (૨૧૮ ઈનિંગ્સ) બીજા સ્થાને છે. કેએલ રાહુલે ઘરેલુ ટી૨૦, આઈપીએલ અને આંતરરાષ્ટ્રીય ટી૨૦ મેચોને જોડીને આ રન બનાવ્યા છે.

## “સ્પેશ્યલ” રાહુલ આઈપીએલ-૨૫નો પ્રથમ જમણેરી સેન્ચ્યુરીયન બન્યો!!!



સ્ટાર બેટ્સમેન કેએલ રાહુલ દિલ્હી કેપિટલ્સમાં આવતાની સાથે જ સંપૂર્ણપણે બદલાયેલો દેખાય છે. તે પહેલાની જેમ સતત રન બનાવી રહ્યો છે પરંતુ હવે તે ફરીથી પોતાની જૂની શૈલીમાં આક્રમક બેટિંગ કરી રહ્યો છે. આવી બેટિંગ માટે તેને પણ મોટો બદલો મળ્યો. રાહુલે ગુજરાત ટાઈટન્સ સામેની મેચમાં શાનદાર સદી ફટકારી હતી. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં સીઝનની ૬૦મી મેચમાં રાહુલે ૬૦ બોલમાં આ સદી ફટકારી હતી. આ સાથે રાહુલે ૩ વર્ષ પછી આઈપીએલમાં સદી ફટકારી છે. રાહુલે ૬૦મી બોલ પર ફોર ફટકારીને પોતાની આઈપીએલ કારકિર્દીની ૫મી સદી પૂરી કરી. રાહુલે અહીં પહોંચવા માટે ૧૨ ચોગ્ગા અને ૪ છગ્ગા ફટકાર્યા. રાહુલની સદીની સૌથી ખાસ વાત એ હતી કે તે આઈપીએલ ૨૦૨૫ માં સદી ફટકારનાર પ્રથમ જમણા હાથનો બેટ્સમેન બન્યો. અગાઉ, વર્તમાન સિઝનમાં ફટકારવામાં આવેલી ૪ સદી ડાબા હાથના બેટ્સમેનોએ ફટકારી હતી. રાહુલ પહેલા બેટિંગ કરી રહેલી દિલ્હી માટે ઓપનિંગ કરવા આવ્યો અને ધીમી શરૂઆત પછી ગતિ વધારી. આ બેટ્સમેને ૩૫ બોલમાં પોતાની અડધી સદી ફટકારી. આ પછી પણ તેનું બેટ અટક્યું નહીં અને રાહુલે ઈનિંગ્સની ૧૯મી ઓવરમાં પોતાની સદી પૂરી કરી.

### ગોઝારો રવિવાર

# આગની બે અલગ – અલગ ઘટનામાં ૨૫ના મોત, અસંખ્ય ઘાયલ

## હૈદરાબાદમાં લાગેલી આગે ત્રણ પેઢીના ૧૭ લોકો અને મહારાષ્ટ્રની કાપડ ફેક્ટરીની આગે ૮ લોકોના ભોગ લીધા

**અબતક, રાજકોટ**

રવિવારે પરિવાર સાથે હળવાશનો સમય વિતાવતા પરિવારે ક્યારેય નહીં વિચાર્યું હોય કે આ ગોઝારો રવિવાર તેમના પરિવાર માટે કાળ બનીને આવશે. જીવનનો કોઈ જ ભરોસો નથી, ત્યારે આવી જ હૈદરાબાદ અને મહારાષ્ટ્રમાં બનેલી ગોઝારી ઘટનાઓએ લોકોના કાળજા કંપાવી દીધા છે. હૈદરાબાદના ચારમીનાર નજીક આવેલી એક સદી જૂની ત્રણ માળની ઈમારતમાં રવિવારે વહેલી સવારે આગ લાગતાં એક જ ઝવેરી પરિવારના ત્રણ પેઢીના ૧૭ સભ્યો ભડથું થઈ ગયા. રજાઓમાં પોતાના પૈતૃક ઘરે ભેગા થયેલા આ લોકોમાં ૨ વર્ષથી લઈને ૭૩ વર્ષના લોકો અને આઠ બાળકોનો પણ સમાવેશ થાય છે. અધિકારીઓએ જણાવ્યું કે તેઓ દાઝી જવાથી અથવા ગૂંગળાઈ જવાથી મૃત્યુ પામ્યા. તો બીજી ઘટનામાં મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં અક્કલકોટ રોડ એમ.આઈ.ડી.સી. સ્થિત એક ટુવાલ બનાવવાની કાપડ ફેક્ટરીમાં રવિવારે વહેલી સવારે આગ લાગતાં દોઢ વર્ષના બાળક અને ૮૭ વર્ષીય માલિક સહિત આઠ લોકોનાં મોત નીપજ્યાં.

હૈદરાબાદમાં સવારે ૬ વાગ્યે લાગેલી આ આગમાં પરિવારના ચાર સભ્યો અને તેમના કેટલાક કામદારો બચી ગયા છે, જે આગનું કારણ ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવે છે. ફાયર બ્રિગેડને આગ કાબૂમાં લેતા બે કલાકથી વધુ સમય લાગ્યો ત્યાં સુધીમાં રહેણાંક અને વ્યાપારિક હેતુ માટે વપરાતી આ ઈમારતનો મોટો ભાગ નાશ પામ્યો હતો. ફાયર બ્રિગેડે ગ્રાઉન્ડ ફ્લોર પરની મુખ્ય ઈલેક્ટ્રિકલ પેનલને આગનું મૂળ કારણ ગણાવ્યું છે, જ્યાં પરિવારની ત્રણ પેઢીથી ચાલતી જ્વેલરીની દુકાનો આવેલી છે, જેમાંથી એક ૧૯૦૬થી કાર્યરત હતી.

ફાયર સર્વિસના ડીજી વાય નાગી રેડ્ડીએ જણાવ્યું કે શોર્ટ સર્કિટના કારણે નીકળેલી તણખી લાકડાના પેનલમાં ફેલાઈ અને એસીના કોમ્પ્રેસર યુનિટમાં વિસ્ફોટ થયો, જેના કારણે આગ વધુ ભયાનક બની. તેમણે વધુમાં જણાવ્યું કે ઈમારતમાં માત્ર એક જ પ્રવેશ અને બહાર નીકળવાનો સાંકડો રસ્તો હોવાથી અને સીડી પણ સાંકડી હોવાથી લોકો બહાર નીકળી શક્યા નહીં અને ધુમાડાના કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ.

બચાવ કામગીરી માટે ૧૧ ફાયર એન્જિન, એક ફાયર ફાઈટિંગ રોબોટ અને ૭૦ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા અને સમયસર પહોંચીને આગ બુઝાવી દેવામાં આવી હતી. દુર્ઘટનામાં અસરગ્રસ્ત થયેલા ૧૭ લોકોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા પરંતુ કોઈને બચાવી શકાયા નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ દુ:ખ વ્યક્ત કર્યું છે અને પ્રત્યેક મૃતકના પરિવારજનોને અનુક્રમે ૨ લાખ અને ૫ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

સોલાપુરની સેન્ટ્રલ ટેક્સટાઈલ કંપનીમાં વહેલી સવારે ૩.૩૦ થી ૪ વાગ્યાની વચ્ચે લાગેલી આગનું કારણ ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ હોવાનું મનાય છે. મૃતકોમાં માલિક ઉસ્માન મન્સુરીના પરિવારના ચાર અને ત્યાં રહેતા એક કામદારના પરિવારના ચાર સભ્યોનો સમાવેશ થાય છે. મુખ્ય પ્રવેશદ્વાર પાસે ધાર્મિક બાંધકામને કારણે બચાવ કાર્યમાં મુશ્કેલી પડી હતી. ફાયર ફાઈટરોએ સીડી અને પાછળની દિવાલ તોડીને પ્રવેશ કર્યો અને ત્રણ લોકોને જીવતા બચાવ્યા, પરંતુ ગાઢ ધુમાડો અને જ્વાળાઓને લીધે વધુ લોકોને બચાવી શકાયા નહીં. આગમાં ત્રણ ફાયર ફાઈટરોના હાથ અને ચહેરા પણ દાઝી ગયા હતા. લાંબા પ્રયત્નો બાદ આઠ મૃતદેહો મળી આવ્યા. મિલકતનું અંદાજિત નુકસાન રૂ. ૧ કરોડ છે અને આગ લાગ્યા પહેલાં રહેવાસીઓએ જોરદાર અવાજ સાંભળ્યો હતો. આગને સંપૂર્ણપણે કાબૂમાં લેવામાં અને બચાવ કામગીરી પૂરી કરવામાં ૧૨ કલાકથી વધુ સમય લાગ્યો હતો.

### આગથી બચાવવા ચાર બાળકોને બાથમાં લઈને બેઠેલી ‘માં’ના મૃતદેહે હૃદય કંપાવ્યું !!

હૈદરાબાદમાં ગુલઝાર હૌઝમાં રવિવારે લાગેલી આગની ભયાનકતાનું વર્ણન કરતાં સ્વયં સેવકોએ જણાવ્યું કે તેમણે એક વૃદ્ધ મહિલાને ચાર મૃત બાળકોને ગળે લગાવેલી હાલતમાં જોઈ, જે દર્શાવે છે કે તેણીએ બાળકોને બચાવવાનો પ્રયાસ કર્યો હશે. સ્વયંસેવક મીર ઝાહિદે જણાવ્યું કે મહિલાએ ટોર્ચ ચાલુ રાખીને મોબાઈલ પકડ્યો હતો, જે સૂચવે છે કે ધુમાડાને કારણે તે જોઈ શકતી નહોતી. સાથી સ્વયંસેવક મોહમ્મદ અઝમતે આ દ્રશ્યને અસહ્ય ગણાવ્યું અને જણાવ્યું કે તે ક્ષણે તેમને ખબર પડી ગઈ હતી કે કોઈ બચશે નહીં. તેમને તે જ રૂમમાં બીજા બે મૃતદેહ પણ મળ્યા હતા. આ દર્દનાક દ્રશ્ય આગની ભયાનકતા અને તેમાં ફસાયેલા લોકોની લાચારીની સાક્ષી પૂરે છે.

# નિકાસમાં પેટ્રોલિયમ ઉત્પાદનો અને ડાયમંડને પાછળ રાખી સ્માર્ટફોને મેદાન માર્યું

## વર્ષ ૨૦૨૪–૨૫માં સ્માર્ટફોનની નિકાસ ૫૫ ટકા વધીને ૨૪.૧૪ બિલિયન ડોલરે પહોંચી

**અબતક, નવી દિલ્હી**

સ્માર્ટફોન નિકાસમાં ભારત સતત આગળ વધી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં ભારતમાંથી ૨૪.૧૪ બિલિયન ડોલરના સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી હતી. આ ગયા વર્ષની ૧૫.૫૭ બિલિયન ડોલરની નિકાસ કરતાં ૫૫ ટકા વધુ છે. તાજેતરમાં જાહેર કરાયેલા સરકારી ડેટા અનુસાર, આમાંથી મોટાભાગના સ્માર્ટફોન યુએસ, નેધરલેન્ડ, ઈટાલી, જાપાન અને ચેક રિપબ્લિકમાં મોકલવામાં આવ્યા હતા.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં, ભારતે ફક્ત અમેરિકામાં ૧૦.૬ બિલિયન ડોલરના સ્માર્ટફોનની નિકાસ કરી હતી. આ એક વર્ષ પહેલા અમેરિકામાં નિકાસ કરાયેલા ૫.૫૭ બિલિયન ડોલરના સ્માર્ટફોન કરતા બમણા છે. ભારતમાંથી સ્માર્ટફોનની નિકાસ પેટ્રોલિયમ ઉત્પાદનો અને હીરાની નિકાસ કરતાં વધી ગઈ છે. આનો અર્થ એ થયો કે ભારત હવે પેટ્રોકેમિકલ્સ અને હીરા કરતાં વધુ સ્માર્ટફોન નિકાસ કરે છે.

અમેરિકા ઉપરાંત, નેધરલેન્ડ્સે ગયા નાણાકીય વર્ષમાં ભારતમાંથી ૨.૨ બિલિયન ડોલરના આઈફોન આયાત કર્યા હતા. તેવી જ રીતે, ૧.૨૬ અબજ ડોલરના સ્માર્ટફોન ઈટાલી અને ૧.૧૭ અબજ ડોલરના ચેક રિપબ્લિક મોકલવામાં આવ્યા હતા. ટોક્યોમાં સ્માર્ટફોન નિકાસ પણ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં માત્ર ૧૨૦ મિલિયન ડોલરથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ૫૨૦ મિલિયન ડોલર થવાની ધારણા છે.

ઉત્પાદન-લિંક્ડ ઈન્સેન્ટિવ યોજના સહિત સરકારી પ્રયાસોને કારણે છેલ્લા બે નાણાકીય વર્ષોમાં સ્માર્ટફોન નિકાસમાં વધારો થયો છે. દેશમાં ઘણા સ્માર્ટફોન યુનિટ પણ ખુલ્યા છે. આના કારણે, આ ક્ષેત્રમાં ભારતની સપ્લાય ચેઈન મજબૂત થઈ રહી છે અને વધુ રોકાણ આકર્ષિત થઈ રહ્યું છે. આઈફોન બનાવતી એપલ જેવી મોટી કંપનીઓ પણ તેમનો ઉત્પાદન આધાર ચીનથી ભારતમાં ખસેડી રહી છે. આનાથી ભારતમાં સ્માર્ટફોન ઉત્પાદન કેન્દ્ર તરીકે વિશ્વાસ વધ્યો છે, તેમ છતાં ઉત્પાદન ખર્ચમાં ૫-૮ ટકાનો વધારો થયો છે.

# બાંગ્લાદેશ ઉપરની રોકથી ભારતના કાપડ ઉદ્યોગને રૂ.૧૦૦૦નો વધુ વેપલો થવાની આશા

## શિયાળાની ઋતુ દરમિયાન સપ્લાય ચેઈનને અસર થવાની સંભાવના, કાપડના ભાવમાં વધારો આવે તેવી પણ શકયતા

**અબતક, નવી દિલ્હી**

ભારતે બાંગ્લાદેશથી જમીન માર્ગે કપડાંની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે, જેના કારણે બાંગ્લાદેશને કરોડો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. પરંતુ ભારત દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયથી દેશના કાપડ ઉદ્યોગને વેગ મળશે. દેશમાં બનતા કપડાના વેપારમાં ૧૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થશે, જેનાથી કાપડ ઉદ્યોગમાં કામ કરતા લોકોની આવકમાં પણ વધારો થશે અને તે જ સમયે ભારતના એમએસએમઈ ક્ષેત્રનો પણ વિકાસ થશે.

અહેવાલ મુજબ, કાપડ ઉદ્યોગનો વ્યવસાય વધશે. જોકે, શિયાળાની ઋતુ દરમિયાન સપ્લાય ચેઈનને અસર થઈ શકે છે. તેથી, ડેનિમ અને વૂલન કપડાં જેવા શિયાળાના કપડાંના ભાવ વધી શકે છે. તેમની કિંમતમાં ૨-૩ ટકાનો વધારો થઈ શકે છે. ગયા શનિવારે, વિદેશી વેપારના મહાનિર્દેશકે બાંગ્લાદેશથી જમીન માર્ગે કપડાંની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો, ત્યારબાદ બંને દેશો વચ્ચે કાપડ ઉદ્યોગના ભવિષ્ય વિશે ચર્ચા શરૂ થઈ હતી. જોકે, ભારત સરકારે ફક્ત જમીન માર્ગ પર પ્રતિબંધ મૂક્યો છે. બાંગ્લાદેશ હજુ પણ કોલકાતા અને ન્હાવા શેવા બંદરો દ્વારા નિકાસ કરી શકે છે. ભારતના કાપડ ઉદ્યોગ દ્વારા લાંબા સમયથી બાંગ્લાદેશથી કપડાંની આયાત પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી રહી હતી, કારણ કે શૂન્ય ટેરિફને કારણે, ત્યાંથી ભારતમાં આવતા ઉત્પાદનોની સંખ્યા બમણી થઈ ગઈ હતી, જેની સીધી અસર ભારતીય કાપડ ઉદ્યોગ પર પડી રહી હતી. આ પગલાથી ચીની કાપડની બેકડોર આયાત પર પણ અંકુશ આવવાની અપેક્ષા છે, જે અન્યથા ૨૦% આયાત ડ્યુટીને આકર્ષિત કરે છે. વ્યાપાર અને ઉદ્યોગ જગત સર્વસંમતિથી માને છે કે આયાત નીતિમાં ફેરફારને કારણે, બાંગ્લાદેશને ભારત કરતાં વધુ નુકસાન સહન કરવું પડશે.

ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન ના ચેરમેન (પૂર્વ ક્ષેત્ર) બિમલ બેંગાણીએ જણાવ્યું હતું કે, ભારતને વધારે નુકસાન થવાનું નથી... બાંગ્લાદેશ માટે દરિયાઈ માર્ગે આયાત કરવી મુશ્કેલ બનશે. ઈન્ડિયન ટેક્સપ્રિન્યોર્સ ફેડરેશનના કન્વીનર પ્રભુ ધમોધરને જણાવ્યું હતું કે આ પગલાથી આયાત ઘટાડીને સ્થાનિક ઉત્પાદનને મજબૂત બનાવવામાં મદદ મળશે અને સ્થાનિક ઉત્પાદકોને ટેકો મળશે.

# અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડનને પ્રોસ્ટેટ કેન્સર

## કેન્સર હોવા અંગેની જાણ થયા બાદ તુરંત ૮૨ વર્ષીય જો બાઈડનને સારવાર અર્થે ખસેડાયા

**અબતક, રાજકોટ**

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ૮૨ વર્ષીય જો બિડેનને પ્રોસ્ટેટ કેન્સર હોવાનું નિદાન થયું છે, તેમના કાર્યાલયે રવિવારે આ વાતની જાહેરાત કરી. આ નિદાન તાજેતરની તબીબી તપાસ બાદ થયું છે, જેમાં તેમના પ્રોસ્ટેટમાં એક નાની ગાંઠ મળી આવી હતી. શુક્રવારે, ડોક્ટરોએ પ્રોસ્ટેટ કેન્સરની હાજરીની પુષ્ટિ કરી, જેના કોષો તેમના હાડકાંમાં ફેલાઈ ગયા હતા. જો કે, તેમનું કેન્સર હોર્મોન-સંવેદનશીલ હોવાનું જણાયું છે, જે સારવાર માટે સક્ષમ છે. બિડેન અને તેમનો પરિવાર તેમના ચિકિત્સકો સાથે સારવારના વિકલ્પોની સમીક્ષા કરી રહ્યા છે.

પ્રોસ્ટેટ કેન્સરને ૧ થી ૧૦ ના ગ્લીસન સ્કોર સાથે રેટ કરવામાં આવે છે, જેમાં બિડેનનો સ્કોર ૯ છે, જે દર્શાવે છે કે તેમનું કેન્સર ખૂબ જ આક્રમક છે. અહેવાલ અનુસાર આ અઠવાડિયાની શરૂઆતમાં, પ્રોસ્ટેટ નોડ્યુલની શોધ બાદ બિડેનનું તબીબી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ભૂતકાળમાં, બિડેનને નોન-મેલાનોમા ચામડીના કેન્સરને દૂર કરવા માટે મોહ્સ સર્જરી પણ કરાવી હતી.

ફેબ્રુઆરી ૨૦૨૪ માં ડો. કેવિન ઓ'કોનોર દ્વારા સ્વાસ્થ્ય અને ફરજ માટે જવા સક્ષમ હોવાનું જાહેર કરવામાં આવ્યા હોવા છતાં, બિડેનને તેમની ઉંમર અને માનસિક સ્પષ્ટતા અંગે જાહેર શંકાઓનો સામનો કરવો પડ્યો હતો. આ ચિંતાઓએ ૨૦૨૪ ની પુનઃચૂંટણીની રેસમાંથી દૂર થવાના તેમના નિર્ણયને પ્રભાવિત કર્યો હોવાનું માનવામાં આવતું હતું. જાન્યુઆરીમાં પદ છોડ્યા પછી, બિડેન પ્રમાણમાં ખૂબ જ ઓછા મીડિયામાં જોવા મળ્યા છે.

# ન્યાયતંત્ર, કારોબારી કે વિધાનસભાએ બંધારણ સર્વોપરી છે તેમ જ વર્તવું પડે : ચીફ જસ્ટિસ

## લોકશાહીના આ ત્રણેય અંગોએ બંધારણ મુજબ સાથે મળીને કામ કરવું પડશે : સુપ્રીમ કોર્ટ દ્વારા રાજ્યપાલો અને રાષ્ટ્રપતિ માટે નક્કી કરાયેલ સમયમર્યાદા અંગેની ચર્ચામાં સીજેઆઈનું મહત્વપૂર્ણ નિવેદન

**અબતક, મુંબઈ**

સુપ્રીમ કોર્ટ દ્વારા રાજ્યપાલો અને રાષ્ટ્રપતિ માટે નક્કી કરાયેલ સમયમર્યાદા અંગે ચાલી રહેલી ચર્ચા વચ્ચે, ભારતના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ ગવઈએ રવિવારે કહ્યું કે ન્યાયતંત્ર, કારોબારી કે વિધાનસભા કરતા પણ ભારતનું બંધારણ ‘‘સર્વોચ્ચ‘‘ છે અને લોકશાહીના આ ત્રણેય અંગોએ બંધારણ મુજબ સાથે મળીને કામ કરવું પડશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સુપ્રીમ કોર્ટને ૧૪-મુદ્દાનો રાષ્ટ્રપતિ સંદર્ભ મોકલ્યાના થોડા દિવસો બાદ જ આ નિવેદન આવ્યું છે, જેમાં પૂછવામાં આવ્યું હતું કે શું કોર્ટ મંજૂરી માટે મોકલવામાં આવેલા અથવા વિચારણા માટે અનામત રાખવામાં આવેલા રાજ્ય બિલો સાથે વ્યવહાર કરતી વખતે રાજ્યપાલો અને રાષ્ટ્રપતિના વર્તનને ‘‘સમયરેખા‘‘ ‘‘લાદી‘‘ શકે છે અને નિર્દેશિત કરી શકે છે. કેન્દ્રએ સુપ્રીમ કોર્ટ પર કારોબારીના અધિકારક્ષેત્રમાં દખલ કરવાનો આરોપ લગાવ્યો હતો. ગયા અઠવાડિયે ૫૨મા સીજેઆઈ તરીકે શપથ ગ્રહણ કરનારા જસ્ટિસ ગવઈ મહારાષ્ટ્ર અને ગોવા બાર કાઉન્સિલ દ્વારા આયોજિત સન્માન સમારોહમાં બોલી રહ્યા હતા. ‘‘મૂળભૂત માળખું મજબૂત છે,‘‘ જસ્ટિસ ગવઈએ કહ્યું, બંધારણના તમામ અંગોએ એકબીજા પ્રત્યે આદર દર્શાવવો જોઈએ. સંસદ પાસે બંધારણમાં સુધારો કરવાની સત્તા છે, પરંતુ તે ‘‘મૂળભૂત માળખા‘‘ ને સ્પર્શી શકતી નથી. 'મૂળભૂત માળખું' સિદ્ધાંત માને છે કે બંધારણની કેટલીક મૂળભૂત વિશેષતાઓ, જેમ કે તેની સર્વોપરિતા, કાયદાનું શાસન અને ન્યાયતંત્રની સ્વતંત્રતા, સંસદ દ્વારા બંધારણીય સુધારા દ્વારા સુધારી અથવા રદ કરી શકાતી નથી. તાજેતરમાં, રાષ્ટ્રપતિના સંદર્ભમાં બંધારણની કલમ ૧૪૩ (૧) હેઠળ સુપ્રીમ કોર્ટના સલાહકાર અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેથી સમયમર્યાદા નક્કી કરી શકાય કે નહીં તે નક્કી કરી શકાય.

રાષ્ટ્રપતિનું આ પગલું ૮ મેના રોજ ન્યાયાધીશ જેબી પારડીવાલા અને આર મહાદેવનની બેન્ચ દ્વારા તમિલનાડુ સરકારની અરજી પર આપેલા નિર્ણયથી ઉદ્ભવ્યું છે, જેમાં વિધાનસભા દ્વારા બીજી વખત પસાર કરાયેલા બિલોને મંજૂરી આપવામાં રાજ્યપાલના વિલંબ અને રાષ્ટ્રપતિના વિચારણા માટે તેમને અનામત રાખવાના તેમના પગલાને પડકારવામાં આવ્યો હતો.સંદર્ભમાં જણાવાયું છે કે ‘‘ભારતના બંધારણની કલમ ૨૦૧ હેઠળ ભારતના રાષ્ટ્રપતિની સંમતિ વાજબી છે કે કેમ તે અંગે સુપ્રીમ કોર્ટના વિરોધાભાસી નિર્ણયો છે‘‘.એપ્રિલમાં, મુખ્ય ન્યાયાધીશ તરીકેની નિમણૂક પહેલાં બે કેસોની સુનાવણી કરતી વખતે, જસ્ટિસ ગવઈએ કહ્યું હતું કે, ‘‘જેમ છે તેમ, અમારા પર સંસદીય અને કારોબારી કાર્યો પર અતિક્રમણ કરવાનો આરોપ છે.‘‘ પશ્ચિમ બંગાળમાં હિંસા સંબંધિત કેસની સુનાવણી કરતી વખતે, કારોબારીએ સ્પષ્ટ ન્યાયિક અતિરેક પર પ્રશ્ન ઉઠાવ્યો હતો

સ્પષ્ટ ઓનલાઈન સામગ્રી સંબંધિત અન્ય એક કેસમાં, ન્યાયાધીશ ગવઈએ મૌખિક રીતે અવલોકન કર્યું હતું કે આ સંદર્ભમાં નિયમો ઘડવાનો અધિકાર સંઘનો છે. તેમણે કહ્યું હતું કે, ‘‘જેમ છે તેમ, હવે આપણી ટીકા થઈ રહી છે કે આપણે કારોબારી કાર્યો, કાયદાકીય કાર્યોમાં દખલ કરી રહ્યા છીએ.‘‘ ગવઈએ રવિવારે કહ્યું કે તેઓ ખુશ છે કે દેશ માત્ર મજબૂત બન્યો નથી પરંતુ સામાજિક અને આર્થિક ન્યાયના મોરચે પણ વિકાસ પામ્યો છે. 'બુલડોઝર ન્યાય' વિરુદ્ધના પોતાના ચુકાદાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આશ્રયનો અધિકાર સર્વોચ્ચ છે. ‘‘આશ્રયનો અધિકાર એ મૂળભૂત અધિકાર છે. કોઈ વ્યક્તિ ગુનાનો આરોપી હોય કે દોષિત હોય, જો પરિવારનું ઘર કાયદેસર રીતે કબજે કરેલું હોય, તો તેને બહાર કાઢી શકાતું નથી કે તોડી શકાતું નથી. કાયદાના શાસનનું પાલન કરવું જોઈએ.‘‘

# કનસુમરા વિસ્તારમાંથી ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવતી ફેક્ટરી ઝડપાતા ખળભળાટ

## બનાવટી ઈંગ્લીશ દારૂ બનાવવાનું સ્પિરિટ, કલર, બોટલ સહિત સવા આઠ લાખનો મુદ્દામાલ કબ્જે | ત્રણ શખ્સોની ધરપકડઃ રાજસ્થાનના મુખ્ય સૂત્રધાર અને જામનગરના બુટલેગરની શોધખોળ

જામનગર નજીક કનસુમરા વિસ્તારમાં ગોડાઉન ભાડે રાખીને તેમાં ચલાવતી ડુપ્લીકેટ ઇંગલિશ દારૂ બનાવવાની મીની ફેકટરી એલસીબીની ટુકડીએ પકડી પાડી છે અને તેમાંથી ત્રણ શખ્સોની અટકાયત કરી લીધી છે. જે સ્થળેથી ડુપ્લીકેટ ઈંગ્લીશ દારૂ બનાવવા માટે નું સ્પીરિટ, કલર તથા અન્ય સામગ્રી ખાલી બોટલો, લેબલ, ઢાંકણા વગેરે સહિત રૂપિયા સવા આઠ લાખની માલમતા કબજે કરી છે, ઉપરાંત દારૂની ડુપ્લીકેટ દારૂ ની ફેક્ટરી ના મુખ્ય ભેજાબાજ રાજસ્થાનના એક શખ્સ તેમજ દારૂ ના વેચાણકાર જામનગરના અન્ય એક શખ્સને ફરારી જાહેર કરાયા છે. આ ફેક્ટરી ૩ મહિનાથી ચાલુ થઈ હોવાનું જાણવા મળ્યું છે.


રાજકોટ રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ દ્વારા પ્રોહીબીશન ધારા હેઠળના કેસો શોધી કાઢવા સૂચના અપાઈ હતી. જેથી જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂ દ્વારા જામનગર જીલ્લામાંથી પ્રોહીબીશનની બદીને નેસ્ત નાબુદ કરવા એલ.સી.બી.ના પીઆઈ વી.એમ.લગારીયા ટીમના પીએસઆઈ પી.એન.મોરી અને

### કેવી રીતે દારૂ બનાવતા?

ડુપ્લીકેટ ઇંગ્લિશ દારૂની મીની ફેક્ટરી સાથે પકડાયેલા આરોપીઓએ આલ્કોહોલ સ્પીરીટ,કેમીકલ તથા ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂના બ્રાન્ડનો ફ્લેવર લાવવા માટેનુ કલર પ્રવાહી,પાણીની ટાંકીઓમા મિશ્રણ/ભેળસેળ કરી,ઈંગ્લીશ દારૂ ના માર્ક -ઓલ્ડ મંક રમ, મેકડોવેલ્સ બ્લુ જીન, મેકડોવેલ્સ નં- ૧,કોન્ટેસા, વોડકા,રોયલ સ્ટગ,ઓફિસર ચોઈસના ડુપ્લીકેટ વ્હીસ્કીના સ્ટીકર તથા બુચો બનાવી,દારૂ પ્લાસ્ટીકની બોટલોમા ભરી,ડુપ્લીકેટ દારૂમા આલ્કોહોલનુ પ્રમાણ માપવા માટે આલ્કોહોલ મીટર તથા માપ દર્શાવતુ બીકર ઉપયોગ કરી,મશીનથી બોટલો ના બુચ શીલ કરી,ડુપ્લીકેટ દારૂનુ વેચાણ કરતા હોવાનુ ખુલવા પામેલ છે.







સી.એમ.કાંટેલીયા સહીતની ટીમોને દોડતી કરાવાઈ હતી.

દરમ્યાન એલ.સી.બી.સ્ટાફને ખાનગી બાતમીદારોથી હકિક્ત મળેલી કે, જામનગર તાલુકાના કનસુમરા ગામની સાઢીયાપુલ પાસે આવેલ 'આર્ય એસ્ટેટમા ખોડલ કોલ ટ્રેડર્સ નામના ગોડાઉનમા (૧) અરૂણ ઉર્ફે કાલી સીતારામ સોની નેપાળી (૨) જયપાલસિંહ વિક્રમસિંહ જાડેજા (૩) મહિપાલસિંહ આશીષસિંહ રાણા જે ત્રણેય જામનગરના શખ્સો કિશનસીંગ શેખાવત રહે.જયપુર રાજસ્થાન વાળા સાથે મળી આલ્કોહોલ સ્પીરીટ/ કલર/પ્રવાહી પાણીમા ભેળસેળ કરી ભારતીય બનાવટનો વિદેશી દારૂ બનાવી વેચાણ કરવા જામનગરના દારૂના વિક્રેતા ગજેન્દ્રસિંહ જાડેજા સાથે મળી ઈંગ્લીશ દારૂ ની ફેક્ટરી ચલાવતા હોવાની બાતમી મળી હતી.

જે બાતમી ના આધારે ખોડલ કોલ ટ્રેડર્સ નામના ગોડાઉનમા રેઈડ કરી ત્યાંથી અરૂણ ઉર્ફે કાલી સીતારામ સોની નેપાળી, જયપાલસિંહ વિક્રમસિંહ જાડેજા, મહિપાલસિંહ આશીષસિંહ રાણાને પકડી પાડયા હતા.જેના કબ્જામા સ્પીરીટ, ફલેવરકલર મીશ્રણ કરી, ડુપ્લીકેટ ઈંગ્લીશ દારૂ બનાવેલ જથ્થો, આલ્કોહોલ સ્પીરીટ, બોટલ મા લગાડવાના સ્ટીકર,કાળા કલરનુ

### આ સામગ્રીઓ કબ્જે કરાઈ?

(૧) આલ્કોહોલ સ્પીરીટ થી બનાવેલ ઈંગ્લીશ દારૂ બોટલ-૫૯ કિ.રૂ. ૨૯,૫૦૦,(૨) આલ્કોહોલ સ્પીરીટ ભરેલ મોટા બેરલ-૪ લીટર-૮૦૦ કિ.રૂ.૩,૨૦,૦૦૦, (૩) ભેળસેળ યુકત દારૂ બનાવવાનો કેમીકલ પદાર્થ લીટર-૪૦ કિ.રૂ ૮૦૦૦, (૪) ઈંગ્લીશ દારૂનો રંગ લાવવા માટે નો વપરાતો કેમીકલ યુકત પદાર્થ-લીટર-૧૦ કિ.રૂ. ૨,૦૦૦, (૫) ફિનાઈલ બોટલ -૧૨૦૦ કિ.રૂ ૮૪,૦૦૦, (૬) કાર-૧ કિ.રૂ. ૩,૦૦,૦૦૦, (૭) મોબાઈલ ફોન-૪ કિ.રૂ.૬૦૫૦૦, (૮) દારૂની બોટલ શીલ કરવા માટેનુ લોખંડ શીલ મશીન-૨ કિ.રૂ ૧૦,૦૦૦, (૯) દારૂ મા આલ્કોહોલનુ પ્રમાણ માપવા માટે આલ્કોહોલ મીટર તથા માપ દર્શાવતુ બીકર-૧ કિ.રૂ ૨૦૦૦, (૧૦) ઓલ્ડ મંક રમ, મેકડોવેલ્સ બ્લુ જીન, મેકડોવેલ્સ નંબર-૧ વ્હીસ્કી,કોન્ટેસા વોડકા, રોયલ સ્ટગ વ્હીસ્કી, ઓફિસર ચોઈસ વ્હીસ્કી, ના સ્ટીકર નંગ-૧૦૯૨૦, (૧૧) પ્લાસ્ટીકની પાણી ની ટાંકીઓ -૨ કિ.રૂ. ૫૦૦૦, (૧૨) ઈંગ્લીશ દારૂ રાખવાના માટે ના બોકસ- ૨૨૦, (૧૩) ઈંગ્લીશ દારૂ બોટલ ના શીલ માટેના ઢાકણા-૬૬૦૦, (૧૪) ઈંગ્લીશ દારૂ ભરવા માટેની પ્લાસ્ટીક ની ખાલી બોટલો- ૨૦૦, (૧૫) ઈંગ્લીશ દારૂ ભરવા માટે પ્લાસ્ટીકના પાઉચ- ૨૫૭૫, (૧૬) ઈંગ્લીશ દારૂ ના પુઠાની પેટીઓ ઉપર પ્લાસ્ટીકના સ્ટીકરો ની પટ્ટીઓ -૧૦૦ વગેરે મળી કુલ .રૂ ૮,૨૩,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરેલ છે.

પ્રવાહી,મોબાઈલ ફોન, ફોરવ્હીલકાર વિગેરે કબ્જે કરી લઈ ત્રણેય ઈસમો વિરૂધ્ધ દારૂબંધી ભંગ અંગેનો ગુનો નોંધવામાં આવ્યો હતો. જ્યારે આ પ્રકરણના મુખ્ય સૂત્રધાર એવા કિશનસીંગ શેખાવત (રહે. જયપુર રાજસ્થાન -સ્પીરીટ થી ડુપ્લીકેટ ઈંગ્લીશ દારૂ બનાવનાર) અને ગજેન્દ્રસિંહ જાડેજા રહે. જામનગર (ઈંગ્લીશ દારૂનું વેચાણ કરનાર) ને ફરારી જાહેર કરી તેઓની શોધખોળ હાથ ધરી છે.

# હોનહાર સ્ટોક એનાલીસ્ટ નિખિલ ભટ્ટનો જન્મદિવસ



ભારતીય શેરબજારના એનાલીસ્ટોમાં જેમનું નામ સફળતાના પ્રથમ શિખરે છે અને સ્ટોકમાર્કેટ સાથે પોતીકો સંબંધ ધરાવત સ્ટોક એનાલીસ્ટ નિખિલભાઈ ભટ્ટ શેરબજારના એક માત્ર ISO 9001 : 2015 સર્ટિફાઈડ તેમજ સેબી માન્ય રીસર્ચ ઍનાલીસ્ટ તરીકે શેરબજારમાં ટ્રેડીંગ સંદર્ભે સચોટ અને સંપૂર્ણ રીસર્ચ માહિતી છેલ્લા ૨૫ વર્ષથી ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ જેવી આર્થિક કોલમોના માધ્યમથી અંદાજીત ૮૦ દૈનિકપત્રો અને ટીવી મીડિયા તેમજ રોકાણકારો, ટ્રેડરો અને થાઈ નેટવર્થ ઈન્વેસ્ટરોને સચોટ માર્ગદર્શક બન્યા છે.

સ્વભાવે શાંત, સરળ અને મિલનસાર ઉપરાંત અનેક મિત્રવર્તુળ ધરાવતા નિખિલભાઈ ભટ્ટ ને શેરબજારના સચોટ અને સંપૂર્ણ રીસર્ચ માહિતી આપવા સંદર્ભે અલગ અલગ મિડિયા પ્લેટફોર્મ નાં માધ્યમથી ""Best Research Analyst"" તરીકે ના ૪ ઍવોર્ડ તેમજ બેસ્ટ રિસર્ચ ઍનાલિસ્ટ સર્ટિફિકેટ દ્વારા સન્માનિત કરી બહુમાન કરવામાં આવ્યુ છે.

તેમના જન્મદિવસ નિમિતે સગસ્નેહી તેમજ સમાજ અગ્રણી સહિતના જન્મદિવસની તેમના મો.નં. ૯૯૭૯૩૮૦૮૦૮ શુભેચ્છા વર્ષા થઈ રહી


# મહિલા ક્રિકેટર અંડર-૧૭ ટીમમાં હર્ષિતાબા જાડેજાનીં પસંદગી



સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર-જામનગર ખાતે કાર્યરત ક્રિકેટ કોચિંગ કેમ્પમાં રીનાબા બી. ઝાલા, ડીસ્ટ્રીકટ કોચ (ક્રિકેટ) હેઠળ તાલીમ લઈ રહેલ હર્ષિતાબા જાડેજા બી.સી.સી.આઈ. દ્વારા અમદાવાદ ખાતે આયોજિત ક્રિકેટ અં.૧૭ બહેનોના ઝોનલ કેમ્પમાં સિલેકટ થયા છે. હર્ષિતાબા જાડેજાએ ચાલુ વર્ષે એસ.જી.એફ.આઈ. દ્વારા આયોજિત રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ગુજરાત રાજ્યની ક્રિકેટ અં.૧૯ બહેનોની ટીમના કેપ્ટન રહી ટીમનું નેતૃત્વ પણ કર્યું હતું. તેઓએ જામનગરના અજીતસિંહજી ક્રિકેટ પેવેલિયન (ક્રિકેટ બંગલો), જામનગર ખાતે તાલીમ મેળવી રાષ્ટ્રકક્ષાએ અને રાજ્યકક્ષાએ ખુબ જ સારૂ પરફોર્મન્સ કરી જામનગર જિલ્લાનું નામ રોશન કર્યું છે.

# પ્રિ-મોન્સુનને લઈ દરેડ સુધીની કેનાલમાં સફાઈ અભિયાન શરૂ

જામનગર મહાનગરપાલિકા દ્વારા વરસાદી સીઝન ને લઈને પ્રિ-મોન્સુન કામગીરી હાથ ધરી લેવામાં આવી છે, અને જામનગર શહેરની મધ્યમાં આવેલા રણમલ તળાવમાં કેનાલ મારફતે પાણી પહોંચી શકે તે માટેની દરેડથી જામનગર સુધીની કેનાલની સફાઈ કામગીરીનો પણ આજથી પ્રારંભ કરી દેવામાં આવ્યો છે.પ્રિ-મોનસૂન કામગીરીના ભાગરૂપે જામનગર મહાનગર પાલિકાની સોલીડ વેસ્ટ શાખા દ્વારા દરેડ થી જામનગર સુધી આવતી



લાંબી કેનાલમાં અલગ અલગ સ્થળે જેસીબી મશીન વગેરે ગોઠવી દઈ ઝાડની ડાળીઓ દૂર કરવા તેમજ કેનાલની અંદર પડેલો કચરો ઉપાડી લેવા માટેની કાર્યવાહી આજથી શરૂ કરી દેવામાં આવી છે.

### આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ નિમિતે

# પુરાતત્વ અને સંગ્રહાલય ખાતે કલમકારી આર્ટ અને ટ્રેડીશનલબ હેન્ડબોડ એમબ્રોડરીના વર્કશોપ યોજાયો

## સુતરાઉ કાપડ ઉપર વિવિધ ભરતકલા જેમાં સાદી, ગાંઢ, કચ્છી, બાવળીયા ટાંકો વગેરે શીખવાડયા

રાજયના રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવ્રુતિઓ વિભાગ અંતર્ગત પુરાતત્વ અને સંગ્રહાલય ખાતું,ગુજરાત સરકાર હેઠળ પુરાતત્વીય સંગ્રહાલય,જામનગર ખાતે તા.૧૮મી મે,૨૦૨૫ના રોજ 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ'ની ઉજવણી કરવામાં આવી. ઈ.સ. ૧૯૭૭ થી આંતરરાષ્ટ્રીય પરીષદ દ્વારા ૧૮મી મે ના રોજ સૌપ્રથમ વખત તો આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.દર વર્ષે ૧૮મી મે ના રોજ મનાવવામાં આવતો 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ' એ સમાજમાં સંગ્રહાલયોની ભૂમિકા વિશે જાગૃતિ લાવવા માટે સમર્પિત એક નોંધપાત્ર વૈશ્વિક ઘટના છે. દર વર્ષે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની એક અલગ થીમ



હોય છે, જે તે વર્ષના વૈશ્વિક મુદ્દા અથવા સામાજિક પરિપ્રેક્ષ્યને પ્રતિબિંબિત કરે છે.આ વર્ષે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની થીમઝડપથી બદલાતા સમુદાયોમાં સંગ્રહાલયોનું ભવિષ્ય છે.સાંસ્કૃતિક સંસ્થાઓના રૂપમાં સંગ્રહાલયના મહત્વને પ્રોત્સાહિત કરવા પુરાતત્વીય સંગ્રહાલય,જામનગર ખાતે 'કલમકારી આર્ટ' તેમજ 'ટ્રેડીશનલબ હેન્ડમેડ એમબ્રોડરી' નાં વર્કશોપનુ આયોજન બપોરે ૨:૩૦ થી ૭:૦૦ કલાકે કરવામાં આવેલ. પુરાતત્વીય સંગ્રહાલય,જામનગર ખાતે હસ્તકલા ને લગતિ એક ગેલેરીમાં જેમાં કાઠી શૈલી, મહાજન શૈલીનાં વિવિધ ચાકળા, ઉલેચ, તોરણ, ભીતીયા, પછીતપાટી વગેરેનાં નમૂનાઓ પ્રદર્શિત કરવામાં આવેલ છે. 'ટ્રેડીશનલબ હેન્ડમેડ એમબ્રોડરી'નાં વર્કશોપ અંતર્ગત ગીતાબેન રાઠોડ દ્વારા કુલ ૨૦ આર્ટીસ્ટને સુતરાઉ કાપડ પર વિવિધ હસ્તકલા આધારીત ભરતકામ જેમકે,સાદો ટાંકો ,ગાંઢ ટાંકો ,કચ્છી ટાંકો ,બાવળીયા ટાંકો વગરે શીખવાડવામાં આવેલ.

સંગ્રહાલયના ક્યુરેટર ડો.ધીરજ વાય. ચૌધરી દ્વારા જણાવ્યુ કે 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ'ની ઉજવણીનો મુખ્યહેતુ સમાજમાં સંગ્રહાલયોની ભૂમીકા અને શિક્ષા,સંસ્કૃતિ અને વિરાસતનું સંરક્ષણ તથા સમાજમાં જાગૃતી લાવવાનો છે.સંગ્રહાલયો વિવિધ સંસ્કૃતિઓ વચ્ચે સેતુ તરીકે કામ કરે છે, પરસ્પર સમજણ અને આદરને પ્રોત્સાહન આપે છે.

# ન્યાયાધીશના બંગલે ફરજ પરના હોમગાર્ડ જવાનો બાખડયાંઃ છ ફરજ મોકુફ

## ક્યુઆર સ્કેનરી હાજરી પુરવાનું બંધ નહી થાય ત્યાં સુધી નાઈટ રાઉન્ડમાં ફરજ બજાવવાની નથી તેમ કહી આચર્યુ કૃત્યુ

જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ક્યુઆર સ્કેનરમાં હાજરી પુરવાનો વિરોધ કરીને જજના બંગલે ફરજ પર ગયેલા બે હોમગાર્ડના જવાનોને તેની સાથેજ ફરજ બજાવતા હોમગાર્ડ જવાનોએ કાઠલો પકડી ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જે પૈકી ત્રણ આરોપીની પોલીસ દ્વારા અટકાયત કરાઈ છે, તેમજ તમામ ૬ હોમગાર્ડ જવાનોને ફરજ મોકુફ કરી દેવાયા છે.

જામનગર શહેરના સુભાષ માર્કેટ ગીરધારી મંદિર પાછળ ધોબી શેરીમાં રહેતા રાકેશભાઈ અમૃતલાલ વારા (ઉ.વ.૪૦) અને સાથી હોમગાર્ડ ના જવાન ધર્મેન્દ્ર મહેતા ગત તા.૧૬ના રોજ જજ ના બંગલે સુરક્ષા માટે ગયા હતા, ત્યારે આરોપી મનીષ દાઉદીયાએ ત્યાં જઈને કહેલું કે આજે નોકરી પર કેમ આવેલ છો, તેમ કહીને ધમકી આપી હતી.

જે બાદ બે વાગ્યે બન્ને હોમગાર્ડ જવાનો વિનુ માંકડના પુતળા પાસેથી નિકળતા આરોપીઓ મનીષ દાઉદીયા, હિરેન કુંભારાણા, ધર્મેન્દ્ર જેઠવા, જયેશ પી વારા, સોમીલ વારા અને બ્રિજેશ વારાએ રોકીને કહેલ કે, તમે અમને સાથ નથી આપ્યો તેમ કહ્યું હતું.અને જ્યાં સુધી ક્યુઆર સ્કેનરથી હાજરી પુરવાનું બંધ નહી થાય ત્યાં સુધી કોઈ હોમગાર્ડએ સીટી બી પોલીસ સ્ટેશનમાં નાઈટ રાઉન્ડમાં ફરજ બજાવવાની નથી અમે બધા નક્કી કરેલ છે, તેમ છતા તમે બન્ને ફરજ પર ગયેલ છો તેમ કહીને શર્ટનો કાઠલો પકડીને આજ પછી તુ જજ ના બંગલે નોકરી પર જઈશ તો ત્યાં જ જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસની ટીમેં તમામ છ આરોપીઓ સામે ગુનો નોંધ્યા બાદ ૬ પૈકીના ત્રણ આરોપીઓ હિરેન મનસુખભાઈ કુંભારાણા, બ્રિજેશ કિશોરભાઈ વારા, અને સોમીલ વારા ની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી છે. જ્યારે અન્ય ત્રણ ની શોધખોળ ચલાવાઈ રહી છે.

જેના સામે ફરિયાદ નોંધાઈ છે તે તમામ છ હોમગાર્ડ જવાનોને તાત્કાલિક અસરથી ફરજ મોકુક કરવામાં આવ્યા હોવાનું જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ ગીરીશભાઈ સરવૈયાએ જણાવ્યું છે.


# હાલાર પંથકના રેલવે સ્ટેશનની કાયાપલટ

## હાપા-કાનાલૂસ અને જાવણથલી સહિતના છ રેલવે સ્ટેશનનું વડાપ્રધાનના હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણ

અમૃત ભારત રેલવે સ્ટેશન યોજના અંતર્ગત રાજકોટ રેલવે ડિવિઝન હેઠળના જામનગર જિલ્લાના હાપા- કાનાલૂસ અને જામવણથલી સહિતના કુલ છ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ ની કામગીરી પૂર્ણ થઈ છે'' ત્યારે આગામી ૨૨ મી તારીખે સવારે ૯.૩૦ વાગ્યે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વીડિયો કોનફરન્સના માધ્યમથી લોકાર્પણ નો કાર્યક્રમ યોજાયો છે.

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રાજકોટ રેલવે ડિવિઝનના કુલ સત્તર રેલવે સ્ટેશનોનો પુનર્વિકાસ થઈ રહ્યો છે. જે પૈકી હાલમાં કુલ છ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા અને મીઠાપુર, તેમજ જામનગર જિલ્લાના કાનાલુસ, જામવણથલી અને હાપા, ઉપરાંત મોરબીનો સમાવેશ થાય છે.

આ તમામ રેલવે સ્ટેશનોનું વિડિયો કોન્ફરન્સના માધ્યમથી લોકાર્પણ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આગામી તા ૨૨.૫.૨૦૨૫ ના રોજ સવારે ૯.૩૦ વાગ્યે કરવામાં આવશે.



જામનગર જિલ્લાના રેલવે સ્ટેશનોની વાત કરવામાં આવે તો જામનગર નજીકના હાપા રેલવે સ્ટેશન, કાનાલુસ રેલવે સ્ટેશન અને ખાસ કરીને જામવણથલી રેલવે સ્ટેશન ના પુનઃ વિકાસની કામગીરી રેલ્વે તંત્ર દ્વારા પૂર્ણ કરી લેવામાં આવી છે, જેના લોકાર્પણ થવા જઈ રહ્યા છે.

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસાવવામાં આવી રહેલા ૧૩૦૦થી વધુ સ્ટેશનોમાં જે ૧૦૩ સ્ટેશન હમણાં જ બનીને તૈયાર થયા છે, આ સ્ટેશનો પર ભવ્ય પ્રવેશદ્વાર, આકર્ષક ફસાડ, હાઈ માસ્ટ લાઈટિંગ, આધુનિક પ્રતિક્ષાલય, ટિકિટ કાઉન્ટર, મોર્ડન ટોયલેટ અને દિવ્યાંગજનો માટે સુગમ રેમ્પ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. પ્લેટફોર્મ પર શેલ્ટર, કોચ ઈન્ડિકેશન સિસ્ટમ અને માહિતી માટે ડિજિટલ ડિસ્પ્લે લગાવવામાં આવ્યા છે. તમામ સુવિધાઓને દિવ્યાંગજન અનુકૂળ બનાવવામાં આવી છે. દરેક સ્ટેશન પર ગુજરાતની લોકકલા, સંસ્કૃતિ અને પરંપરાઓની ઝલક પણ જોવા મળી રહી છે.

તે સુનિશ્ચિત કરે છે કે સ્ટેશન બધા માટે આવકારદાયક છે.

પોતાના પુનરુત્થાન દ્વારા જામવણથલી રેલ્વે સ્ટેશન હવે વિચારશીલ વિકાસના પ્રતીક તરીકે ઊભું છે, જે આધુનિક મુસાફરીના ભવિષ્યને અપનાવીને પોતાની પરંપરાગત જડોનું સન્માન કરે છે. સુધારેલી સુવિધાઓ, એક તાજી સ્થાપત્ય ઓળખ અને સમાવેશકતા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે આ સ્ટેશન ગુજરાતના વિકસતા રેલવે પરિદ્રશ્યમાં પ્રગતિનું એક ગૌરવપૂર્ણ પ્રતીક બની ગયું છે.સ્ટેશનના પુનર્વિકાસનું એક મુખ્ય આકર્ષણ સ્ટેશન બિલ્ડિંગની અંદર એક અદ્યતન વાતાનુકૂલિત પ્રતિક્ષાલયની જોગવાઈ છે, જે મુસાફરો માટે શાંત અને આરામદાયક જગ્યા પ્રદાન કરે છે. નવા પ્રવેશદ્વારના નિર્માણ સાથે સ્ટેશનના આગળના ભાગને સંપૂર્ણપણે પુનર્જીવિત કરવામાં આવ્યો છે. આ માળખું માત્ર સ્ટેશનના દ્રશ્ય આકર્ષણને વધારે છે એટલું જ નહીં, પરંતુ મુસાફરોને સરળતાથી ચઢાવવા અને ઉતારવા માટે છાંયડાવાળી અને સુવ્યવસ્થિત વાહન લેન પ્રદાન કરીને એક વ્યવહારુ હેતુ પણ પૂરો પાડે છે. સુવ્યવસ્થિત પાર્કિંગ, સમર્પિત લેન અને રાહદારી માર્ગો સાથે, સ્ટેશન હવે મુસાફરો માટે વાહનોના સરળ પ્રવાહ અને સલામત પહોંચની સુવિધા પૂરી પાડે છે. આ સુધારાઓના પૂરક તરીકે સમગ્ર પરિસરમાં નવા સાઈનેજ લગાવવામાં આવ્યા છે, જે મુસાફરોને સ્પષ્ટતાથી માર્ગદર્શન આપે છે અને કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરે છે.

નવા ડિઝાઈનને સુગમતાને સૌથી આગળ રાખવામાં આવી છે. દિવ્યાંગજનોને અનુકૂળ માળખાકીય સુવિધાઓ, જેમાં સુગમ્ય સંકેતો અને બે પૈડાવાળા વાહનો માટે સમર્પિત પાર્કિંગ સ્થળોનો સમાવેશ થાય છે,

જામનગરથી લગભગ ૩૧ કિલોમીટર દૂર આવેલું જામવણથલી રેલ્વે સ્ટેશન લાંબા સમયથી ગુજરાતના રેલ્વે નેટવર્કમાં એક નાનું પરંતુ મહત્વપૂર્ણ સ્ટોપેજ તરીકે સેવા આપી રહ્યું છે. કૃષિ સમૃદ્ધિ માટે જાણીતા આ વિસ્તારમાં ઊંડે સુધી સમાયેલું આ સ્ટેશન હવે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ તેના વ્યાપક પરિવર્તન પછી એક નવી ઓળખ સાથે ઉભરી આવ્યું છે. પુનર્વિકાસનું કામ ૩ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે હાથ ધરવામાં આવ્યું છે, જેને સ્ટેશનની પ્રાદેશિક સુસંગતતા જાળવી રાખીને મુસાફરોની સુવિધાઓ અને માળખાકીય સુવિધાઓને સુધારવા માટે વિચારપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યું છે.અગાઉ મર્યાદિત મુસાફરોવાળું એક સાદું સ્ટોપેજ સ્થળ, જામવણથલી રેલ્વે સ્ટેશન, જેને હાલમાં એન.એસ.જી.-૫ કેટેગરીના સ્ટેશન તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે, હવે એક આધુનિક, સમાવિષ્ટ અને કાર્યક્ષમ પરિવહન કેન્દ્ર તરીકે ફરીથી કલ્પના કરવામાં આવ્યું છે. નવીનીકરણમાં આરામ, પહોંચ અને સૌંદર્ય શાસ્ત્ર પર સંપૂર્ણ ધ્યાન આપવામાં આવ્યું છે, જેથી તમામ મુસાફરો માટે એક બહેતર અનુભવ સુનિશ્ચિત કરી શકાય.

### અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત રાજકોટ ડિવિઝનના છ રેલવે સ્ટેશનનું આધુનિકરણ થયુંઃ ડી આર એમ

ભારતભરમાં અમૃત ભારત સેશન યોજના હાથ વધારવામાં આવી છે જેમાં લોકો માટે સુવિધાનો વધારો કરવા અને રેલવે સ્ટેશનને આધુનિક બનાવવા માટે આયોજન કરવામાં આવ્યું છે. હાલ ૧૦૩ રેલવે સ્ટેશનનું ૨૨ મે ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ના હસ્તે લોકાર્પણ કરવામાં આવનાર છે જેમાંથી છ રેલવે સ્ટેશન રાજકોટ ડિવિઝનમાં આવે છે જેમાં ઓખા , મીઠાપુર , હાપા , કાનાલુસ , જામવંથલી અને મોરબી સહિતના રેલ્વે સ્ટેશનનો સમાવેશ થાય છે. ત્યારે દરેક રેલવે સ્ટેશન માં જરૂરિયાતની તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. સાથે જ જે રેલવે સ્ટેશન પર હાઈટ વધારવાની હતી તે રેલવે સ્ટેશનની હાઈટ પણ વધારવામાં આવી છે સાથે મોર્ડન વેઈટિંગ હોલ તેમજ આવવા તથા જવા માટેનો રસ્તો અલગ કરવામાં આવ્યો છે જેથી મુસાફરોને તકલીફ ના પડે તેમજ રેલવે સ્ટેશન પર પાર્કિંગની સુવિધા પણ કરવામાં આવી છે.



### અમદાવાદમાં રૂ. ૧૫૯૩ કરોડના ૯૪ વિકાસ કામોના લોકાર્પણ - ખાતમુહૂર્ત વેળાએ ગૃહ મંત્રીનું નિવેદન


# 'ઓપરેશન સિંદુર'થી આતંકીઓના સફાયા સાથે પાક.ને ઉઘાડું પાડવાનું મોટું કામ થયું: અમિત શાહ

## ભારતની સેનાએ પાકિસ્તાની સરહદની ૧૦૦ કિમી અંદર જઈને આતંકીઓનો સફાયો કર્યો: ગૃહમંત્રી

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા અમિત શાહે પલ્લવ બ્રિજના લોકાર્પણ સહિત અમદાવાદ મહાનગરપાલિકા તેમજ ગાંધીનગર લોકસભા વિસ્તારમાં અંદાજે રૂ.૧૫૯૩ કરોડના ખર્ચે નિર્માણ પામનારાં કુલ ૯૪ પ્રજાલક્ષી વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું.

પહેલગામ આતંકી હુમલામાં જીવ ગુમાનારા નાગરિકોને શ્રદ્ધાંજલિ આપવાની સાથે સાથે કેન્દ્રીય મંત્રીએ આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપવા માટે ભારતીય સેનાને બિરદાવતાં કહ્યું હતું કે પહેલગામ હુમલા પછી વડાપ્રધાન નરેન્દ્રભાઈએ બિહારથી દેશની જનતાને કરેલો વાયદો પૂરો કર્યો અને ૯ જેટલા આતંકી અડ્ડાઓનો ખાતમો કરવામાં સફળતા મેળવી છે. પાકિસ્તાનની સરહદમાં ૧૦૦ કી.મી. ધુસી આતંકીનો સફાયો કર્યો.



કેન્દ્રીય મંત્રીએ આ અંગે વધુ જણાવ્યું કે ઓપરેશન સિંદૂર અંતર્ગત આતંકીઓના સફાયા ઉપરાંત પાકિસ્તાનને વિશ્વ સમક્ષ ઉઘાડું પાડવાનું પણ મોટું કામ થયું.

પાકિસ્તાનમાં આતંકવાદીઓના અડ્ડાઓ આવેલા છે અને એ જ આતંકવાદને ઉછેરે છે, એ બાબત આજે વિશ્વ સમક્ષ સ્પષ્ટ થઈ ચૂકી છે. ભારતીય સેનાઓના પરાક્રમ, સજ્જતા અને મારક ક્ષમતા ઉપરાંત વડાપ્રધાનની દૃઢ રાજકીય ઈચ્છાશક્તિને કારણે પાકિસ્તાનને જડબાતોડ જવાબ અપાયો છે. આજે વિશ્વના યુવાનો ભારત દ્વારા ભારતમાં જ બનેલી બ્રહ્મોસ મિસાઈલ અંગે જાણવા ઈન્ટરનેટ પર સર્ચ કરી રહ્યા છે,



અમિતભાઈએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાનએ રાષ્ટ્રજોગ સંબોધનમાં ત્રણ બાબતો સ્પષ્ટ કરી છે, સિંધુનું પાણી અને લોહી એક સાથે નહીં વહે, ટ્રેડ અને ટેટરિઝમ એક સાથે ન થઈ શકે તથા ભારત હવે માત્ર પીઓકે અને આતંકવાદના ખાતમા અંગે જ વાતચીત કરશે. વડાપ્રધાનની રાજકીય દૃઢ ઈચ્છાશક્તિ અને દેશની સેનાઓની વીરતા અને સજ્જતા, ગુપ્ત એજન્સીઓની સટિક જાણકારીના વખાણ આજે દેશની ૧૪૦ કરોડ જનતા કરી રહી છે.

ઓપરેશન સિંદૂર અંગે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે દેશમાં સુરક્ષા અને સીમાઓના રક્ષણ અંગે જ્યારે પણ ઈતિહાસ લખાશે ત્યારે ઓપરેશન સિંદૂર સુવર્ણ અક્ષરોમાં લખાશે. ઓપરેશન સિંદુર એ દેશની માતૃશક્તિને મળેલું સૌથી મોટું સન્માન છે. વડાપ્રધાનશ્રીએ છેલ્લાં ૧૧ વર્ષમાં આર્થિક ઉપરાંત સંરક્ષણ ક્ષેત્રે પણ મજબૂત પાયો નાખ્યો છે, એવું તેમણે ઉમેર્યું હતું.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આતંકવાદ, નક્સલવાદ અને દેશવિરોધી તત્વોને નાબૂદ કરવામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી અમિતભાઈ શાહનું નેતૃત્વ સુરક્ષા દળોનું મનોબળ સતત વધારી રહ્યું છે. દેશની સીમા પાર અને સીમાની અંદર આતંકવાદને જડબાતોડ જવાબ આપીને નાગરિકોની શાંતિ અને સલામતી સુનિશ્ચિત કરી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ઓપરેશન સિંદૂરની સફળતાના સેનાના આ શોર્યસભર પરાક્રમથી દેશવાસીઓમાં રાષ્ટ્રહિત પ્રથમની પ્રબળ ભાવના જાગી છે અને તિરંગાની શાન પણ વધી છે.

# રવિવાર સુધી 'માવઠું' વરસશે: આજે ૨૦ જિલ્લામાં કમોસમી વરસાદની શકયતા

### સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ પડશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજયભરમાં રવિવારે એકપણ તાલુકામાં કમોસમી વરસાદ પડયો ન હતો. રાજયના ત્રણ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. અરબી સમુદ્રમાં નવી સિસ્ટમ સક્રિય થવાના કારણે રાજયમાં આગામી ૨૪મી સુધી કમોસમી વરસાદ વરસતો રહેશે આજે રાજયના ૨૦ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ પડવાની શકયતા વ્યકત કરવામાં આવી છે.

રાજયમાં છેલ્લા એક સપ્તાહથી સતત કમોસમી વરસાદ પડતો હતો. દરમિયાન રવિવારે રાજયમાં માવઠાએ વિરામ લીધો હોય તેમ એક પણ તાલુકામાં વરસાદ પડયો ન હતો. અરબી સમુદ્રમાં નવી સિસ્ટમ સક્રિય થવા પામી છે. આ ઉપરાંત પ્રિ મોનસુન એકિટવીટી પણ શરુ થઈ જવા પામી છે. જેની અસર તળે આગામી રવિવારે સુધી રાજયમાં કમોસમી વરસાદ વરસતો રહેશે સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષીણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ પડશે.

આજે ગીર સોમનાથ સાંબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, ખેડા, વડોદરા, દાહોદ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ સહિત ૨૦ જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે.

રવિવારના દિવસે આકાશમાંથી જળ વર્ષા થઈ ન હતી પરંતુ અગ્નિ વર્ષા ચોકકસ થવા પામી હતી. રાજયના ત્રણ શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. સુરેન્દ્રનગર ૪૧.૫ ડિગ્રી સાથે રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૪૦.૧ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૦ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૯ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૪ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૨.૪ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૪.૨ ડિગ્રી, કેશોદનું તાપમાન ૩૬.૨ ડિગ્રી, અમદાવાદનું તાપમાન ૩૯.૫ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૮.૩ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૮.૭ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું

(અનુ. આઠમા પાને)




# જીપીએસસીની ભરતીમાં ઈન્ટરવ્યુનો ભારાંક ૫૦ ટકાથી ઘટાડી ૧૦ ટકા કરો

### કોંગ્રેસના પ્રદેશ પ્રવકતા ડો. મનીષ દોશીની માંગણી

**અબતક, રાજકોટ**

જીપીએસસીની વર્ગ ૧/૨ ની પ્રોફેશનલ ટેક્નિકલ સંવર્ગની ભરતીઓમાં ઈન્ટરવ્યૂનો માતબર ૫૦% નો ભારાંક ઘટાડી પારદર્શિતા લાવવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું કે ગુજરાત જાહેર સેવા આયોગ તો વર્ષોથી બચાવ કરે છે કે ચિઠ્ઠી ખેંચીને અને કોડ નંબરથી ઈન્ટરવ્યૂ રૂમમાં ઉમેદવારે જવાનું એટલે ઉમેદવારની ઓળખ છુપાઈ જાય છે. ડ્રગ્સ ઈન્સ્પેક્ટરના ઈન્ટરવ્યૂ રદ થતાની સાથે જ આ તર્કહિન દલીલનો છેદ ઉડી ગયો છે.ઈન્ટરવ્યૂ ભારાંક ૧૦% કરવો જોઈએ.

તાજેતરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ડ્રગ્સ ઈન્સ્પેક્ટરની ભરતીમાં ઈન્ટરવ્યૂ લેવાયા હતા. ભરતીના ઈન્ટરવ્યૂ શરૂ થયાના બે દિવસ પૂર્વે જ તેમની પાસે જે ઉમેદવાર જીપીએસસીના ડ્રગ્સ ઈન્સ્પેક્ટરના ઈન્ટરવ્યૂમાં બેસનાર હોય તેમના જ મોક ઈન્ટરવ્યૂ લીધા તથા માર્ગદર્શન આપેલ હોય જેની જીપીએસસીને જાણ થતા પરિણામ પર ૫૦% ઈન્ટરવ્યૂ ભારાંકની



ગંભીર અસરો ના થાય તેને લક્ષમાં લેતા યોજાઈ ગયેલ ઈન્ટરવ્યૂ રદ કરેલ.આવા ભૂતકાળમાં ઘણા કિસ્સા જોવા મળ્યા છે પરંતુ આજદિન સુધીમાં પ્રજા સમક્ષ આવે તે પહેલા સમગ્ર કાંડને દબાવી દેવામાં આવે છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા થોડા સમય પૂર્વે જ જીપીએસસી ના ૫૦% ઈન્ટરવ્યૂ ભારાંકના મૂલ્યાંકન માં

(અનુ. આઠમા પાને)

# શિક્ષકો દ્વારા બ્લેકમેલિંગથી કરાવાતા ટયુશનના ન્યુસન્સને અટકાવવા 'કયુઆર' કોડનું લોચિંગ

### એફએએ દ્વારા ટાસ્ક ફોર્સની રચના કરાશે: વાલીઓને સાથે રાખી જનતા રેડ કરાશે

**અબતક, રાજકોટ**

શાળાના શિક્ષકો દ્વારા બ્લેકમેલિંગથી કરાતા ટ્યુશનની બદી દૂર કરવા કયુઆર કોડ લોન્ચ કરવામાં આવ્યો છે.

લિંક દ્વારા અથવા કયુઆર કોડ સ્કેન કરીને ગુજરાતના વાલી અને વિદ્યાર્થીઓ પોતાની ઓળખ છુપી રાખીને ટ્યુશનીયા શિક્ષકો અને ડે સ્કૂલની માહિતી આપી શકશે.

ફેડરેશન ઓફ એકેડમિક એસોસિએશનના પ્રમુખ હેમાંગ રાવલે આ અંગે જણાવ્યું હતું કે ફેડરેશન ઓફ એકેડમિક એસોસિએશનએ ગુજરાતની

(અનુ. આઠમા પાને)

